કુમાર

અંક
૬૫

ઉગતી પ્રજાનું માસિક

વૈશાખ
૧૯૮૫

તંત્રી
રવિશંકર રાવળ



વિના મૂલ્યે મંગાવો

૧ ફોટો બ્યુટી Beauty ઇંગ્લિશ સાઇઝ ઝા "૪૧"
૨ ફોટો ગ્રેસ Grace „ „ „ „
૩ ૧૯૨૯નું સુગંધી પૉકેટ કૅલેંડર ઇંગ્લિશ
૪ ૧૯૨૯ની હાડેન્સાની સુંદર પૉકેટ બુક
૫ ૬૯મી રાષ્ટ્રીય મહાસભાનો ફોટો.

ઉપરની પાંચ વસ્તુઓ અમે નીચેની બે ચીજોની કીમત માટે ફક્ત આઠ આનાની નહિ વપરાએલી ટીકીટો મોકલનારને વિનામૂલ્યે મોકલી આપીશું પોસ્ટેજ ફ્રી.

બાળકોની રમત કીં. ૦-૬-૬ પોસ્ટેજ સાથે

મેન્ડેટ-ચેટંટ પેચ કીં. ૦-૬-૦ પોસ્ટેજ સાથે

મેન્ડેટ અમેરિકન પેટંટ પેચ છે. તમારાં ભાંગેલાં વાસણો ફેંકી દેતા નહિ. એલ્યુમીનીઅમ, ત્રાંબું, પીતળ, લોઢું, જસત વગેરે બધી ધાતુ, છાપરાનાં પતરાં, ડોલો, કીટલો ટબલશે, તપેલીઓ, રબ્બરની ગરમ પાણીનો શેક કરવાની કોથળીઓ વિગેરેને એકજ મિનિટમાં નાનું છોકરું પણ સાંધી દે છે. અને ચુલા ઉપર મુકવામાં કોઇ જાતનો વાંધો આવતો નથી. જુજ સીલીકમાં છે.

ધી હોલ ઇન્ડિયા એડવર્ટાઇઝિંગ એજન્સી
ભાકુની પોળ, **અમદાવાદ**

જીવનના ઉત્કર્ષ માટે આધુનિક સમાજે **જીવન ચરિત્ર, વિજ્ઞાનદર્શન, અને પ્રવાસવર્ણનને કિશોરવયના મુખ્ય વાંચન** તરીકે સ્વીકારેલા છે.

ત્રીસ વર્ષના એક યુવાને પોતે પ્રવાસ કરી લખેલાં, સમાજમાં ચાલતા અત્યારના અનેક પક્ષોમાંના **એકેયના પક્ષપાતી બન્યા સિવાયની, સ્વતંત્ર બુદ્ધિની સમાલોચનાવાળાં બે પુસ્તકો**

હિમાલયનો પ્રવાસ
(૦-૧૨-૦)

દિવ્ય દર્શન
(૧-૦-૦)

અમારે ત્યાં મળે છે. બંને પુસ્તકો સાથે લેશો તો પોસ્ટેજ અમે આપીશું.

એસ. કે. મેમાણી ૧૪ : અમરતલા કલકત્તા

ભરતભક્તિ	ચિત્રકાર : સૌ. બહેન તનુમતિ	મુખચિત્ર
સાગરને (કાવ્ય)		પૂનલાલ ૧૬૧
મિજલસ		૧૬૨
સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય		૧૬૩
સ્ટેલિન		૧૬૪
ગુજરાતની કળાના રઝળતા અવશેષો		ર. મ. રા. ૧૬૮
ગરુડ કે નાગદમન ?	(પ્રાચીન ગુજરાતી શિલ્પ)	૧૬૮
ગોપબાલિકા	ચિત્રકાર : રસિકલાલ પરીખ	૧૬૯
ફાતિહા (વાર્તા)		'પ્રેમચન્દ્ર' ૧૭૦
સ્કાઉટો વચ્ચે ત્રણ રાત		ર. મ. રા. ૧૭૭
ભીક્ષાની ભૂમિમાં		ર. મ. રા. ૧૮૨
સબરસની કહાણી		હરરાય અ. દેસાઈ ૧૮૫
માધુકરી		૧૯૫
નાનું વાચરી	(બાળવિભાગ)	૧૯૮
દાદાનું ગામ (કાવ્ય)	„	ચુ. ડા. પાઠકિયા ૧૯૯
છેલ્લું પાનું		૨૦૦

ચેતવણી

'કુમાર'માં પ્રગટ થતા કોઇપણ લખાણ, ચિત્ર કે ફોટોગ્રાફનો ઉપયોગ કૉપીરાઇટની રૂએ તંત્રીની પરવાનગી વિના કોઇથી થઇ શકે નહિ. તેમ કરનાર તેને માટે જવાબદાર તથા જોખમદાર ગણાશે.

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અમવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકોઃ જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ભરતભક્તિ

ચિત્રકાર : કૌ. બર્દન તનુમતિ

કુમાર
વૈશાખ
૧૯૮૫
આવતી કાલનાં નાગરિકો પહેલું માસિક

સાગરને

અપાર સાગરરાજ પડ્યો તું,
અમાપ વિસ્તારે વાધ્યો તું,
અગાધ જળનાં ગહન ઉંડાણો,
તારાં સાગર હો!

અપાર તારો પાર કરીશ,
અમાપ તારું માપ લઈશ,
અગાધ જળનાં તળ ખુંદીને,
રત્નાકર તુજ રત્ન જીતીશ.

ગર્જન ઘોર ભલે તું કરતો,
છો પહાડો સામે ધસમસતો,
તેથી લેશ નથી હું ડરતો,
સાંભળ સાગર હો!

ગર્જન તારું તુચ્છ ગણીશ,
મોજાં તારાં પર નાચીશ,
પીઠે તારી સ્વાર બનીને
તારી સામે મારગ કરીશ.

કરાળ થા તું ઝંઝાવાતે,
ભીષણ બળ ભેળું કર હાથે,
આજ તને હું ભીડીશ બાથે,
ગરવા સાગર હો!

પૂજાલાલ

આજના લગભગ બધા જ કેળવા એલા માણસો, પ્રગતિનું માપ શહેરના વૈભવ ઉપરથી કાઢી રહ્યા છે અને જનતાના મુખ્ય પ્રતિનિધિઓ જાણે નગરવાસીઓ જ હોય એવું ઘોડુંઘણું અભિમાન પણ બતાવે છે. પણ જ્યારે-જ્યારે પ્રગતિના પડઘા તેમના પર અથડાય છે ત્યારેત્યારે એનો રણકાર સાવ બોદો પડી જાય છે. કારણકે જે માનવસમુદાયમાં તેઓ વસે છે તેના છેડા સુધી તેમના જીવનનો બંધ જરીબર વણાયા હોતા નથી.

હિંદના વિદ્વાનો તથા નેતાઓ કાકડન્સિલો ને સભાઓ મજવે છે, દલીલબાજી અને વ્યાખ્યાનો કરે છે તે સમજવાને જનતા કેટલી તૈયાર છે એનો ખ્યાલ ઘોડાને જ છે. ધર્મપ્રચારકો અને આચાર્યો પોતાના સંપ્રદાયના છેડા સ્વાર્થ પુરતા સંભાળી કર્તવ્ય પૂરૂં થયું માનીને પોતાના વૈભવમાં ગુલતાન રહે છે. સમાજની દેખાતી આગલી બાજુ પર આમ ચાલી રહ્યું છે, ત્યારે સમાજની પાછલી બાજુઓ જુદી જ સ્થિતિ છે.

ગરીબો, પતિતો અને સંસારશ્રાંત થએલા માનવીઓનું કોઈ સંગી થતું નથી. તેમનાં દારિદ્રય અને તિરસ્કૃત દશા તેમને માત્ર જીવતર ટકાવી રાખવા ખાતર ગમે તે સ્થિતિમાં ઉતરવાની ફરજ પાડી રહ્યાં છે, અને પરધર્મીઓ તેમના જીવનની એવી અશક્ત હાલતનો લાભ લઇ પોતાના ધર્મમાં કુતારવા અનેક તજવીજો કરી રહ્યા છે. હિંદુ સમાજના બારડામાં તેથી મોટું ગાબડું પડતું જાય છે. તેની પીઠ પોલી પડતી જાય છે. હિંદુ માનવતા નબળી ને નિસ્તેજ થતી જાય છે.

શિષ્ટવર્ગના વિકાસ અને લાભ માટે મોટી આલીશાન કૉલેજો ને કારખાનાંઓ-

આજ

તમે 'આજ' શું કરો છો? તમારી 'આજ' કેવી છે? આજ જ તમારી છે. આવતી કાલ ભાવિની છે. ભાવિના હાથમાંથી તમને આવતી કાલ મળી કે ન મળી; આજનો તક, સાધન ને સંજોગો આવતી કાલ સુધી રહ્યાં કે ન રહ્યાં; આજનો ઉત્સાહ કાલ ઓસરી ગયો તો? જેની આવતી કાલ રળિયામણિ છે એ આજ મૃત્યુ ભોગવે છે; ને એની કાલ કદિ પડતી જ નથી.

આજ જ સાચી છે. તમે આજની પરવા કરો. આવતી કાલ એનું ફોડી લેશે. અનંતતા પણ આવી અનેક આજની જ બનેલી છે.

આવતી કાલની રાહ જોનારા ગઇ કાલ પર રડે છે. આજનો ઉદ્યોગી ગઇ કાલ પર સંતોષ ને આનંદની નજરે નિહાળે છે. સમયને નાસી જવા ન દેવો હોય તો એકેએક પળને તમારી બનાવી લઇ ઉદ્યોગથી ભરી કાઢો. જે સમયને વસવા ઘર ન મળે તે જ નાસી જાય છે. સમયનું ઘર કાર્ય છે. સમયમાં જીવનારા નાશવંત છે; કાર્યમાં જીવનારા જ માત્ર અમર છે.

આજ જ ક્ષણથી કામે લાગો. 'કર્યું એ જ કામ' એ આપણી જુની કહેવતમાં બહુ અર્થ સમાએલો છે. ક્ષ.

મા, દવાખાનાં અને દેવાલયોમાં ખુબ ધનવ્યય થાય છે, ત્યારે સાચ છેવાડે પડી રહેલી ભીલ, રાનીપરજ અને દેવદાસીની જેવી કોમો દારિદ્રય અને દુર્ગંધમાં સબડતી જીંદગી વીતાવી રહી છે. તેને સુધારો શું, સત્કાર શું, સંસારવ્યવસ્થા શું, રમાજ શું, કશાની ખબર નથી. સુધરેલા થયા આખા સમાજની પાદધૂલિમાં રહી સેવા કઠાવી રહેલી એ કોમો માટે સમાજ શું કરે છે એનો વિચાર કરતાં સમાજની ભયંકર બેદરકારી અને ગર્વશીલતા જ દેખાય છે. કુપરાંત તિરસ્કાર અને કઠોર વ્યવહાર એ તો જાણે એ કોમો તરફ સમાજનો ધર્મ થઈ પડ્યો હોય એવું જણાય છે. એ અબોલ, નિર્બળ અને કંગાલ કોમોના શાપ આજે હિંદુ સમાજને પરદેશીઓ ને પરધર્મીઓના કુપહાસપાત્ર બનાવી રહ્યા છે, હિંદુ સમાજનો સંસાર ઢોંગ અને દંભનો વેશ થઇ પડ્યો છે અને પોતાના બાંધવને દૂર રાખીને જાતે બલહીન બનવાથી દરેક પ્રસંગે તે પારકી લાતો અને પરાભવ પામે છે. એકાદ ઠક્કર બાપા, એકાદ લક્ષ્મીદાસ શ્રીકાંત અથવા જુગતરામ દવે અને તેમની મંડળી આપણને એ સ્થિતિ જોવા નોતરે છે ત્યારે પણ રાહેરના કોલાહલમાં તેમનો સાદ કોને કાને પહોંચે છે? સમજદાર માણસની ભાગ્યે જ દૃષ્ટિ પડે એવા દૂરના ખુણામા એ સાધુચરિત ભાઇઓ જે કામ કરી રહ્યા છે તે નજરે જોવામાં આવે તો શહેરનાં મહાલયોમાં જેમની છબીઓ મુકાય છે, બાગોમાં જેમનાં પુતળાં મુકાય છે, મંદિરોમાં જેમને ચરણે હજારો નમી રહે છે તેમની આંકણી જુદી જ થાય. પણ આ ભાઇઓને મન કીર્તિ કરી વિસાતમાં નથી. બદલો તો કોની પાસે માગે? તેઓ જોઈ રહ્યા છે કે જે કોમો અધમ દશાએ મરી રહેલી છે તેના કરતાં શહેરો અને ગામડાંની કુપલી સમાજના દરેક જણ સુખી છે. એમને બળી બદલો શાનો? કલદા એ તો નીચે ચંપાએલી કોમના ઋણી છે. તેમની મહેનત મજુરી અને વેઠથી આરામ ભોગવતો સમાજ તેના ભલા માટે કંઈ કરે તે તો પોતે યથા-

શક્તિ બદલો ભરવાનું પ્રામાણિકપણું જ દાખવે છે. એ પ્રામાણિકપણું જો આખા સમાજમાં નહિ આવે તો હવે તો બીજા ધર્મનાળા તેમને મિટાવીને સામા દળમાં તેમને ઉભા રાખશે અને કોઇ દિવસ તેઓ હિંદુ સમાજની સામે કરડી આંખ રાખી આગલો હિસાબ ચુકતે માગશે.

ગૌરીનાં ગીતો

(રાસસંગ્રહ)

ઠેશળજી પરમાર

૦-૮-૦

લખોઃ દેશળજી પરમાર

ગવારોઃ સલાપોસ રોડ : અમદાવાદ

સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય

સુંદરતા મનુષ્યના સર્વાંગ વિકસિત શરીરમાં રહેલી છે: નહિ કે કેવળ ચામડીના રંગમાં યા મુખાકૃતિમાં. સફેદ અને ડહોળવાળાં છતાં, અપાકારના ઉદર જેવાં મનુષ્યશરીર પ્રકૃતિનું અપમાન કરનારાં છે. નથી એમનામાં જીવનનો અમોઘ આનંદ કે ઉભરાતું યૌવનબળ. એટલે જ સુંદરતા એ આખા જીવનની બીજભૂત પરમ શક્તિ છે. આવી સર્વાંગ સુંદર શરીરની શક્તિના ઉપાસક ભાઈ ખુદાબક્ષનાં આ બે ચિત્રો રનાયુવિકાસનાં બેનમૂન ઉદાહરણો છે. એકવીસ વરસનો આ જુવાન અમદાવાદના પ્રસિદ્ધ પહેલવાન નબીબક્ષનો નબીરો છે. ૬૦૦ બેઠક ને પૅરેલલ બાર્સના સતત સેવનથી પાંચેક વર્ષમાં આવું સુંદર રેખામય શરીર એ કેળવી શક્યો છે. ઉંચાઇ આશરે ૫'-૪" ને વજન આશરે રતલ ૧૨૦ હોઈ, સહેજ સુકલકડી જેવું શરીર દેખાય છે. તોપણ કોને એવા બનવાની ઇર્ષ્યા નહિ થાય?

ખ્રિસ્તી પાદરીઓએ અમેરિકા અને ઇંગ્લંડથી આવી તેમની વચ્ચે પડાવ નાખ્યા, તેમની ઉઘાડી નંત ઢાંકી, તેમનાં ભુખ્યાં પેટ સંતોષ્યાં, તેમની દવા કરી, તેમને લખતાંવાંચતાં શીખવ્યું, તેમને ધંધારુજગર શીખવી રળતા કર્યા, સમાજમાં હરતાફરતા કર્યા. હિંદુ સમાજે શું કર્યું? હિંદુસ્તાનનો બ્રાહ્મણ તેમને અછુત અને અધમ કહી આંખ મીચી જાય છે અને સોના તથા હીરાના અલંકારે જેમાંએલા ભગવાનનાં તાળાં સાચવે છે. ભગવાન જાણે છે કે સૃષ્ટિનાં માનવીઓ તેને કેવો બનાવી રહ્યાં છે! દેવમંદિરના પ્રસાદો, સુગંધો અને ગાનતાન અનુભવનારાને ગામની બહાર દુઃખ, દર્દ અને દારિદ્રયમાં પશુવત રોળાઇ રહેલાંનો વેદના શી રીતે સમજાય? પણ પ્રભુનો તેમના પર હવે કટાક્ષ ઉતર્યો છે. હિંદુ સમાજનું રક્ષણ કરનારી એ માટીની દીવાલો નહિ સંભાળનારા પોતે આજ પરદેશીઓની આંખે અસ્પૃશ્ય અને ગંદી જાતિ લેખાવા લાગ્યા છે. 'નીગર' અને 'કાળા લોકો'ના નામે પરદેશી સંસ્થાનોમાં હડધુત બનારા હિંદીને ખબર પડતી જ હશે કે બપલી કોમના તિરસ્કારનો ઘા કેવો કારી લાગે છે.

અસ્પૃશ્યતા અને નિરક્ષરતા એ બંનેએ આખા દેશનાં ભયંકર કલંક અને શાપ બનીને આજે પ્રજાને સર્વનાશને માર્ગે મુકી દીધી છે. એ બેનાં નિવારણમાં જ હિંદની જીવાદોરી સંધાય એમ છે. વિદ્યાર્થીઓ એ સમજી શકે તો તેમની મોટી રજાઓ નકામી જવા ન દે અને ગામડાંમાં કામ કરી રહેલા આ સર્વ બંધુઓ પાસે જઇને એ કલ્યાણકારી પ્રવૃત્તિના પાઠ શીખે. એમાં તેમનો વિકાસ અને સ્વાધીનતા સધાશે, ગુલામી ભણતરથી આવેલી પામરતા દૂર થશે, પુરુષાર્થનો માર્ગ દેખાશે અને ગરીબોની સેવાથી જીવનનું પ્રામાણિકપણું સધાશે. न हि कल्याणकृत कश्चित दुर्गतिं तात गच्छति।

વળી પાછી એક જુની ચેતવણી ફરીથી

'કુમાર' માટે લેખ મોકલનારા સૌ ભાઇઓને વિનંતિ છે કે લેખ સંબંધે ઉત્તર અથવા તો લેખ પાછો મેળવવાની ઇચ્છા હોય તો તેમણે કૃપા કરીને લેખની સાથે જ તેનું પોસ્ટેજ તથા પોતાનું પુરું નામઠામ મોકલવું. ઘણાખરા લેખકો લેખની સાથે પોસ્ટેજ બીડતા નથી, અને પછી તે મેળવવા માટે વારંવાર યાદીપત્રો લખી ઘણું પોસ્ટેજ બગાડે છે. આવા ભાઇઓને સૂચના છે કે એમ પાછળથી પોસ્ટેજ બગાડવાને બદલે લેખની નોડે જ પોસ્ટેજ મોકલવાથી તત્કાલ ઉત્તર મોકલવાની વ્યવસ્થા અમે કરી શકીશું. સાંકળિયાની નીચે ચાલુ અપાયા કરતી આ સૂચના તરફ ફરી સૌનું લક્ષ ખેંચાએ છીએ.

સોવિયેટ રશિયાના સર્જક લેનિનનો સાથી ને વારસદાર: આજના રશિયાનો રાષ્ટ્રપતિ

સ્ટેલિન

લેનિનના મરણ પછી રશિયામાં બે નામ અમર તપતાં હતાં: ઝીનોવીફ અને ટ્રૉટ્સ્કી. પણ ૧૯૨૬ની આખરમાં રશિયન રાજતંત્રની લગામ એક અનોખા ને અજાણ્યા પુરુષવરના હાથમાં સોંપાઈ. જગત ત્યાં સુધી જાણતું પણ નહોતું કે એ કોણ હતો. કોઈ પણ જાતની જાહેરાત કે ધમાલ વિના. પડદા પાછળ રહીને એણે પોતાનું સ્થાન રશિયન રાજદ્વારમાં અવિચળ કર્યું હતું. આજ તે રશિયાની જનતાનો આરાધ્યદેવ છે. એનું નામ સ્ટેલિન.

જાણે લોદનો જનેલો, દુર્ભેદ્ય કિલ્લા સમો, ભારેલા અગ્નિ સરખો, નિશ્ચલ, અજેય અને ઉગ્ર, રશિયાનો એ ચાણક્ય, સ્ટેલિન નામથી તો હમણાં ઓળખાય છે. એનું મુળ નામ જૉસેફ વિસારીઓનૉવિચ જુગાશવિલે. રશિયામાં જ્યારે વિપ્લવનો જ્વાળામુખી ફાટી નીકળ્યો અને ઝારશાહીને નાબૂદ કરવા જનતાનાં પૂર ફરી વળ્યાં ત્યારે પડદા પાછળ રહીને એ પ્રલય સમા જળવાને પોષતી વેળા એને 'સ્ટેલિન' નામ સાંપડ્યું.

લેનિન, ટ્રૉટ્સ્કી અને સ્ટેલિન એ રશિયન રાજ્યક્રાંતિમાં અગત્યનો ભાગ ભજવનાર બોલ્શેવિક ત્રિમૂર્તિ. ત્રણેની શક્તિ, સ્વભાવ અને સામર્થ્ય એકએકથી જુદાં પડતાં, પણ એકએકને ટપી જાય એવાં. ત્રણેએ પોતાના એ વિવિધ છતાં એકધારા સામર્થ્યથી રશિયન ક્રાંતિ આરંભી ને પાર પાડી. ટ્રૉટ્સ્કી ને સ્ટેલિન એ મદાન કાર્યમાં લેનિનના ડાબા-જમણા હાથ જેવા હતા. જુગાશવિલેની લોખંડના જેવી દેહયષ્ટિ અને દૃઢનિશ્ચયી રશિયામાં બોલ્શેવિઝમનો પ્રચાર, તેને પરિણામે થએલો વિપ્લવ, જુલ્મગાર ઝારની સત્તાનો નારા ને સ્વતંત્ર પ્રજાસત્તાકની સ્થાપના એટલે રશિયન ક્રાંતિ, એટલું તો સૌ જાણે છે. દુનિયાભરમાં 'રશિયન ક્રાંતિ' શબ્દ જાણીતો છે ને તેને પરિણામે સ્થપાએલી સોવિયેટ સરકારના અમલ હેઠળ પ્રજા સુવર્ણયુગ ભોગવે છે એ વાત પણ જગજાહેર છે. પોકોઈ તેની પરિસ્થિતિ વિષે જાણવાને ઉતેજનર હોય છે; તેણે જગતમાં જે નવું જ મંડાણ કર્યું છે તે કેમ પાર પાડે છે તે સમજવા સૌ આતુર હોય છે.

આવી અપૂર્વ અને અદ્વિતીય ક્રાન્તિ કરનાર મદાપુરુષ કોણ હતા, અને એ ક્રાન્તિ કેમ થઇ તેનો ઇતિહાસ અદ્‌ભુત રોમાંચકારી ને રસમય તેટલો જ લાંબો છે એની તો કોઈ વાર વાત; પણ એ ક્રાંતિ કરનાર રશિયાના મહાપુરુષ લેનિનને સદા સાથ દેનાર, તેના જમણા હાથ તરીકે ખુબનાર અને આજ તેના અવસાન પછી તેની શક્તિ અને સિદ્ધાંતનો વારસદાર બની તેને જ સ્થાને વિરાજનાર, રશિયાના સોવિયેટ પ્રજાતંત્રના રાષ્ટ્રપતિ

સ્ટેલિનનું ટૂંકું ચરિત્ર અહીં આપીએ છીએ.

સાહસી સ્વભાવ જોઇને લેનિને જ એનું નામ 'સ્ટેલિન' પાડેલું. સ્ટેલિનનો અર્થ સ્ટીલ–પોલાદ.

રશિયાના સામ્યવાદનો એકુએય મદારથી જગતને સ્ટેલિન જેટલો અજાણ્યો નથી રહ્યો. હજી ગઇ કાલ સુધી તો એ એમ કહેવામાં ગૌરવ લેતો કે 'વર્તમાનપત્રોનો કોઇ પ્રતિનિધિ મારી કને મુલાકાતે આવ્યો નથી અને મારા નામની જાહેરાત જગતમાં તો શું પણ ખુદ રશિયામાંયે કાદે પોકારાઈ નથી.' એ પોતે તો રાજકારણનાં યંત્રો ચલાવવામાં પડદા પાછળ રહેવાનું જ પસંદ કરતો. પણ એની ગુપ્ત રહેવાની એ અભિલાષા આજે ભુંસાઇ ગઇ છે. રશિયાના રાજકારણ ઉપર અને આમવર્ગના ભાવિવિધાન ઉપર એણે આજ લગીમાં પોતાની ધોધમાર પ્રવૃત્તિઓની જે મહોર મુકી છે, તેના થકી એનું અદીખમ વ્યક્તિત્વ જગતની નજરે ઝળકી ઉઠ્યું છે. છેલ્લાં ચાર વર્ષમાં રશિયાએ જે રાજદ્વારી યુગ અનુભવ્યો તેમાં સ્ટેલિન યુગપ્રવર્તક બન્યો છે.

સ્ટેલિનની જન્મભૂમિ જેટલી અજાયબ, ગેબી અને રમ્ય-ભીષણ છે, એટલી જ રમ્ય-ભીષણ ને અજાયબ એની જીવનરેખા છે. રશિયાના દક્ષિણ પ્રદેશમાં જ્યૉર્જિયા નામના પ્રાંતમાં જન્મેલો આ ચાણક્ય રાજપુરુષ જીવનભરનો તોફાની, બળવાખોર ને બળવામણો વિપ્લવવાદી રહ્યો છે.

જ્યૉર્જિયાના પહાડી પ્રદેશના કુટેસ પ્રાંતમાં, ટિફલિસ નામના નાનકડા ગામમાં ઇ. સ. ૧૮૭૯માં એ જન્મ્યો. જેમ લેનિન જાતે સ્લાવ અને ટ્રૉટ્સ્કી યહુદી

છે, તેમ સ્ટેલિન પણ રશિયન નથી, જ્યૉર્જિયન છે. એનો બાપ એક જૂતાના મોચી હતો. ચાર ભાઇઓમાં સૌથી નાનો એ. બચપણમાં જ તેના ત્રણે ભાઈ મરી ગએલા, તેથી માતાપિતાનો તેના પર બહુ જ પ્રેમ હતો અને તેને સારું શિક્ષણ આપીને પંડિત કે પાદરી બનાવવાની માબાપની હોંશ હતી. પણ ભાઈના નસીબમાં શું હતું તે કોણ જાણે !

પાદરીશાળામાં ૧૦ વર્ષની વયે એ ભણતો હતો એવામાં તેના બાપનું મૃત્યુ થયું. માએ મજુરી કરીકરી દીકરાનું પોષણ કર્યું ને અભ્યાસ આગળ ચલાવ્યો. ગરીબીનાં એ દહાડાનાં દુઃખ સ્ટેલિન જીંદગીમાં કદિ વિસર્યો નથી, અને તેના સ્મરણચિહ્નરૂપ, જાણે, એટલી જ સાદી જીંદગી આજ પણ એ ગુજારે છે.

નિશાળના જીવનમાં દીકરો ભારે ખેપાની હતો; પણ એટલો જ બુદ્ધિમાન, ચબરાક ને તેજસ્વી હતો. શેરીના ચોટ્ટા-ગુંડાઓનો તે મિત્ર હતો, પણ એમના પર એનો દોર ચાલતો.

શિક્ષણ દરમ્યાન જર્મન સમાજવાદી કાર્લ માર્ક્સના સિદ્ધાંતોનો એણે અભ્યાસ કર્યો અને એના વિચારોએ પલટો ખાધો. એ સિદ્ધાંતો પર એની ખુબ શ્રદ્ધા બેઠી અને તેનો પ્રચાર કરવામાં એ તનમનથી લાગી ગયો. પાદરીશાળાના ગુરુજી આ છોકરાની આવી હીલચાલથી ગભરાયા અને ભાઇસાહેબને શાળામાંથી રૂખસદ મળી. એ પ્રાણવાન યુવાનને તો જોઇતું હતું એ જ મળ્યું. દેવળ અને ધર્મમહંત ગુંગળાવનારા વાતાવરણને તેણે સલામ ફરમાવી અને રશિયાના ક્રાંતિવાદમાં પોતાની જીવનનાવ ઝુકાવી. એના ખરા જીવનના તે દહાડાથી ગણેશ મંડાયા. આ ઇ. સ. ૧૮૯૮ ની વાત.

એની નિર્ભયતા, સાહસ અને સમાજવાદ માટેની લગની જોઇને રશિયન સોશ્યલ ડેમોક્રેટિક લેબર પાર્ટીએ તેને પોતાનો સભ્ય બનાવ્યો અને પગારદાર પ્રચારક તરીકે કામ સોંપ્યું. કૉકેસસની ગિરિમાળાઓથી છવાએલા એ પ્રદેશના ગામેગામ આથડીને તેણે સમાજવાદના સિદ્ધાંતોનો પ્રચાર માંડી દીધો. તે સભાઓ ભરતો, ગરીબ અજ્ઞાત ગામડીઆઓને તેમની સ્થિતિ સમજાવતો, લખીવાંચી જાણનારાઓને છાપાં ચોપડીઓ વાંચવા આપતો. બીજી બાજુ છુપાં છાપખાનાં ઉભાં કરી સમાજવાદી સાહિત્યનો બહોળે હાથે પ્રચાર કરતો અને હડતાલો પડાવતો. આમ, પ્રજાના નીચલા વર્ગમાં અસંતોષની ચાનગારી તેણે મુકી, અને ક્યારે એ જ્વાળા રૂપે ફાટી નીકળે તેની રાહ જોતો ચોમેર ઘુમવા લાગ્યો.

આ કામ કાંઈ જેવુંતેવું ભયભર્યું નહોતું. દિનરાત એની પાછળ ગુપ્તચર પોલીસના ટોળાં લોહી તરસ્યાં વરૂઓની જેમ આથડ્યા કરતાં. સ્ટેલિનનું શિર એના ધડ ઉપર પ્રતિક્ષણ અસ્થિર ભાસતું. આજે યે એ જુની પોલીસપોથીઓમાંથી એ ભયંકર માણસનાં જે સરકારી વર્ણનો મળે છે, તેમાં 'જડબો, ઉદ્ધત, ગુમાની, સત્તા ઉથલાવનાર' એવાં થોકબંધ વિશેષણો એના નામ સાથે યોજાએલાં મળી આવે છે. ઝારની છુપી પોલીસ આ ભયંકર માણસને હાર કરવા તલપા રહી હતી. પણ સ્ટેલિન એ સૌને ધોળીને પી જાય એવો કાબેલ, દક્ષ અને ચતુર હતો; એટલો જ બહાદુર, હીમતવાન ને સાહસિક પણ હતો.

સોવિયેટ પ્રજાતંત્રનો આજનો અધિષ્ઠાતા
સ્ટેલિન-જુગાશવિલે

૪. સ. ૧૯૦૦ માં તેણે એ પ્રચારકાર્યની પ્રવૃત્તિ પહેલવહેલી શરૂ કરી ને બેકુતો તથા મજુરોની એક જંગી હડતાલ પડાવી. તે દહાડાની પોલીસ એની પુંઠે હતી; પણ છેક ૧૯૦૫માં તે એમને હાથ પડ્યો:

પહેલીવાર પકડાયો. પણ તરત છટકીને પાછો આવ્યો અને પોતાને ધંધે લાગી ગયો. આ જ વર્ષમાં તેણે લગ્ન કર્યું, પણ ત્રણેક વરસ પછી તેની પત્નીનું અવસાન થયું. તેનાથી તેને એક પુત્ર થએલો જે આજ મૉરક્કોની શાળામાં અભ્યાસ કરે છે.

ઝારના જુલ્મકાળનો મધ્યાહ્ન ચાલતો હતો. પ્રજાનાં ગણાં નિતનિત રહેંસાતાં હતાં. તેને વિદારવા લેનિન બળવાની તૈયારીમાં પડ્યો હતો. બીજી બાજુ સ્ટેલિન પણ પોતાના ગણતર પરંતુ ચુનંદા વિપ્લવવાદીઓને મોખરે, નેપથ્યમાં રહી એ ભયંકર બળવાની વાટ જોતો તૈયારીના પાયા રોપી રહ્યો હતો. કૉકેસસના બોલ્શેવિકોમાં તે બીજા લેનિન તરીકે પંકાતો હતો.

પણ સંજોગવશાત એ ૧૯૦૫-૬નો પહેલો બળવો નિષ્ફળ ગયો. લેનિને જોયું કે નાણાંને અભાવે જ એ બળવો સફળ ન થયો. તેથી તેણે નાણાં મેળવવાના પ્રયત્નો કરવા માંડ્યા. ત્રણ રસ્તા તેને સુઝયા. તેમાંનો પહેલો નિષ્ફળ ગયો. બીજો માર્ગ, શ્રીમંત વિધવાઓ જોડે પોતાના સાથીદારોને પરણાવી નાણાં મેળવવાનો હતો. તેમાં એ પણ બહુ ફાવ્યો નહિ. અંતે તેણે ત્રીજો માર્ગ—જે જગતના આજ લગીના ઘણાખરા ક્રાંતિકારીઓ લેતા આવ્યા છે તે—ધાડ અને લૂટનો લીધો, અને તેમાંથી તેને પુષ્કળ ધન મળ્યું. આમાં તેનો મુખ્ય મદદગાર, તેનો જમણો હાથ, કૉકેશિયસ બોલ્શેવિકોમાં જાણીતો 'કોબા' ઉર્ફે 'ડેવિડ', ઉર્ફે 'નિઝરાઝે', ઉર્ફે 'શિઝિકોફ', ઉર્ફે 'આર્ષેનોવિચ', જેને માટે આટલાં બધાં ઉર્ફે હતાં તે 'સ્ટેલિન'-હતો.

સ્ટેલિનની પ્રકૃતિ જ વિધ્વંસાત્મક છે. રુદ્રની પેઠે એને સંહાર સદા વહાલો છે. ઝંઝાવાતની પ્રચંડ ઉગ્રતાથી એ ગમે તે પ્રવૃત્તિ હાથ ધરે છે અને પછી ચાણક્યનીતિના ઝળકદાર પણ ગુપ્ત અટાપટા ગોઠવી તે એટલી જ અણચિંતવી ઝડપથી એનું ધાર્યું પરિણામ લાવે છે. કેટલી ધાડો તેણે પાડી છે તે એ એકલો ને એનો ખુદા બે જ જાણે છે. કેમકે એનું જીવન હજી સુધી અભેદ્ય અને ગૂઢ રહ્યું છે. પણ ૧૯૦૭ના જુનની ૧૩મી તારીખે ટિફ્લિસના ઑરીવાન્સ્કી ચોકમાં પડેલી પ્રખ્યાત ધાડ તો દુનિયાભરમાં જાણીતી થઇ છે. ૩,૪૧,૦૦૦ રૂબલની નોટો સેંટ પિટર્સબર્ગથી ટિફ્લિસ બૅંકને ટપાલ મારફત મોકલાયાના ખબર ટિફ્લિસમાં પડ્યા. બે સ્ત્રીઓ ટપાલ ઑફિસ આગળ સંતાઇ, ને કેશ્યર નોટો લઇ ગાડીમાં બેઠો તેની નિશાની આપી. ચોકની એક હૉટેલમાં એક ટોળું એ નિશાનીની રાહ જોતું જ બેઠું હતું. ગાડી ચોકમા આવી ને એક ઉંચા ધર પરથી જબ્બર બૉંબ ફેંકાયો. પોણા માઇલના ઘેરાવામાં તેણે નુકસાન પહોંચાડ્યું. કેશ્યર ને તેનો મદદનીશ ઉઠીપડ્યા.ઘોડા ભડક્યાને ભાગ્યા.ચોકના નાકા આગળ એક ઉંચા માણસે ઘોડાના પગ આગળ બીજો બૉંબ નાખ્યો. તેના ધુમાડામાં બધું-નોટો સુદ્ધાં-અદૃશ્ય થઈ ગયું! કોઇએ એક ગાડીમાં કોઇ અમલદારી પોશાકવાળાને જતો જોયો. ઝડપથી તેણે ગાડીમાંથી ઉતરી, બૅંકની ભાગેલી ગાડીમાંથી કાંઇક ઝડપ્યું ને પાછો પોતાની ગાડીમાં બેસી પિસ્તોલના બાર કરતો ને પલાયન થઇ ગયો.

એ નોટો કદિ મળી નહિ; એક પણ ગુનેદગાર હાથ આવ્યો નહિ; પોલીસ તપાસ કે ન્યાયખાતું કશું જ ખોળી શક્યાં નહિ. છેક ૧૯૧૭માં બોલ્શેવિક ક્રાંતિ થઇ ત્યાર પછી ખબર પડી કે એ ધાડ સ્ટેલિને રચેલી હતી. પણ તેમા તેણે શો ને કેટલો ભાગ લીધો હતો તે હજી લગી કોઇ ચોક્કસ જાણતું નથી. બોલ્શેવિક ત્રીજેરીને માટે આવી ધાડો પાડવા યોગ્ય છે કે નહિ

રશિયન ક્રાંતિ કેમ થઇ ?

આજના ખેડુતો ને મજુરોની દશા ગુલામો જેવી છે. અગાઉ ગુલામગીરીની પ્રથા હતી ત્યારે પણ તેની ખોરાકીપોષાકીનો ખર્ચ તો શેઠ પર રહેતો. આજની દશા તો એથી પણ ન્યારી છે. આજ માલિક, મજુર કામદાર ને ખેડુત પાસેથી જોળો ચેઠે ચુસીચુસીને કામ લેછે; અને પછી તેના મોં પર ચાર પૈસા ફેંકીને જાણે ગુમાન પામે છે કે પોતે તેને પોષ્યો અને પોતાની ફરજ અદા કરી નાખી. એ ચાર પૈસામાં પછી એ ગરીબ પેટ ભરે યા ભુખે મરે. તેના જુમ્મો માલિકને શિર નહિ! તો પછી તેનાં આરોગ્ય, સુખડતા, શિક્ષણ અને સંસ્કારને માટે તો કોણ જ જવાબદાર હોય?

સમાજની આ કરુણ અવસ્થા જોઇને જર્મનીના પ્રસિદ્ધ તત્ત્વચેત્તા ને અર્થશાસ્ત્રી કાર્લ માર્ક્સનું હૃદય કંપી ઉઠ્યું. તેણે આ ફરતા સામે અવાજ ઉઠાવ્યો અને સંસ્કૃતિના સાદ્યા હેઠળ છુપાએલી આ ગુલામીની પ્રથાને જગજાહેર કરી. રશિયાના મહાપુરુષ લેનિને તો તેનો સાક્ષાત અનુભવ કરીને સમૂળો નાશ કરવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પનું પરિણામ તે રશિયાની ક્રાંતિ.

તે વિષે કૉકેસસના બોલ્શેવિસ્ટોમાં ચર્ચા ઉઠી ને તેને પરિણામે ટિફલિસના કૃત્ય માટે સ્ટેલિનને રજા આપવામાં આવી. સ્ટેલિન ત્યાંથી નીકળી મધ્ય એશિયામાં જઈ પોતાનું પ્રચારકાર્ય કરવા લાગ્યો. ૧૯૧૧માં થોડો વખત તે ઇટાલીમાં પણ રહ્યો, જ્યાં કૅપ્રી નામના ગામમાં, વિખ્યાત રશિયને વાર્તાનવેશ મૅક્સિમ ગૉર્કીએ સ્થાપેલી બોલ્શેવિક ક્રાંતિકારોની શાળામાં તે થોડો સમય રહ્યો.

૧૯૧૨માં તે ફરી પાછો (પાંચમી વાર) પકડાયો. પણ એ જ વર્ષના સપ્ટેમ્બર માસમાં જેલમાંથી ભાગ્યો અને બાકુમાં જઇ ત્યાંનાં તેલનાં કારખાનાંઓમાં સંગઠનનું તથા પ્રચારનું કાર્ય માંડ્યું. આ વખતે તેણે કેટલાંક પત્રો પણ ચલાવ્યાં. લેનિન આ સમયે ઑસ્ટ્રિયામાં હતો ત્યાં જઇ તેને મળી આવ્યો, અને તેના આદેશ મુજબ, રશિયાના ઝારની પાર્લામેન્ટ દુમાની ચુંટણીમાં ભાગ લેવા માંડ્યો. પણ ત્યાં તે ઓળખાઇ ગયો અને છઠ્ઠીવાર પકડાયો. ૧૯૧૩ના ફેબ્રુઆરીમાં તે ભાગીછુટ્યો.

પછી તો મહાન જગતયુદ્ધ શરૂ થયું. આ યુદ્ધ એ બોલ્શેવિસ્ટોને મન તો પ્રભુના મોકલેલો સોનેરી તક જેવું હતુ. ૧૯૧૪માં લેનિને ગૉર્કીને લખેલું કે 'જો રશિયા ને ઑસ્ટ્રિયા વચ્ચે યુદ્ધ જાગે તો પૂર્વ યૂરોપમાં ક્રાંતિ કરવા માટે સરસ મોકો મળી જાય.' અને ખરેખર તેમ જ થયું.

આ વખત દરમ્યાન, ૧૯૧૪થી તે છેક ૧૯૧૭માં રશિયન રાજક્રાંતિ થઇ ત્યાં સુધીમાં, એ ઐતિહાસિક વિપ્લવમાં સ્ટેલિને લેનિનની ભુજા બનીને જે અવિશ્રાન્તપણે, અડગતા અને બાહાદુરીથી કામ કર્યું છે, જે ચાણક્યનીતિ અને દક્ષતાથી વ્યૂહો રચ્યા ને પાર પાડ્યા છે, જે સાહસ, ધીટતા અને નિશ્ચયાત્મક બુદ્ધિથી એક પછી એક બાજી સર કરી છે, તેનો વિગતવાર ઇતિહાસ અંધકારમાં જ છે. પણ એ વિપ્લવમાં એણે જે અદ્ભુત ભાગ ભજવ્યો તેને લીધે રશિયાની રાજરમતના અગ્રણીઓમાં એની ગુપ્ત ગણતરી થવા લાગી.

૧૯૧૭ના માર્ચની રશિયન રાજક્રાંતિ પછી સ્ટેલિન સીધો પેટ્રોગ્રાડ ગયો અને ત્યાં બોલ્શેવિસ્ટ રાજમંડળની મધ્યસ્થ સમિતિનો સભ્ય ચુંટાયો. એ જ વર્ષના મે માસમાં, પાંચ રશિયન રાજકારણી પુરુષોનું જે મહાપંચ નીમાયું તેમાં તેને સ્થાન મળ્યું. લેનિન, ટ્રૉટ્સ્કી, કામેનેફ, ઝીનોવીફ અને સ્ટેલિન એ પાંચે મહારથીઓના મંડળે રશિયન રાજસત્તા હાથ લીધી. ઑક્ટોબરમાં ઝારની કેરેન્સ્કી સરકાર સામે એ પાંચે જણે કરેલા લશ્કરી આક્રમણમાં સ્ટેલિનનો જબરો ભાગ હતો. છેવટે ઝારશાહીનો અંત આવ્યો બોલ્શેવિસ્ટ સત્તાએ રશિયાનું તંત્ર હાથ કર્યું.

ત્યાર પછી તો મજુરવાદના ઉત્થાનમાંથી સામ્યવાદ અને પ્રજાસત્તાક સોવિયેટ સરકારનો જન્મ થયો. એમાં યે પ્રારંભે તો સ્ટેલિન પડદા પાછળ જ—નેપથ્યવિધાયકનો ભાગ સ્વીકારતો. પણ ૧૯૨૪ના અરસામાં પ્રકાશવાન જાહેર જીવનમાં આવવાની એને ફરજ પડી.

સામ્યવાદી સોવિયેટ સરકારમાં રશિયાના આ ચાણક્યે આજ સુધીમાં બે હોદ્દાઓ દીપાવ્યા છે. પ્રથમ તો તે રશિયાની રાજસત્તા નીચે આવેલાં રાષ્ટ્રોનો કમિશનર થયો. બોલ્શેવિક બળવાને અંતે, ઝારશાહીની નાબુદી કર્યા પછી, રશિયાએ પોતાની વિરાટ ન્યાયનીતિ જાહેર કરી કે અમારી નીચેનાં રાષ્ટ્રોને અમારે સ્વરાજ્ય સોંપવું છે. પણ જેમજેમ રશિયાની પ્રજાસત્તાક સોવિયેટ સરકારના પાટલા દિનેદિને અવિચળ જામતા ગયા તેમતેમ સ્વરાજ્ય સોંપવાનાં વચનોનો અમલ અભરાઇએ ચડવા લાગ્યો. આવકદાર રાષ્ટ્રોનો સુવર્ણમેરુ રશિયાને ગળે ચોંટ્યો અને વચનની પ્રામાણિકતા ઘડીભર તો પરવારી ગઈ. એ જાગૃતિના ચડતા જુવાળમાં રશિયાનાં તાબેદાર રાષ્ટ્રોને પણ પોતાની અસ્મિતાનું ભાન આવ્યું, અને એ પરાધીન કારેલિયનો, તાર્તરો, ઝિરિયનો, બશ્કીરો, જર્મન—વોલ્ગા પ્રદેશના નિવાસી, આર્મેનિયનો, કાલ્મુકો અને કિરગિઝોએ રશિયાને એનાં ઉજળાં વચનોનાં યાદી આપી અને સંયુક્ત અવાજે સ્વાધીનતાની માગણી રજુ કરી.

રશિયાને તો સાચ ગલ્લાં કરવાં હતાં, પણ પાવરધા મુત્સદ્દીની કુનેહની સ્ટેલિને મધ્યમ માર્ગ કાઢ્યો. એણે તનતોડ જહેમત ઉઠાવીને એ તમામ રાષ્ટ્રોને આંતરિક સ્વાધીનતા આપી. ધારાસુધરાણથી માંડીને નાણાંના વહીવટ સુધીની સત્તા સ્ટેલિને એમને સુપ્રત કરી, પણ અંતિમ અધિકાર તો સોવિયેટનો જ રાખ્યો.

આમ સ્ટેલિને તાબેદાર રાષ્ટ્રોના કમિશ્નર તરીકે પોતાની દીર્ઘદૃષ્ટિ અને ઉદાર ચાણક્યબળાજીથી આ

(અનુસંધાન આગળ પાન ૧૮૪ મે)



દાહોદના છદ્રા તળાવમાંથી મળી આવેલી 'શેષશાયી વિષ્ણુ'ની આ મૂર્તિ આશરે ૧૩મા સૈકાની હોવાનું જણાય છે.

ગુજરાતની કળાના રઝળતા અવશેષો

હજુ થોડા જ વખત પહેલાં કૅટચર્ક મંદિરની ખંડિત કલાસમૃદ્ધિની વાત આપણે કરી છે. તેમાં જણાવ્યું હતું કે જુદાજુદા કાળમાં બનેલી મૂર્તિઓ પર તે કાળના ચોક્કસ આંક પડેલા છે. એ પૈકી જે શેષશાયીની મૂર્તિ હતી તેને સર્વાંશે મળતી આવતી, પણ પ્રમાણમાં મોટી અને કલાની એક ઉચ્ચકૃતિ ગણી શકાય એવી મૂર્તિ દાહોદમાં હમણાં જોઈ.

ગુજરાત અને માળવાની હદ જ્યાં ભેગી થાય છે ત્યાં, એ બે હદ (દ્વે-હદ) આગળ, દોહદ અથવા દાહોદ આવ્યું. ગુજરાત અને માળવાનાં પહેરવેશ અને ભાષાનો ત્યાં સંગમવ્યવહાર સ્પષ્ટ જણાય છે; છતાં પ્રધાનપણે દાહોદ ગુજરાતનું જ શહેર છે. વહોરા કોમની ત્યાં મોટી વસ્તી છે અને તે સમૃદ્ધ પણ છે. એટલે શહેરમાં તેની વગ પણ વધુ. છતાં સંસ્કાર અને કેળવણીની બાબતમાં એ શહેર નડિયાદ જેવાં ગુજરાતનાં બીજાં શહેરોને હિસાબે પાછળ લાગે છે. કોમી હરીફાઈ અને ઉચ્ચ વાતાવરણના અભાવને લીધે આ શહેર પોતાના ગૌરવને કેટલું લાંછન લાગવા દે છે તેનો દાખલો દાહોદમાં રઝળતી ધુળ ખાતી પડેલી આ મૂર્તિઓ પુરો પાડે છે.

બે વર્ષ પહેલાં દાહોદ ગામની બહાર આવેલા છદ્રા તળાવમાં કંઈક ખોદાણકામ થતાં પૂર્વકાળની મોટા કદની આ ત્રણ મૂર્તિઓ મળી આવી. તેનું પ્રમાણ જોતાં તે કોઈ બહુ વિશાળ મંદિરમાં રહેલી હશે એમ જ લાગે. કાળા ગ્રેનાઇટ પથ્થરમાંથી, અતિશય હિસાબ ને કુશળતાથી ઘડેલી આ મોટી મૂર્તિઓનો ખ્યાલ આ નાનકડા ફોટોગ્રાફોથી મળવો તદ્દન અસંભવિત છે.

આ ત્રણ મૂર્તિઓ પૈકી એક તો કોઈ દાઢીવાળા રાજપુરુષની છે અને તેની નીચે ૧૨૦૭ની સાલનો આંક પણ વાંચી શકાય છે. પાટણમાં વનરાજ અને ચૂરપાળની ૧૧૦૦ની સંવતની જે મૂર્તિઓ બતાવવામાં આવે છે તેને મળતા વેશની આ મૂર્તિ ખરેખર કોઈ ઐતિહાસિક પુરુષની હોવાનું અનુમાન થાય છે. પાટણની મૂર્તિમાં આના જેવી ચહેરાની સ્પષ્ટતા નથી, તેમ જ પેટ છાતી વગેરેમાં આવ ચૂંટિયાદ્ધ આકાર નથી; એટલે શિલ્પીએ ચોક્કસ માણસનું રૂપ ઉતારવા ખાસ યત્ન કર્યો છે એવી ખાતરી થાય છે. ગુજરાતમાં પુરુષો દાઢી અને ચોટલા રાખતા એ તો ચારસો વર્ષ પરના 'વસંતવિલાસ'નાં ચિત્રો પરથી સિદ્ધ થાયછે.

બીજી ઉભી મૂર્તિને કેટલાક નાગદમન કરતા કૃષ્ણની કહે છે; કેટલાક તેને ગરુડની માને છે, અને તેના કારણમાં પાછળ દેખાતો પાંખ જેવો ભાગ બતાવે છે. આ મૂર્તિનો નાકનો ભાગ ખંડિત છે એટલે તે વહેલું કે મોડું હશે એ નક્કી ન જ થાય; નહિતર ગરુડ છે કે નહિ તેની ખાતરી થાત. પણ બીજી બધી રીતે આ મૂર્તિ બહુ જ લાવણ્યવાળી અને સફાઇદાર

ગરુડ કે નાગદમન ?
ગુજરાતની શિલ્પસમૃદ્ધિનો એક રઝળતો અવશેષ

બારમી સદીના ગુજરાતના કોઇ કુશળ શિલ્પીએ કાળા એનાઇટ પત્થરમાંથી કોરી કાઢેલી ૬૫-૭ ફુટની ઉંચાઈની આ પ્રચંડ-મનોહર મૂર્તિ દાહોદના તળાવમાંથી બે વર્ષ પહેલાં નીકળી છે. કેટલાક એને નાગદમન કરતા કૃષ્ણની મૂર્તિ માને છે; કેટલાક, ઉંચા કરેલા હાથ નીચે પાંખનો આકાર દેખાતો હોવાને કારણે એને ગરુડ માને છે. એનું નાક ખંડિત છે, નહિતર તે પરથી એ ગરુડ છે કે નહિ તેની ખાતરી થઇ શકત. મુળ મૂર્તિના ઘડતરનું કૌશલ, સફાઈ, લાવણ્ય કે ગૌરવદર્શી અંગવિન્યાસનો પુરો ખ્યાલ આ નાનો ફોટોગ્રાફ આપી શકતો નથી. એને નજરે જોવાથી જ ખરો ખ્યાલ આવે, અને એ ઘડાઇ ત્યારે ગુજરાત કેટલું ઐશ્વંત અને સમૃદ્ધ હશે તેની ખાતરી થાય. આજ તો એ મૂર્તિ ધુળ ખાતી ધર્મશાળાના ચોકમાં પડી છે, ને આવતી કાલે એ ઐતિહાસિક કલાસમૃદ્ધિ સરકારી રોાધખોળ-ખાતું પૂના ઉપાડી જશે. પોતાના દેશના ઇતિહાસ ને કલાનો એ પ્રાચીન અવશેષ ગુજરાત એમ ખાડાર ચાલ્યો જવા દેશે ?



ગોપબાલિકા
ચિત્રકાર : રસિકલાલ પરીખ

'કુમાર' વૈશાખ '૮૫

ઘડતરવાળી છે. પાંચસાત માણસથી પણ એને ઉભી કરવાનું અમને મુશ્કેલ લાગ્યું હતું એટલી તે મોટી છે.

ત્રીજું આકું પડેલું શિલ્પ શેષશાયી વિષ્ણુને દર્શાવતું છે અને કલા તથા કોતરણીમાં સૌથી અદ્‌ભુત છે. આજે તો આપણે ત્યાં એકાદ સારી પુતળી ઘડી આપનારો કારીગર પણ મેળવવાનું મુશ્કેલ બન્યું છે; ત્યારે એક વખતે આખા દેશમાં આવી મોટી મૂર્તિઓ પર, કઠણ કાળમીંઢ પત્થરમાં અતુલ કારીગરી કરનારા હારોહાર મળી આવતા હશે તે વેળા દેશ કેટલો જીવંત અને સમૃદ્ધ હશે ? ચિત્રમાં એ મૂર્તિની વિગતો જોઇ શકાય છે. એવા અતિ કઠણ પત્થરમાં પણ જે કોમળતા અને ભાવોની જમાવટ કરવામાં આવી છે તે તો અસલ મૂર્તિ જોવાથી જ સમજાય.

આ અપૂર્વ અને ઐતિહાસિક કલાસમૃદ્ધિ માટે દાહોદ પોતાને જેટલું ભાગ્યશાળી માને એટલું ઓછું છે, કારણકે એવા ખજાના માટે તો આજે યૂરોપ ને અમેરિકા જેવા સમૃદ્ધ દેશો પણ દુનિયાના છેડા સુધી પૃથ્વીનાં પડેપડ ફૉંદી રહ્યા છે. પ્રાચીન કાળનું એકાદ શસ્ત્ર, એકાદ ખોપરી, એકાદ હાંડલું, એકાદ અણઘડ જેવું પુતળું કે કોઇ લીટો સરખો પણ દેખે છે, તેને અતિશય ઉલ્લાસથી વધાવી લે છે અને તે પર દેશના વિદ્વાનો અને શોધકો લાંબીલાંબી ઇતિહાસનાં સાંકળો બાંધી તેની ઉપયોગિતા ને મહત્તાનો મેરુ રચી નાખે છે.

પણ હિંદુસ્તાનની મનોદશા, સાવ હણાઇ ગએલા માનવી જેવી થઇ ગઇ છે. દાહોદ શહેરના નગરજનોએ આ મૂર્તિઓ તળાવ પરની એક ધર્મશાળામાં ધુળે ભરેલી રાખી મુકી છે. દાહોદના ઉત્સાહી અને કળા-પ્રેમી ડૉ.લક્ષ્મીપ્રસાદે તેના ફોટોગ્રાફો લેવડાવી 'ટાઇમ્સ'-માં પ્રસિદ્ધ કર્યા, પણ તેથી આપણા દેશના વિદ્વાનો પર જરા યે અસર થઇ નહિ. માત્ર સરકારના પ્રાચીન શોધખોળખાનાએ તે પર ધ્યાન દોડાવ્યું અને પૂના ખાતે તેનાં ઑફિસ હોવાથી એ મૂર્તિઓ હવે પૂના રવાના કરી દેવાના હુકમો કાઢ્યા છે. સરકારના હુકમો હોય પછી કલેકટર, મામલતદાર કે કોઇ પણ તેનું પાલન કરવામાં વાર શાના કરે ? શહેરનાં માણસોને ખબર નથી કે તેમને એ મૂર્તિઓ જવાથી કેટલી ખોટ પડવાની છે. દાહોદની પ્રાચીન ઐતિહાસિકતા સાબિત કરી આપતી આ સચોટ નિશાનીઓ પૂના

ઈ. સ. ના બારમા સૈકાની મૂર્તિ

ખાતે ખેંચાઇ જશે અને ગુજરાતના ઇતિહાસશોધકો તથા કળાકારોને તે જોવા પૂના જવું પડશે તે દિવસે દાહોદવાસીઓ માટે શા વિચારો આવશે ?

ઇજિપ્તના પિરામીડોમાંથી ફ્રેંચ અને અંગ્રેજ સરકારે પ્રાચીન કળારો તથા તેને લગતો સામાન ખોદી કાઢીને પોતાનાં મ્યૂઝિયમો માટે ઓળવી પાડ્યો હતો; પણ જાગૃતિમાં આવેલી ઇજિપ્તની પ્રજાએ એ વસ્તુ-ઓને તેના સ્થાનમાંથી ભ્રષ્ટ કરનારાઓ પર ચાંચિયા

(અનુસંધાન આગળ પાન ૧૮૫મે)

ફાતિહા

વાવવ્ય સરહદ પરના લુટારૂ અફ્રિદીઓ વચ્ચેના લશ્કરી જીવનની એક રોમાંચક કથા

મુળ લેખક : વિખ્યાત હિંદી વાર્તાનવેશ
શ્રી પ્રેમચન્દજી

સરકારી અનાથાલયમાંથી નીકળીને હું સીધો જ લશ્કરમાં ભરતી થઇ ગયો. મારૂં શરીર સુદઢ અને નીરોગી હતું. સામાન્ય માણસ કરતાં તો મારા હાથપગ ખુબ કસાએલા અને લાંબા હતા. મારી ઉંચાઇ બરાબર છ ફુટ ને નવ ઇંચ હતી. પલટનમાં મને 'દૈવ' નામથી સૌ ઓળખતા. જ્યારથી હું લશ્કરમાં દાખલ થયો ત્યારથી મારા કિસ્મતે પણ પલટો લીધો. મારે હાથે કેટલાંક કામો એવાં થયાં જેથી પ્રતિષ્ઠાની સાથે મારી આવક પણ વધતી ગઈ. પલટનનો એકે એક જુવાન મને પિછાનતો થઇ ગયો. પલટનના મેજર સરદાર હીમતસિંહનો તો મેં એક વખત જાન બચાવેલો એટલે એમની તો મારા ઉપર ખુબ કૃપા હતી; એટલું જ નહિ પરંતુ એમને જોઇને મારા અંતરમાં પણ શ્રદ્ધા અને ભક્તિ પ્રકટતાં; મારા એ પૂજનીય વડિલ જેવા હતા. સરદાર સાહેબનું વર્તન પણ મારી સાથે સ્નેહભર્યું અને મિત્ર જેવું હતું.

મને મારાં માબાપની ખબર નથી, એમની સ્મૃતિ પણ નથી. જ્યારે જ્યારે હું એ પ્રશ્ન ઉપર વિચાર કરવા બેસું છું ત્યારે કેટલાંક ઝાંખાં દશ્યો દેખાય છેઃ મોટામોટા પહાડોની વચ્ચે વસતું કોઇએક કુટુંબ અને એક સ્ત્રીનું મુખ. એ મુખ કદાચ મારી જનેતાનું હશે. પહાડોની વચ્ચે મારૂં પાલનપોષણ થયું છે. પેશાવરથી ૮૦ માઇલ પૂર્વ કુલાહા નામના ગામમાં એક સરકારી અનાથાલય છે ત્યાં હું મોટો થયો છું. ત્યાંથી નીકળીને હું લશ્કરમા જોડાયો. હિમાલયનાં હવાપાણીથી મારૂં શરીર બંધાયું છે અને સરહદ ઉપર રહેતા અફ્રિદી, ગિલ્જઇ અને મહસુદી વગેરે પહાડી જાતિના લોકો જેવો જ હું બરડ ને કસાએલો છું. મારા અને એમના જીવનમા માત્ર એક સંસ્કારનું જ અંતર છે. હું થોડું-



ઘણું લખીવાંચી જાણું છું, મીઠી વાતચિત કરી શકું છું, વિનયી બનીને મર્યાદા સાચવું છું. પરંતુ મારી આકૃતિ તો સરહદી પુરુષને મળતી જ આવે છે.

ક્યારેક મારા મનમાં એવી પ્રબળ ઇચ્છા જાગતી કે હું સ્વચ્છંદી બનીને પહાડોમાં ચાલ્યો જાઉં; પણ આજીવિકાનો પ્રશ્ન મને દબાવી દેતો. એ સુકા દેશમાં ખાવાનાં સાંસાં. ત્યાંના લોકો એક રોટલાને કાજે માણસની હત્યા કરી નાખે; એક કપડાને માટે મુડદાની લાસને ચીરી ફાડી નાખે; એક બંદુકને વાસ્તે આખી સરકારી ફોજ પર છાપો મારે. ઉપરાંત એ જંગલી જનિનો એકેએક માણસ મને પિછાનતો હતો ને મારા લોહીનો તરસ્યો હતો. હું જો એમને હાથ પડું તો મારું નામનિશાન આ દુનિયામાંથી ભુંસી નાખે. કોણ જાણે કેટલાયે અફ્રિદીઓ અને ગિલજાઇઓને મેં ઝાઝે કર્યા હતા, કેટલાયને પકડીપકડીને સરકારી કેદખાના ભેગા કર્યા હતા અને કોણ જાણે કેટલાં ય ગામોને બાળીને ખાખ કરી દીધાં હતાં. હું ખુબ સાવધાન રહેતો અને બને ત્યાં સુધી એક સ્થળે અઠવાડિયાથી વધુ રોકાતો નહિ.

એક દિવસ હું સરદાર હીમતસિંહના ઘર તરફ જતો હતો. બપોરના બેએક વાગ્યા હશે. આજકાલ નોકરીની છુટી હતી કેમકે હમણાં જ થોડાંક ગામ બાળીને ભસ્મ કરેલાં હતાં અને તરતમાં ઓ લોકો તરફનો કોઈ જાતનો ભય ન હતો. અમે નીરાંતે ટોળાટપ્પામાં દિવસો ગુજારતા હતા. બેસીબેસીને કંટાળ્યો હતો એટલે મન બોકળું કરવા જરા સરદાર સાહેબના ઘર તરફનો રસ્તો લીધો. પરંતુ રસ્તામાં જ એક દુર્ઘટના બની ગઈ.

બે હિંદુસ્તાની જુવાનોને ફાડી ખાય એવો એક બુઢ્ઢો અફ્રિદી એક લશ્કરી જુવાનની સાથે બાથંબાથ આવ્યો હતો. હજી હું પહોંચું તે પહેલાં તો જોનજોનાંમાં એણે પોતાની કમ્મરેથી પાણીદાર છરો કાઢી પેલા જુવાનના કાળજામાં હુલાવી દીધો. એ જુવાનની પાસે એક કારતુસી બંદુક હતી એની આ બધી મારામારી હતી. આંખના પલકારામાં તો પેલો જુવાન રહેંસાઈ ગયો ને બુઢ્ઢો બંદુક લઇને નાઠો. હું એની પાછળ પડયો. દોડવામાં એ એટલો તેજ હતો કે પલકવારમાં તો અદ્રશ્ય થઇ જતો. મેં પણ આંખો મીંચી એની પુંઠ પકડી. આખરે સરહદ પર પહોંચતાં અમારી વચ્ચે વીસેક હાથનું છેટું રહ્યું. એણે પાછા ફરીને જોયું તો હું એકલો જ એની પુંઠે પડયો હતો. તરત એણે તો બંદુક મારી સામે તાકી. સમયસૂચકતા વાપરીને હું એ જ ક્ષણે જમીન પર સુઇ ગયો અને ગોળી પાછળના એક પત્થરમાં જઇ ચોંટી! એને લાગ્યું કે હું ગોળીનો શિકાર બની ગયો. ધીમેધીમે સાવચેતીથી એ મારી પાસે આવ્યો. હું તો શ્વાસ દાબીને પડી જ રહ્યો. જોયું કે એ બરાબર મારી પાસે આવી પહોંચ્યો છે કે તરત વાઘની પેઠે છલંગ મારીને મેં એની ગરદન પકડી લીધી અને જમીન ઉપર પછાડયો. એનો એ જ તેજસ્વી છરો એની કમ્મરેથી ખેંચી એના જ પેટમાં રમતો કરી દીધો. અફ્રિદીની જીવનલીલા સમાપ્ત થઈ ગઈ.

એટલામાં મારી પલટનનાં કેટલાંક માણસો આવી પહોંચ્યાં. ચારે તરફથી લોકો મારી વાહવાહ કરવા લાગ્યા. હજી સુધી મારું મગજ ઠેકાણે ન હતું. હવે હું ભાનમાં આવ્યો. કોણ જાણે કેમ પણ પેલા બુઢ્ઢાને જોઇને મને ગભરામણ છુટી. આજ સુધી કેટલાય અફ્રિદીઓને પરલોક પહોંચાડયા હતા, પણ આવો ગભરાટ મને ક્યારે ય થયો ન હતો. હું નીચે બેસી ગયો અને પેલા બુઢ્ઢા તરફ તાકીતાકીને જોવા લાગ્યો. પલટનના જુવાનો મને ઘાયલ જાણીને સવાલ પર સવાલ પુછવા લાગ્યા. ધીરેધીરે હું ઉઠ્યો અને ચુપચાપ શહેર તરફ ચાલવા માંડયું. સિપાઇઓ મારી

પાછળ જ પેલા બુઢ્ઢાની લાશ ઘસડતાં ચાલ્યા. શહેરીઓએ મને શાબાશીથી વધાવી લીધો? હું તો છાનોમાનો સરદાર હીમતસિંહના ઘરમાં પહોંચી ગયો.

સરદાર સાહેબ એ વખતે પોતાના ખાસ ઓરડામાં બેસીને કંઇક લખતા હતા. મને જોઇને એમણે કહ્યું, 'કેમ, પેલા અફ્રિદીને પુરો કરી આવ્યા?'

મેં બેસતાંબેસતાં કહ્યું, 'જી હા. પણ કોણ જાણે કેમ જરા કાયર થઇ ગયો છું.'

સરદાર સાહેબ આશ્ચર્યથી પોકારી ઉઠ્યા, 'અસદખાં અને કાયર!'

ઉઠીને મેં કહ્યું, 'સરદાર સાહેબ અહીં મન નથી ગોહતુ. બહાર છજ્જામાં બેસીએ. ખબર નથી પડતી, પણ મારૂં દિલ ગભરાય છે.'

સરદાર સાહેબ ઉઠીને મારી પાસે આવ્યા અને વાત્સલ્યથી પીઠ પર હાથ ફેરવીને કહ્યું, 'અસદ, તમે ખુબ દોડવાથી થાકી ગયા છો; બીજું કંઇ નથી. ચાલો છજ્જામાં બેસીએ. સાંજનો ઠંડો પવન તાઝગી આપશે.'

અમે બંને છજ્જામાં જઇ ખુરશીઓ પર બેઠા. શહેરના ચોતરા પર પેલી લાશ મુકી હતી અને એની ચારે બાજુ માણસોની ઠઠ જામી હતી. છજ્જામાં મને બેઠેલો જોઇને લોકો મારા તરફ આંગળી ચીંધવા લાગ્યા. સરદાર સાહેબે આ જોઇને કહ્યું, 'જુઓ, લોકો કેટલા માનથી તમને જુએ છે. તમારી દિલેરીને અહીંનું બાળક પણ પૂજે છે અને તમે કહો છો કે હું કાયર થઇ ગયો છું!'

મેં હસીને કહ્યું, 'જ્યારથી મેં આ બુઢ્ઢાને માર્યો છે ત્યારથી મારૂં દિલ મને ધિક્કારે છે.'

સરદાર સાહેબે પણ હસીને કહ્યું, 'કારણકે તમે પોતાનાથી નિર્બળને માર્યો છે!'

મેં મારી અંતરની આગ દાબીને કહ્યું, 'કદાચ એવું પણ હોય.'

આ જ વખતે એક અફ્રિદી રમણી ધીરેધીરે આવીને સરદાર સાહેબના મકાનની સામે આવી ઉભી રહી. એને જોતાંવેંત જ એકાએક સરદાર સાહેબ લેવાઇ ગયા. એમની ભયભીત દૃષ્ટિ ત્રાંસી બની મારા ઉપર ફરી. હું આશ્ચર્યથી એમની સામે જોઇ રહ્યા. એ રમણીના જેવું સુદઢ અને પ્રમાણસર શરીર તો મરદોનું પણ નથી હોતું. એણે ઘાઘા રંગનો જાડો લેંઘો અને નીલા રંગનું મોટું કુડતું પહેર્યું હતું. બલુચી સ્ત્રીઓની જેમ માથે રૂમાલ વીંટયો હતો. એનો રંગ ચંપાઈ હતો ને યૌવનની પ્રબ્ધ જોર કરીકરીને બહાર નીકળી પડતી હતી. ભયભીત કરી દે એટલી કરડાકીભરી એની આંખો હતી. રમણીની આંખો સરદાર સાહેબ તરફથી ખસીને મારા ઉપર ફરી અને મારો ભય વધ્યો. પાછું એણે સરદાર સાહેબ સામે જોયું અને જમીન પર ઝુકી. પછી મારા તરફ તાકતીતાકતી ચાલી ગઇ.

એને જતી જોઇને સરદારના જીવમાં જીવ આવ્યો. મારા માથા પરથી પણ જાણે બોજો હટી ગયો હોય એમ લાગ્યું.

મેં સરદાર સાહેબને પુછ્યું, 'તમે એને ઓળખો છો?'

લાંબો શ્વાસ લઇ તેમણે કહ્યું, 'હા; ઘણી સારી રીતે. એક સમય એવો હતો જ્યારે એ મારે ખાતર જાન આપતી હતી. પોતાના જીવને જોખમે એણે મારો જીવ બચાવ્યો હતો. પણ હવે તો મારૂં મોં પણ એને નથી ગમતું. એણે જ મારી સ્ત્રીની હત્યા કરી છે. હું જ્યારેજ્યારે એને જોઉં છું ત્યારેત્યારે મારા હોશકોશ ઉડી જાય છે અને એ જ ભયાનક દૃશ્ય મારી નજર આગળ ખડું થાય છે.'

મેં વિસ્મયતાથી પુછ્યું, 'એણે મારી તરફ પણ ભયાનક નજરે જોયું હતું! કોણ જાણે કેમ, મારાં પણ રૂંવાં ઉભાં થઇ ગયાં!'

સરદાર સાહેબે માથું ધુણાવીને ગંભીરતાથી કહ્યું, 'અસદખાં, તમે પણ ખબરદાર રહેજો. કદાચ આ બુઢ્ઢા અફ્રિદીની એ કંઇ સગી હોય. તમારા તરફ જોવામાં કંઇક અર્થ જરૂર છે. બુળે જ ભયંકર સ્ત્રી છે.'

સરદાર સાહેબની વાત સાંભળીને મારી નસેનસ કંપી ઉઠી. મેં વાતનો વિષય ફેરવીને કહ્યું, 'તમે એને પોલિસને હવાલે કેમ નથી કરતા? તરત ફાસીએ જશે.'

'ભાઇ, અસદખાં, એણે એક વાર મારા પ્રાણ બચાવ્યા હતા; ને કદાચ હજી યે મને એ ચહાય છે. એની કથા બહુ લાંબી છે. કયારેક વખત મળશે તો કહીશ.'

સરદારના આ શબ્દો સાંભળીને મને કુતૂહલ થયું. મેં એમને એ આખો વૃત્તાંત સંભળાવવા આગ્રહ કર્યો. પહેલા તો એમણે વાતને ટાળવા પ્રયત્ન કર્યો, પણ મારો આગ્રહ અટલ રહ્યો એટલે નાચારીથી બોલ્યા, 'અસદ, હું તમને મારા ભાઇ ગણું છું, એટલે તમારાથી કશું છુપું રાખી શકતો નથી. સાંભળો.'

પાંચ વર્ષ પહેલાં, આજે દેખાઉં છું એવો વૃદ્ધ હું ન હતો. આજે મારી ઉમર ૪૦થી વધુ નથી. એ વખતે એક પણ વાળ સફેદ નહોતો થયો. અને તાકાત તો મારામાં એટલી હતી કે બે જુવાનોને એકી વખતે પકડીને સામસામા અફાળતો. યુરોપમાં જર્મનોની સામે હાથોહાથ લડ્યો છું, ને કેટલાયને યમસદન પહોંચાડ્યા છે. જર્મન યુદ્ધ પછી મને અહીં કાળી પલટનનો મેજર બનાવીને મોકલી દીધો. હું અહીં પહેલવહેલો આવ્યો ત્યારે આફ્રિતોનો પાર ન હતો. પણ એ સૌને દાણી દઈ મેં વિજય મેળવ્યો. સૌથી પહેલાં મેં આરીને અહીંની પસ્તુ ભાષા શીખી લીધી. તે પછી બીજી પણ ભાષાઓ શીખ્યો. ત્યાર પછી ટોળીઓ બાંધીને આ પ્રદેશનો આખો અંતર્ભાગ ઘુમી વળ્યો. આ બધી રખડપાટમાં કેટલી યે વાર હું મોતના મોંમાંથી નીકળી આવ્યો છું. આટલી બધી મુસીબતો છતાં હું બહુ મોજથી રહેવા લાગ્યો. એ વખતે મારે હાથે એવાં-એવાં કામો થઇ ગયાં કે સરકારમાં મારું નામ અને પ્રતિષ્ઠા જામી ગયાં. કેટલાં ય દેશી માણસો અને સ્ત્રીઓના પ્રાણ મેં બચાવ્યા છે. કર્નલ હૉમલ્ટનની મડમને હું એકલો છોડાવી લાવ્યો હતો. અહીં ત્રણ વર્ષ આવી જીંદગી વીત્યા પછી મારી ખરી કદાવણી શરૂ થાય છે.

એક રાત્રે હું મારી છાવણીમાં આડે પડખે પડ્યો હતો. અફ્રિદીઓ સાથે લડાઈ ચાલુ જ હતી. આખા દલ્લાડાના થાકબાહાર્યા સૈનિકો ગાફિલ પડ્યા હતા. છાવણીમાં સુમસામ હતું. પડ્યાંપડ્યાં મને ઉંઘ આવી ગઇ. અચાનક કોઇ બેજાથી આંખ ઉઘડી ગઇ. જોઉં છું તો મારાથી જમણેા એક અફ્રિદી મારી છાતીમાં છરો હુલાવી દેવાની અણી પર છે. હું પુરેપુરો એના પંજામાં હતો. બચાવની એક પણ બારી ન હતી. પલવારમાં જાન ચાલ્યો જાય એમ હતું. પણ એ વખતે મેં જરાપણ હીમત ખોયા વિના કામ લીધું. મેં પેલા અફ્રિદીને પસ્તુ ભાષામાં કહ્યું મને મારશો મા. હું સરકારી લશ્કરમાં અમલદાર છું. મને પકડીને બાન તરીકે લઇ જાઓ. સરકાર તમને રૂપિયા આપીને મને છોડાવશે.'

ઈશ્વરની કૃપાથી મારી વાત એના મનમાં ઠસી ગઇ. એક મજબુત રસી વડે એણે મારા હાથપગ સખતરીતે બાંધી લીધા અને ગાંસડીની પેઠે મને ખભે નાખીને ચાલ્યો. બહાર તો મારામારીનો બજાર તેજ હતો. એણે વિચિત્ર પ્રકારે જોરથી બુમ પાડીને કશુક કહ્યું અને મને ખાંધ પર આસાનીથી ઉચકીને જંગલ ભણી નાઠો. મારા જેવા ભારે વજનના માણસનો એને મન હિસાબ પણ ન હતો. જાણે કંઇ ઉચક્યું જ નથી એટલી સ્ફૂર્તિથી એ ભાગતો હતો. એની પાછળ એના કેટલાક સાથીઓ લુટનો માલ લઇને દોડતા આવતા હતા.

બજારકે અમે એક તળાવ પાસે આવી પહોંચ્યા. મોટાંમોટા પર્વતોથી એ ઘેરાએલું હતું અને એનું પાણી ખુબ નિર્મળ ને મીઠું હતું. કિનારે જ્યાંત્યાં જંગલી વનસ્પતિ ઉગી નીકળી હતી. તળાવની નજીક સૌ થોભ્યા. લુટારાના સરદાર પેલા બુઢ્ઢાએ મને બેદરકારીથી એક પત્થર પર ફેંકી દીધો. મારી કમ્મરમાં એવો તો જોરથી ચોટ વાગી કે મારું હાડકું તુટી ગયું એમ મને લાગ્યું. પણ એવું કશું નહોતું. મને પટકાને સરદારે કહ્યું, 'કેમ, કેટલા રૂપિયા અપાવીશ?'

મેં વેદનાથી રીબાતાં કહ્યું, 'પાંચસો રૂપિયા.'

બુઢ્ઢાનું મોં બગડ્યું. ગુસ્સાથી એના ગાલ પર લાલી ચડી આવી. એણે કહ્યું, 'બે હજારથી એક પૈસો પણ ઓછો મળ્યો તો તારો જીવ સલામત નથી.'

મેં જરા દબાઇને કહ્યું, 'કાળા માણસને માટે આટલા દામ સરકાર નહિ આપે!'

સરદારે તરત જ પોતાનો હાથ છરા પર નાખ્યો. 'તું તો કહેતો હતો ને કે સરકાર ઇનામ આપશે? ત્યારે તો અહીં જ પુરો થા.'

સરદાર છરો લઇ આગળ વધ્યો. હું ગભરાઇને બોલ્યો, 'ઠીક, બે હજાર અપાવીશ.'

બુઢ્ઢો અટકી ગયો ને જોરથી હસી પડ્યો. હાસ્ય પણ કેટલું બીહામણું હોય છે એ મેં આજ ખરેખરું જાણ્યું. એ હાસ્યના પડઘાથી પહાડોના નિર્જીવ પત્થરો પણ કંપી ઉઠ્યા. મને મનમાં થયું, 'ખરો ભયંકર માણસ છે.'

ટોળાનાં બીજા માણસોએ લુટનો સામાન સરદારની આગળ રજુ કરવા માંડ્યો. એમાં મારી બંદુક, કારતુસ, રોટલા અને કપડાં હતાં. મારી પણ જડતી લેવાઇ. મારી પાસે એક છ બારની પિસ્તોલ હતી. પિસ્તોલ જોઇને સરદાર હર્ષથી ઉછો થઇ ગયો અને એને ફેરવીફેરવીને નીરખવા લાગ્યો. ત્યાં જ સૌએ લુટની વહેંચણી કરી લીધી. સૌને સરખો ભાગ આપવામાં આવ્યો; પણ એમાં મારી પિસ્તોલ ન હતી.

એ તો સરદાર સાહેબની ખાસ માલિકીની બની ગઈ હતી.

થોડા આરામ પછી પાછું ચાલવાનું શરૂ થયું. આ વખતે મારા પગનાં બંધન છોડી નાખ્યા અને મને સાથે ચાલવાનો હુકમ મળ્યો. રસ્તો જોઈ ન શકું એટલા માટે મારી આંખો પર પાટા બાંધી લીધા. મારા હાથને મજબુત દોરડા વડે બાંધ્યા હતા અને એક અફ્રિદી જુવાન મને દોરીને ચાલતો હતો.

ચાલીચાલીને મારા પગ કળવા લાગ્યા. પણ એમની મજલ પુરી ન થઇ. માથે જેઠ મહીનાનો ધોમ ધખતો હતો; નીચે પગ શેકાઈ જતા હતા; તરસથી ગળું સુકાતું હતું; પણ એ લોકો તો જરાપણ દરકાર વિના ચાલ્યા જ કરતા હતા. અંદરઅંદર વાતો પણ કરતા હતા; પરંતુ હવે મારાથી કંઇ સમજાતું નહોતું. ક્યારેક એકાદ શબ્દની ગમ પડતી, પણ એનું નામ કંઇ નહિ. એ લોકો બધા જાતના તોરમાં મુસ્તાક હતા અને આનંદ કરતા જતા હતા. એવામાં એક અફ્રિદીએ તો મોજમા આવી જઇને પોતાની ભાષામાં એક ગીત ગાવા માંડ્યું. એ એટલું સુંદર હતું કે એનો ભાવ હજી મને યાદ છેઃ એક અફ્રિદી જુવાન બહાર જાય છે ત્યારે એની સ્ત્રી પુછે છે, 'તમે ક્યાં જાઓ છો?' જુવાન ઉત્તર દે છે, 'હું તારે માટે ખાવાનું ને કપડાં લેવા જાઉં છું.' સ્ત્રી પુછે છે, 'અને આ બાળકને માટે કંઇ નહિ લાવો?' જુવાન કહે છે, 'બાળકને માટે બંદુક લેતો આવીશ, કારણકે જ્યારે એ મોટો થાય ત્યારે એ પણ લડીને પોતાની સ્ત્રીને માટે ખાવાનું અને કપડાં લાવી શકે.' સ્ત્રી પુછે છે, 'વારૂ એટલું તો કહો ક્યારે આવશો?' જુવાન જવાબ વાળે છે, 'જ્યારે કંઇક જીતી લાવીશ ત્યારે જ પાછો આવીશ; નહિતો ત્યાં જ દટાઇ જઇશ.' સ્ત્રી આશીર્વાદ આપે છે, 'શાબાશ છે; જાઓ તમે વીર છો. વિજય મેળવીને વહેલા પાછા વળજો.'

ગીત સાંભળીને હું મુગ્ધ બની ગયો. ગીત પુરૂં થતાં તો અમે પણ અટકયા. મારી આંખોના પાટા છુટી ગયા. સામે મોટું મેદાન અને ચારે તરફ ગુફાઓ હતી. એ આ લુટારાઓનો વાસ હતો.

ફરીથી મારી જડતી લેવાઇ અને મારાં બધાં કપડાં પણ લઇ લેવામાં આવ્યાં. માત્ર એક સુરવાલ રહેવા દીધી. થોડાક જુવાનોએ જોર કરીને સામેનો એક મોટો પત્થર હઠાવી દીધો. મારો જીવ કંપી ઉઠ્યો. આખા શરીરમાં ભયનો રોમાંચ થયો. મને થયું આ લોકો મને જીવતો દાટી દેશે. મેં અતિશય વેદનાભરી આંખે સરદાર તરફ જોઇને કહ્યું, 'સરદાર, સરકાર તમને જરૂર રૂપિયા આપશે. મને મારશો નહિ.'

તેણે પાછું ક્રૂર હસતાં કહ્યું, 'મારે છે કોણ? કેદ કરીએ છીએ. રૂપિયા મળશે તો જ તારો છુટકારો થશે.'

સરદારની વાત સાંભળીને મારા જીવમા જીવ આવ્યો. તેણે મારી ડાયરીબુક અને પેન્સિલ સામે મુકીને કહ્યું, 'લે લખી આપ; જો એક પણ પૈસો ઓછો આવ્યો છે તો મુઓ જ સમજજે.'

મેં કમિશ્નરના નામ પર એક પત્ર લખી આપ્યો. તેમણે મને એ અંધારા કુવામાં ઉતારી દીધો, અને દોરડું ખેંચી લીધું.''

સરદાર હીમતસિંહે એક લાંબો નિશ્વાસ મુકી ફરી આગળ કહેવા માંડ્યું: ''અસદખાં, મને એ કુવામાં ઉતારતા હતા ત્યારે મને એમ જ થતું હતું કે જાણે હમણાં જ મારો જીવ નીકળી જશે. પણ નીચે જતાં ગાઢ અંધકારને બદલે આછો પ્રકાશ વેરાએલો જણાયો. ગુફા અંદરથી બહુ મોટી નહોતી; તેમ છેક સાંકડી પણ નહોતી. ચોમેર મજબુત પત્થરની દીવાલ બની રહી હતી તેમાં વચ્ચેવચ્ચે નાનાંમોટાં છેદ હતાં જેમાંથી આછો પવન ને પ્રકાશ આવતાં. અસલ અહીં પાણીનો ધોધ વહેતો હશે ને તેના વહેવાથી તળિયું ઘસાઇઘસાઇને આવું થઇ ગયું હશે. નીચે પહોંચીને ચોતરફ નજર કરીને મારી દશાનો મેં ખ્યાલ કર્યો. દિલ ફફડી ઉઠ્યું. એ કાળકોટડીની વેદના યે વિધાતાએ લખી હશે!'

ધીરેધીરે સંધ્યા બની. પેલા લોકોએ હજી સુધી મારી ખબરઅંતર લીધી ન હતી. ભુખથી મારો જીવ વ્યાકુળ થઇ જતો હતો. રહીરહીને હું વિધાતાને દોષ દેતો. માણસ જ્યારે હતાશ ને નિરુપાય બની જાય છે ત્યારે વિધાતાને જ દોષ દે છે.

આખરે એક છેદમાંથી કોઇએ ચાર રોટલી ફેંકી. ભુખ્યો કુતરો જેમ રોટલીના ટુકડો જોતાં છલંગ મારે એમ હું કુદ્યો અને રોટલી ઝડપી લઇને એ છેદમાં જોવા લાગ્યો. પણ પછી કોઇએ કંઈ જ ફેંકયું નહિ. મેં રોટલી દબુસવા માંડી. થોડી વારમાં એ જ કાણામાંથી એક લોટાના ખ્યાલામાં કોઇએ પાણી મુકયું.

મેં પ્રભુનો પાડ માન્યો. પાણી પીધું એટલે મારે હૈયે કંઈક નીરાંત વળી. મેં પુછ્યું, 'જરા વધારે પાણી મળશે?' જવાબમાં દીવાલની પેલી બાજુથી તિરસ્કાર-ભર્યો એક હાસ્યનો પડઘો સંભળાયો. કોઇએ ધીમા કાતર સ્વરે કહ્યું, 'પાણી હવે તો કાલે મળશે. પ્યાલો પાછો મુકી દે; નહિ તો કાલે પણ પાણી નહિ મળે.'

શું કરું? હારીને પ્યાલો પાછો ત્યાં જ મુકી દીધો.

આમ કેટલાક દિવસો વીતી ગયા. રોજ બે વખત ચાર રોટલી અને એક પ્યાલો પાણી અચુક મળતાં. ધીરેધીરે હું પણ આ શુષ્ક અને એકલવાયા જીવનથી ટેવાઈ ગયો. હવે નિર્જનતા એટલી બધી નહોતી સાલતી. ક્યારેક તો હું મારી પોતાની ભાષામાં અને ક્યારેક પસ્તુ ભાષામાં કંઇક ગાતો. એનાથી મને એકલવાયો આનંદ મળતો અને ક્યારેક અંતરમાં શાંતિ જનમતી.

એક રાત્રે હું પસ્તુ ભાષામાં એક ગીત લલકારતો હતોઃ મજનૂ મધ્યાહ્નને તપતા સૂર્યને પુછતો હતો કે 'તારામાં એ શક્તિ નથી જે માણસોને બાળીને ખાખ કરી નાખે? એ ગરમી મને કેમ ભસ્મ નથી કરી નાખતી? મારા અંતરમાં પણ એક જ્વાળા સતત સળગી રહી છે તેથી?'

જ્યે; લયલા જ્યારે મને શોધતી આવે ત્યારે કોઇ જાડા વસ્ત્રથી મારૂં શરીર ઢાંકી દેજે; નહિતો મને જોઇને એનું દિલ કાચની જેમ ફુટી જશે.'

મેં ગાવું બંધ કર્યું. તરત પેલા છેદમાંથી કોઇએ કહ્યું, 'કેદી, એ ગીત ફરીથી ગાઓ.'

હું ચોંકી ઉઠ્યો; કંઇક હર્ષ થયો, કંઇક આશ્ચર્ય પણ થયું. મેં પુછ્યું, 'તમે કોણ છો?'

એ જ છેદમાંથી હવા ઉત્તર લાવી, 'હું તુરિયા; સરદારની બેટી.'

મેં પુછ્યું, 'તમને આ ગીત પસંદ છે શું?'

તુરિયાનો અવાજ આવ્યો, 'હા કેદી, ફરીથી ગાઓ, મારે તે ફરી સાંભળવું છે.'

મેં આનંદથી ગાવા માંડ્યું. ગીત પુરૂં થતાં તુરિયાએ કહ્યું, 'તમે રોજ આ ગીત મને સંભળાવજો. હું તમને વધારે ખાવાનું અને પાણી આપીશ.'

ત્યાર પછી હમેશાં રાત્રે સમય થતાં હું એ જ ગીત ગાતો અને તુરિયા રોજ દીવાલ પાસે આવીને સાંભળતી. મારા મનોરંજનનો એક રસ્તો મળી ગયો.

ધીરેધીરે એક માસ વીતવા આવ્યો, પણ કોઇએ મારી ખબરઅંતર લીધી નહિ. રૂપિયા પણ આવ્યા નહિ. જેમજેમ દિવસો વીતતા જતા હતા તેમતેમ હું જીવન તરફ નિરાશ ને બેપરવા બનતો જતો હતો.

બરાબર એક મહીનો પુરો થયો ને સરદારે આવીને કહ્યું, 'કેદી, જો કાલે રૂપિયા નહિ આવે તો તારે મરવું પડશે. હવે હું વધારે રોટલા જગાડવાનો નથી.'

જીવનની હવે મને આશા ન રહી. એ દિવસે મારાથી કશું ય ખવાયું નહિ. રાત પડી. ફરી પાછું ખાવાનું આવ્યું. પણ ખાવાનું ગમ્યું જ નહિ.

નિશ્ચિત સમયે તુરિયાએ આવીને કહ્યું, 'કેદી, પેલું ગીત ગાઓ.'

એ દિવસે મને કશું ય ગમતું ન હતું. હું ચુપ રહ્યો.

તુરિયાએ પુછ્યું, 'કેદી, ઉઘી ગયા શું?'

મેં ધીમા કચવાતે અવાજે ઉત્તર વાળ્યો, 'ના; આજે ઉઘીને શું કરૂં; કાલે એવો ઉઘી જઇશ કે ફરી કદિ જાગીશ જ નહિ.'

તુરિયાએ પ્રશ્ન કર્યો, 'કેમ, સરકાર રૂપિયા નહિ મોકલે?'

મેં કહ્યું, 'જરૂર મોકલશે; પણ કાલે તો મારો જાન લેવાશે. મારા મોત પછી રૂપિયા આવે તે શા કામના?'

તુરિયાએ સાન્ત્વનાભર્યા માયાળુ અવાજે કહ્યું, 'વારૂ તમે ગીત ગાઓ; હું તમને કાલે નહિ મરવા દઉં.'

મેં ગાવાનું શરૂ કર્યું. જતી વખતે તુરિયાએ પુછ્યું, 'કેદી તમને હેડમાં રહેવાનું પસંદ છે?'

મેં ઉત્તર દીધો, 'હા; કોઇ પણ રીતે આ નરકમાંથી છોડાવો.'

'વારૂ ત્યારે, હું કાલે અબ્બાને કહીશ.' કહીને તુરિયા ચાલી ગઈ.

બીજે દિવસે મને એ અંધારા કુવામાંથી બહાર કાઢવામાં આવ્યો અને મારા બંને પગ હેડના લાકડામાં નાખીને જકડી લીધા.

સરદારે મારી પાસે આવીને કહ્યું, 'કેદી, પંદર દિવસની તને બીજી મુદત આપું છું. સોળમે દિવસે તારા ધડ પર માથું નહિ હોય. આજે બીજી ચિઠ્ઠી લખી આપ. ૪૬ સુધીમા રૂપિયા નહિ આવી પહોચે તો તને જ હલાલ કરવામાં આવશે.' મેં બીજો પત્ર લખી આપ્યો.

સરદાર ગયા ને તુરિયા આવી. મારા તરફ મીટ

માંહીમાંડીને ગે જોઇ રહી. હું પણ એની સામે જોઇ રહ્યો. થોડી વારે તેણે પુછ્યું, 'કેદી, તમારા ઘરમાં કોણકોણ છે?'

મેં કાતર અતાજે કહ્યું, 'બે નાનાંનાનાં બાળકો, બાજું કોઈ નહિ.' હું જાણતો હતો કે અફ્રિદીઓને બાળકો ખુબ વહાલાં હોય છે.

તુરિયાએ પુછ્યું, 'એમની મા નથી?'

કેવળ દયા ઉપજાવવા માટે મેં કહ્યું, 'ના, એમની મા તો મરી ગઇ છે. એ બીચારાં એકલાં જ છે. કોણ જાણે હવે તો જીવતાં હશે કે મરી ગયાં હશે! મારા સિવાય એમનું કોઈ નહોતું.'

કહેતાંકહેતાં મારી આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. તુરિયાની આંખો પણ ભીંજાઈ ગઇ. પણ પોતાનો આવેગ સંભાળી લઇને તેણે કહ્યું, 'ત્યારે તમારે ત્યાં બીજું કોઇ નથી? છોકરાં એકલાં જ છે. બીચારાં બહુ કકળતાં હશે.'

મેં મનમાં રાચતાં કહ્યું, 'જરૂર ટળવળતાં હશે. કોને ખબર, મરી પણ ગયાં હોય!'

તુરિયાએ મને અટકાવીને કહ્યું, 'ના, ના; મર્યા તો નહિ હોય. તમે ક્યાં રહો છો? મને કહો, હું જઇને ખબર લાવીશ.'

મેં ઘરનું ઠેકાણું બતાવ્યું. એણે કહ્યું, 'ત્યાં તો હું બન્નરમાંથી સોદો લેવા રોજ જાઉં છું. હવે જઇશ ત્યારે જરૂર ખબર લાવીશ.'

મેં શંકિત હૃદયે પુછ્યું, 'ક્યારે જશો?' એણે થોડો વિચાર કરીને કહ્યું, 'આવતે ગુરુવારે. હવે તમે પેલું ગીત ગાઓ.'

આજે તો મેં બહુ જ ઉમંગભેર ગીત ગાવાનું શરૂ કર્યું. તુરિયા પર એની અસર કેવી થાય છે એ તો મેં આજે જ જોયું. એનું શરીર કંપવા લાગ્યું, આંખો ભરાઇ આવી, ગાલ ફિક્કા પડી ગયા અને ધ્રુજતીધ્રુજતી એ નીચે બેસી પડી. એની આવી અવસ્થા જોઇને મેં બેવડા ઉત્સાહથી ગાવા માંડ્યું. ગીત પુરું થયું. શાંતિ પથરાઈ ગઇ. મેં કહ્યું, 'તુરિયા, જો હું માર્યો જાઉં તો મારાં બાળકોને એટલી ખબર કહેજે.'

મારા આ શબ્દોની પુરેપુરી અસર થઇ. તુરિયાએ ગદ્‌ગદ કંઠે કહ્યું, 'કેદી, તમે નહિ મરો. હું તમારાં બાળકોને ખાતર તમને છોડી મુકીશ.'

મેં નિરાશ બનીને કહ્યું, 'તુરિયા, તમારા છોડી દેવાથી પ હું બચવાનો નથી. આ અજાણ્યા જંગલમાં ભટકીભટકીને હું મરી જઇશ. અને પાછી તમારા પર શીદને મુસીબત લાવું? મારે ખાતર હું તમને દુઃખમાં નહિ પડવા દઉં.'

તુરિયાએ કહ્યું, 'મારી ચિંતા તમે ન કરશો. મારા ઉપર કોઇ શંકા નહિ લાવે. હું સરદારની બેટી છું; જેમ કહીશ તેમ સૌ કબુલ કરશે. પણ તમે જઇને રૂપિયા મોકલી દેશો ને?'

મેં પ્રસન્ન થઇને કહ્યું, 'હા, જરૂર, તુરિયા, રૂપિયા હું અચુક મોકલીશ.'

'તો હું પણ તમને જરૂર છુટકારો અપાવીશ.' જતાંજતાં તુરિયાએ કહ્યું.

ત્યાર પછી તુરિયા રોજ મારાં બાળકો વિષે વાતો કરતી. અસદખાં, સાચે જ અફ્રિદીઓને બાળકો ખુબ પ્યારાં હોય છે. ઇશ્વરે આમ તો એમને હિંસક પશુઓ જેવાં ક્રૂર બનાવ્યાં છે, પણ મનુષ્યોચિત પ્રકૃતિથી વંચિત નથી રાખ્યાં.

આખરે ગુરુવાર આવી પહોંચ્યો. સરદાર હજી પાછો આવ્યો ન હતો. ટોળાનો કોઈ માણસ પણ આવ્યો જણાતો ન હતો. એ દિવસે સાંજે તુરિયાએ આવીને કહ્યું, 'કેદી, મારા અબ્બા હજી પાછા નથી આવ્યા, એટલે હવે હું નહિ જઇ શકું; જો કાલે પણ નહિ આવે તો હું કાલ રાત્રે તમને છોડી મુકીશ. તમે તમારાં બાળકો પાસે જજો. પણ જુઓ, રૂપિયા મોકલવા ન ભુલશો. હું તમારે વિશ્વાસે રહું છું.'

મેં એ દિવસે ભારે ઉત્સાહથી ગીત ગાયું. મધરાત સુધી તુરિયાએ એ ગીત સાંભળ્યા જ કર્યું. ત્રીજે પહોર થવા આવ્યો ને તુરિયા ચાલી ગઇ. હું પણ ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો કે કાલે પણ સરદાર ન આવે. હેડમાં રહીરહીને મારા પગ નકામા થઈ ગયા હતા. આખું શરીર અકડાઇને દુખતું હતું. આના કરતાં તો પેલો અંધારો કુવો વધારે સારો હતો, કે હાથપગ તો ચલાવી શકતો હતો. સુખની પાછળ ભટકતો માણસ સુખ કરતાં દુઃખ જ વધારે અનુભવે છે.

બીજે દિવસે પણ ટોળી પાછી ન ફરી. એ દિવસે તુરિયા ખુબ ચિંતાતુર હતી. સાંજે આવીને તેણે મારા પગ બોલી નાખ્યા અને કહ્યું, 'કેદી હવે તમે છુટા

(અનુસંધાન આગળ પાન ૧૯૦મે)

સ્કાઉટો વચ્ચે ત્રણ રાત

હાથબનું સ્કાઉટસંમેલન

સ્કાઉટ શબ્દને બદલે વીરબાલ, બાલવીર, બાલસૈનિક, બાલચમુ, પગી વગેરે અનેક શબ્દો વાપર્યા પછી પણ 'સ્કાઉટ'નો પુરો ખ્યાલ પ્રગટતો નથી. 'સ્કાઉટ' આજે જગદ્‌વ્યાપી શબ્દ બન્યો છે. દરેક દેશ 'સ્કાઉટ'ને ઓળખે છે; દરેક દેશમાં સ્કાઉટસંસ્થાઓ એકસરખા નિયમો અને આદર્શો પર બની રહી છે અને આખી દુનિયામાં એક જ રૂપ અને પદ્ધતિપર રચાએલી સ્કાઉટ-સેનાઓ એક નવી માનવપ્રકૃતિની ઝાંખી આપી રહી છે. સ્કાઉટમાં શિસ્ત, તાલીમ, વ્યવસ્થા, સેવા, વફાદારી, કર્તવ્યદક્ષતા, એકનિષ્ઠા, ધીટતા, હીમત, માનવપ્રેમ વગેરે ગુણોની મૂર્તતાનો ધ્વનિ છે. દરેક 'સ્કાઉટ' એવી મૂર્તિ બનવા મથી રહ્યો હોય છે.

ભાવનગરના સ્ટેશન પાસેની ધર્મશાળામાં સ્કાઉટોનાં ટોળાં મુકામ ઉપાડવાના હુકમની રાહ જોતાં બેઠાં હતાં. કેટલાકે સ્કાઉટની તાજી દીક્ષા લીધી હતી તેમનાં કુતૂહલ અને અધીરાઇ સ્પષ્ટ દેખાઇ આવતાં હતાં. સ્કાઉટ કમિશનર શ્રી અનંતરાય પટણી અને સ્કાઉટ સેક્રેટરી શ્રી ગોપાળજી હક્કરે આવી દરેકની હાજરીની સંખ્યા લેવા માંડી. સીહોરના ટુંપમાં આગળ આપેલા હુકમ ઉપરાંત છની સંખ્યા વધી જતી હતી. કમિશનર અને સેક્રેટરીએ નક્કી કર્યા ઉપરાંત વધારે સંખ્યાનું જ લઇ શકાય એવો નિર્ણય કર્યો. કોણ જાય એ સવાલ હતો. દરેક જણને ચારેતરફથી આવેલા સ્કાઉટો સાથે જંગલનો મુકામ માણવાની હોંશ હતી, એટલે કોને બાતલ કરવા તેનો નિર્ણય ટુંપ કરી શકયું નહિ. તે વખતે શ્રી અનંતરાયે તેમના 'સ્કાઉટ-ધર્મ' ઉપર ધ્યાન ખેંચી કોઇપણ છ જણને પોતાની મજા છોડવા સુચવ્યું. સ્કાઉટનો એક મુદ્રાલેખ એવો છે કે 'Others first and self last' (સૌનું થયા પછી પોતાનું). એ વાત સ્કાઉટોના દિલમાં ઉતરી ને વિનાનિર્દેશે છ જણ પોતાની મેળે ઉભા થઈ બાજુ થઇ ગયા ને બીજાને નીકળવા રજા આપી. આ પ્રસંગ નાનો પણ સ્કાઉટપ્રવૃતિનો ઘણો સૂચક હતો.

ભાવનગરથી દસ ગાઉ દૂર હાથબ ગામ આગળ, જરાયે દરિયાકિનારે સ્કાઉટોએ પડાવ નાખ્યો. હાથબ ગામના શેઠ છોટાલાલ ગોવિંદભાઇએ આ સ્કાઉટ-સંમેલનના જમવાનો ખર્ચ આપવાની ઉદારતા બતાવી હતી, એટલે અગાઉથી ખાવાપીવાની સરસ વ્યવસ્થા હતી. સ્કાઉટપ્રવૃત્તિમાં આ રીતે જનસમુદાય રસ લે અને વધારે વ્યક્તિઓ આવી ઉદારતા બતાવે તો આપણા દેશના વિદ્યાર્થીજીવનમાં નવીન ઉત્સાહની ભરતી થયા વિના રહે નહિ.

ભાવનગર રાજ્યમાં ૧૯૨૬માં સ્કાઉટની કુલ સંખ્યા ૩૫૮ની હતી તે આજ ૧૯૨૯માં વધીને ૮૩૭ની થઇ છે, તે જ બતાવે છે કે સ્કાઉટ એસોસીએશન કેટલી સફળતા મેળવી શકયું છે. એસોસીએશનની ચોજના મુજબ ૩૦૦ સ્કાઉટોની સંખ્યાનો જંદોબસ્ત હાથબ મુકામે હતો. ઉપરાંત તે પ્રવૃત્તિમાં રસ લેનારા મહેમાનો અને રાજ્યના જુવાન અધિકારીઓ હતા.

સ્કાઉટો તા. ૨૦મીની રાત્રે ત્યાં પહોંચીને ઠુકડીવાર પડાવ નાખી પડેલા હતા, અને ૨૧મીની સવારે દસ વાગ્યે અમે ત્યાં પહોંચ્યા તે વખતે તો, વિશાળ વડલાની છાયામાં સ્કાઉટ લાકડીઓની ત્રિપાઇઓ બનાવી તે પર હારબંધ ઝોળીઓ લટકાવેલી અને બિસ્તરા ગોઠવાએલી છાવણી જામી પડી હતી.

ઉનાળાનો તાપ તો દસ વાગ્યાથી શરૂ થઇ ગયો હતો, પણ પાસે પડેલો દરિયો ઠંડી હવા વીંઝ્યા કરતો હતો. આ તરફનો દરિયાકિનારો બહુ ભોજભર્યો, રસાળ અને ખુશનુમા છે. દરિયાકાંઠે જ ખેતીવાડી અને લીલીછમ વાડીઓ હીલોળા દે છે અને કાંઠા પરના કુવાનાં પાણી અમૃત સમાં મીઠાં છે.

હાયણનો દરિયાકિનારો

દરિયાકાંઠે 'સબમિટ'ની રમત

છાવણી પાસેની એક આંબાવાડીનો કેસ ચાલતો હતો અને મોટી ચુનાબંધ ટાંકીમાં પાણી ભરાતું હતું. શહેરનાં અને ગામડાંના નાનામોટા સ્કાઉટોએ આ નહાવાની જગ્યા આગળ કોઇના પણ દાબ વગર વિનાસંકોચે પાણીની ડોલો એકબીજા ઉપર બાખુબ ધધડાવી સારી પેઠે મોજ માણી હતી.

બરાબર અગિયાર વાગતાં બ્યુગલ ફુંકાયું. જે જે વખતે બ્યુગલ વાગવાનું હતું તેની સમજ પહેલાંથી જ એક છાપેલી પત્રિકા મારફત સૌને પહોંચાડી હતી. તેમાં છાવણીના નિયમિતતા ને સ્વચ્છતા માટે બહુ જ બારીક ને જરૂરી વિગતો આપી હતી. આનંદની વાત તો એ હતી કે તેનું રજેરજ પાલન થતું ત્યાં જોવામાં આવતું હતું. ક્યાંય કાગળનો ટુકડો પણ કોઇ ફેંકતું નહિ; કદિક કોઇ મહેમાન કે મોટા માણસ એ ભુલ કરે તો ખુદ સ્કાઉટ કમિશનર જોવાને પણ તે જાતે ઉચકી લઇને યોગ્ય ઠેકાણે નાખી આવતા જોયા હતા.

ત્રણે દિવસ જમવાનો સમય ને વ્યવસ્થા એટલાં ચોકકસરીતે પળાએલાં કે તેની વ્યવસ્થા સાચવનારા એક જુના જમાનાના ગૃહસ્થ ધનેશ્વરભાઇએ વાતવાતમાં જણાવ્યું કે 'બ્રાહ્મણો આવી શાંતિ ને વ્યવસ્થાથી જમે તો હજુ જમણનો ખર્ચ કરનારા ઘણા છે!' બ્રાહ્મણોની આબરૂ કેટલી રહી છે તેનો ખ્યાલ એ ઉદ્‌ગારમાં સ્પષ્ટ હતો અને સ્કાઉટો પોતાના વર્તનથી કેવી ઉંચા પંક્તિનું માન પામે છે તેનો પણ એ દાખલો હતો.

મને ઘણા વખતથી ગુજરાતી વિદ્યાર્થીઓ અને જુવાનો માટે લાગતું કે તેઓ એકતાલથી, એક અવાજથી કંઈ બોલી શકતા નથી; તેમને એક પણ કડી એકસુરે ગજવતાં આવડતી નથી, અને સમૂહની એક તાનતાનો ઉલ્લાસ માણી શકતા નથી; પણ અહીં દરેક સ્કાઉટ-ટુકડીને પોતાની ઓળખાણ આપતી કવિતા કે જોડકણું અભિમાન અને હૈયાભર ઉલ્લાસે અત્યંત એકધારૂં ને તાલબદ્ધ ગજવતી જોઇ હર્ષ થતો હતો. સોળ વર્ષથી નાના વિદ્યાર્થીઓ (જેને સ્કાઉટ મંડળમાં 'કબ'(સિલ્વાલ)કહે છે તે)ની ગર્જના 'આચાર્ય! આચાર્ય! હમ અચ્છા બચ્ચા હોગા' સાંભળીને તો એ વામનસેનાની ઊર્મિઓ પોતાની બાલવયમાં ભોગવી ન શકયા હોય તેમને વસવસો રહી જાય.

જમણ પુરૂં થતાં જ દરેક જણ (મોટા રાજવંશી અમીરનો નબીરો હોય તે પણ) હાથમાં પોતાના પડિયા પત્રાળાંનો પડો કરી દૂરની ખાડમાં નાખવા જતો. એ પ્રસંગથી સ્કાઉટજીવનમાં કેવો સમભાવ કેળવાઈ રહ્યો છે તેની ખાતરી થતી હતી. ગરીબ-તવંગર સૌએ સાથે કુદરતને ખોળે એક જ જમીન પર સુવું, એકસરખો ખોરાક ખાવો અને બધેબધા મિલાપી કવાયત કસરતો કરવી ને ગીતો ગજવવાં એ પ્રસંગમાંથી જુવાન જનતા કેટલો પાઠો શીખતી હશે?

બપોરનો બધો વખત આરામમાં જતો. ચાર વાગતાં બ્યુગલ અને બૅન્ડના અવાજે સાથે બધી ટુકડીઓ દરિયાના લાંબા સપાટ રેતાળ કિનારા—'બીચ'—ઉપર ઉતરી આવતી. ત્યાં દોડવાની શરતો, વાવટાની નિશાનીઓથી સંદેશા મોકલવાની કવાયત અને મજબુતીની કસોટી કાઢતી રમતો થતી. એ બધામાં ઉપરીના હુકમોનું ચુસ્ત પાલન, શિસ્ત અને વ્યવસ્થા મુખ્યત્વે આકર્ષક હતાં. હુતુતુતુની રમતમાં થોડોક ફેરફાર કરીને આ રાજ્યના સ્કાઉટોએ 'સબમિટ' અથવા 'મિટ જા'ની જે રમત ચલાવી છે તે રમાતી જુઓ તો તમને લાગે કે તોફાનની વચ્ચે કેમ પડવું અને નીકળી જવું અથવા હુમલો કરવા આવેલા એકાદ મજબુત માણસને સામટા ધસારા કે સહકારથી સાવચેતીપૂર્વક કેમ ઝપટમાં લઇ

ડાબી બાજુએ
ચીફ સ્કાઉટ શ્રી નિર્મળકુમારસિંહજી
જમણી બાજુએ
ભાવનગર રાજ્યના સ્કાઉટ કમિશ્નર
શ્રી અનંતરાય પટણી

લેવો તેની ખરેખરી તાલીમ મળી રહી છે. ગમે તેટલી કસરતો, પટા કે દાવ જાણતા છતાં ખરેખરા મામલા વખતે અવયવો કેટલી તત્પરતા, ચપળતા અને સમયસૂચકતા વાપરી શકે છે તેના પર જ ખરી કસોટી નીકળે છે. 'મિટ જા'ની રમતમાં રમનારાઓમાં રમતનો સાચો વેગ આવે છે અને એ રમતથી કસાએલાં તેમનાં શરીર ગમે તે પ્રસંગે એ પ્રકારની ચપળતાનો પડકાર આપી શકે છે એમ જણાય છે. એ રમતમાં મહુવા અને ભાવનગરના રોવરો સામસામા ઉતર્યા ત્યારે દરેક જણને એનું શૂરાતન ચડતું અને હોકારા તથા શાબાશીના પોકારો દરેક જણના મોંમાંથી પડતા હતા. ભાવનગર રાજ્યની કાઉન્સિલના પ્રમુખ સર પ્રભાશંકર પટણી તે વખતે પ્રેક્ષકોમાં હતા. ૬૫ વર્ષના એ વૃદ્ધને એક યુવાનની માફક અવાજ કરતા અને ફાળ ભરતા જોનારાઓને તે દિવસની રમતનો રંગ ઔર લાગ્યો હતો. છેવટે એ વૃદ્ધ શરીરમાં રહેલું યુવાન દિલ મોટાઇનો પડદો ચીરીને બહાર પડ્યું અને પાઘડી ને અંગરખો ઉતારી બાહુ થાબડતાં જુવાનોને પડકાર દીધો. ખાલી પોશાક વિનાના બેચાર બીજા વૃદ્ધ અને આધેડ ગૃહસ્થો એક બાજુ અને સ્કાઉટ કમિશ્નર મિ. અનંતરાય પટણી તથા બીજા પુખ્ત વયના સ્કાઉટ નાયકો સામા બાજુએ' એમ તેમણે પણ 'મિટ જા'ની રમત જમાવી અને વૃદ્ધોએ પણ દેખાડી આપ્યું કે તેમનાં પાણી મરી ગયાં નથી. છેવટે સર પટણી અને તેમના પુત્ર અનંતરાય પટણી સામસામા આવ્યા. પુત્ર પિતાની મર્યાદા જાળવવા યત્ન કરતા; પણ પિતા પડકારો કરી તેને સાચી રમતમાં ઉતારતા હતા. એ દૃશ્ય સ્કાઉટ-મેળાનો અપ્રતિમ પ્રસંગ હતો. છેવટે પુત્રે પગ પકડી પિતાને સ્નાન કર્યા. 'અરે! મારા પગ પકડીને હાથ કરીશ?' એમ પિતાએ પુછ્યું ત્યારે 'દીકરો પિતાના પગ સિવાય બીજું શું ચાહે?' એ વાક્ય પુત્રે ઉચ્ચારેલું સંભળાયું. વેદકાળની જુની વાત આ સ્કાઉટ પુત્રે ફરી તાજી કરી.

સમયસર સાંજની રમત બંધ થઇ અને સ્કાઉટો છાવણીમાં જઈ સાંજનું વાળુ કરી કૅમ્પ ફાયર આગળ બેગા થયા. કૅમ્પ ફાયર એ સ્કાઉટોનો પરમ આલ્હાદક અને પવિત્ર પ્રસંગ ગણાય છે. જે ટુકડીઓના નાયકોને અગ્નિ પ્રગટાવવાનો હુકમ મળ્યો હોય તેઓ એક ચોગાનમાં અગાઉથી લાકડાં ગોઠવી રાખે, અને ચારે દિશામાં તેની રક્ષા કરતા આડે પડખે પડે. બાંધેલી મર્યાદા પ્રમાણે બીજી સ્કાઉટ ટુકડીઓ આવીને ચારે કોર ગોળ કુંડાળું કરી બેસે. પછી સ્કાઉટ કમિશ્નર કે ચીફ સ્કાઉટ આવીને નીમેલે વખતે અગ્નિ પ્રગટાવે અને ઈશ્વર પાસે સ્કાઉટોનું મંગળ ચાહે તથા વડીલોને બાળકોનું રક્ષણ માગે. ત્યારપછી બધા સ્કાઉટો સાથે મળી એક પ્રાર્થનાગીત ગાય જેમાં સ્કાઉટ તરીકે પોતાના જીવનમાં મક્કમ રહેવાની ભાવના ખાસ હોય છે.

કૅમ્પફાયર આગળ દરેક ટુકડીના સ્કાઉટોએ પોતાના તરફથી કાંઇક ગમત, વેશ, વિનોદ કે સંગીત કરી બતાવી સૌનું રંજન કરે. એ રીતે તે વખતે સ્કાઉટોનો ખરો કુટુંબ મેળો થાય છે. ગામેગામના નાનામોટા સ્કાઉટો પ્રેમ, સદ્‌ભાવ અને પિછાન કેળવે છે. મોટી પદવીવાળાઓ પણ સૌની સાથે ભાઇચારાથી વર્તે છે. નીમેલા વખત સુધી એ જલસો ચલાવી છેવટે ચીફ સ્કાઉટ અથવા સ્કાઉટ કમિસ્નર અગ્નિ સમીપ આવી પૂર્ણાહુતિ કરે. તે જ વખતે રાતના પહેરા કોણે ભરવા તે જણાવે અને છાવણીનો ગુપ્ત શબ્દ લેવા તેમને એકાંતે મળે.

સર પટણીને 'સ્કાઉટવડીલ'નું પદવીદાન

દુધભરી ચાંદની રાત સાગર પરથી પૃથ્વી ઉપર છવરાઇ ગઇ અને સર્વ સ્કાઉટો ખુલ્લા આકાશ નીચે મોટા ચોગાનમાં હારબંધ પથારીઓ નાખી પડચા. કોઇની ફરિયાદ નથી, કોઇ હેરાન નથી; સ્કાઉટ કુટુંબનો આનંદ બધાના દિલમાં છે. પહેરા ભરનારી ટુકડીઓ ગોઠવાઇ ગઈ અને બધું શાંતિમાં શમી ગયું.

મધરાતને ટકોરે જાગી જતાં કોઇ વિશાળ કબ્રસ્તાનની શાંતિ લાગી. પણ વડ આગળ બેત્રણ જણ ચુપચુપ તપાસમાં નીકળેલા જણાયા. સ્કાઉટ કમિશ્નર, સ્કાઉટ માસ્તર અને એકાદ નાયક છાવણીની ચોકી ભરોબર થાય છે કે નહિ તે જોવા નીકળી પડચા હતા.

સવાર પડતાં પહેલાં તો એ શાંતિને ચીરીને બ્યુગલનો જોસબંધ અવાજ ગાજી રહ્યો અને વિજળીના ઝબકારાની જેમ બધી પથારીઓ હાલી ઉઠી. પાંચદસ મિનિટમાં તો બધું મેદાન સાફ અને સૌ વડ નીચે પહોંચી ગએલા. થોડી વારમાં સ્કાઉટ-ધ્વજ આગળ ગોળાકારમાં બધી ટુકડીઓ પુરા પોશાકમાં સજ્જ બની ગોઠવાઇ ગઇ અને ઝંડાના સરોદાથી વાવટાને નમન —સલામ અપાઇ. વાવટો હવામાં ફરફરી ઉઠયો. એકેએક સ્કાઉટ સલામ આપતો હતો. શો ભવ્ય અને ગંભીર દેખાવ! થોડીવાર બધે શાંતિ પ્રસરી રહી, સૌ સ્તબ્ધ અને મૌન ઉભા રહ્યા.

પછી સ્કાઉટ કમિશ્નર અને ચીફ સ્કાઉટ બધી છાવણીની તપાસમા નીકળી પડચા. દરેક છાવણી સ્વચ્છ હોવી જોઇએ, દરેક સ્કાઉટનું બિછાનું સ્વચ્છ હોવું જોઇએ, બધી ગોઠવણ ભરોબર હોવી જોઇએ. કોઇ ઠેકાણે ભુલ હોય તો તેઓ પાછા આવીને ફલૅગ-

'આગ વખતે બચાવ'ના પ્રયોગોનું એક દૃશ્ય

સર્કલમાં જાહેર કરે. તે પછી દસ વાગ્યા સુધીનાં કામનું પ્રોગ્રામ જાહેર કરી સૌ વિખરાયા.

આ ત્રણ દિવસનો સાધારણ ક્રમ થયો. પણ આ સંમેલનમાં કેટલીક વિશેષ આકર્ષક વ્યક્તિઓનો પરિચય થયો અને નોંધવાયોગ્ય બીનાઓ બની તેથી એ સંમેલન વધુ યાદગાર બન્યું છે.

ભાવનગર રાજ્યના ઇરીગેશન એન્જિનિયર પ્રો. જયશંકર ત્રિવેદીએ એસોસીએશનના ચેરમૅન તરીકે ભાગ લઇને પોતાનો 'સ્કાઉટ'નો જુસ્સો પુર બહારમાં બતાવ્યો હતો અને સૌમાં તેની અજબ અસર આરપાર ઉતારી હતી. સૌને ખબર છે કે એમણે પૂનામાં રહીને ગુજરાતનું એક જબ્બર મથક જમાવ્યું હતું; તે સાથે એ પ્રાંતની સ્કાઉટ-પ્રવૃત્તિમા પણ આગેવાની લઇને લાના આસિસ્ટન્ટ પ્રોવિન્શ્યલ સ્કાઉટ કમિશ્નર નીમાયા હતા. શરૂઆતમાં જ્યાં લગભગ ૩૦૦૦ સ્કાઉટ હતા તેમાંથી ત્યાં ૧૦,૦૦૦ની સંખ્યા વધારનારમાં કેટલો ઉત્સાહ, કેટલી પ્રેરણા અને ઉંચી નિષ્ઠા હશે તેનું અનુમાન સહજ થઇ શકશે. અહીં તો નજરોનજર જોયું કે સ્કાઉટસૃષ્ટિમાં તે અદ્‌ભુત પ્રાણસંચાર કરી શકે છે. તેમણે ચેરમૅન તરીકે જે રીપોર્ટ વાંચ્યો તેમાંના નીચેના અવતરણમાં સ્કાઉટિંગને તેઓ પોતે કેવી ભાવનાથી ઉપાસે છે તેનું દર્શન થાય છે:

'હવે તો દરેકને સારીરીતે સમજાઇ ગયું છે કે આપણી ભવિષ્યની પ્રજાના માનસજીવનનો આધાર તેની બાલકેળવણી ઉપર રહ્યો છે. તેમજ દરેક કેળવણીકાર એ પણ સ્પષ્ટ કહેશે કે ખરી કેળવણી નિશાળની ચાર ભીંતોમાં જ આપી શકાની નથી. તેથી તે તેટલા પ્રમાણમાં અપૂર્ણ છે. પ્રબર બાલમાનસ-

શાસ્ત્રીઓએ ઘણા અભ્યાસ અને પ્રયોગો કર્યા પછી આ સ્કાઉટની પ્રવૃત્તિ જનસમૂહ આગળ આ મોટ પુરી પાડવા મુકી છે. દરેક દેશના નેતા અને કેળવણીકારોએ તેને વધાવી છે. અને આજ તારીખે હું ખાતરીથી કહી શકું છું કે ભવિષ્યના આદર્શ નાગરિક માટે, એટલે સાચા રાજભક્ત, સ્વાવલંબી, બુદ્ધિમાન ઉત્સાહી, પ્રેમાળ સેવક માટે, આપણી પાસે સ્કાઉટ-તાલીમ જેવો બીજો એકકે પ્રોગ્રામ નથી. સ્કાઉટ-તાલીમની ખરી ખુબી તો તેમના Organisationમાં (નિયમનમાં) Self imposed disciplineમાં (સ્વસ્વીકૃત શિસ્તમાં) અને ચારિત્ર્યના ઘડતરમાં છે. આપણી અત્યારની સમાજની અને દેશની સ્થિતિમાં જે કાંઇ નાનીમોટી ત્રુટીઓ છે તે સર્વે દૂર કરવાનાં પ્રબળ સાધન સ્કાઉટિંગમાં છે.'

પ્રો. ત્રિવેદીનો ઉત્સાહ કેટલોય નવાસવાને યે સ્કાઉટિંગ તરફ આકર્ષણ કરતો. સ્કાઉટિંગની પ્રવૃત્તિની તેમની ધૂન દરેક માણસને અસર કરતી. સ્કાઉટ-છાવણીની આસપાસ કેટલાંક ગામડિયાં છોકરાં કુતૂહલથા એકઠાં મળેલાં. તેમને જોતાં જ પ્રો. ત્રિવેદીને પ્રેરણા થઇ અને થોડીક વારમાં તો એ બધાંને હારબંધ ઉભા કરી 'એક, બે'ની તાલીમ આપી પલટનની માફક કવાયત પર ચડાવી દીધા. પછી તો છોકરાઓને પણ એવો આનંદ થયો કે ત્રિવેદી ઉભા હોય ત્યાં ગમે ત્યાંથી ભેગા થઇ જાય! બધાએ વિનોદમાં તે ટોળીને ત્રિવેદી –ટુંપનું નામ આપ્યું હતું. એ ટુંપને એક સરખો પોશાક હતો. સરસ તંદુરસ્તી પણ હતી; માત્ર સ્કાઉટની વ્યવસ્થા અને તાલીમ મળે તો એ તેમના ગામડાની ગોહવણ ને સાચવણ સરસરીતે કરી શકે એમ લાગ્યું.

બધી ટુકડીઓના સ્કાઉટોએ પોતપોતાની વિશિષ્ટ તાલીમ બતાવવાને જે પ્રોગ્રામ રજુ કર્યો હતો તેમાં ખાસ કરીને ધ્યાન ખેંચે એવું કામ 'આગ વખતે બચાવ'ની તાલીમ ને તરકીબો હતાં. એનો પ્રયોગ બતાવતાં પણ સ્કાઉટો ને રોવરોમાં બહુ તાકાત અને હીમત નજરે પડતાં હતાં. બળતા મકાનમાંથી બાળકો ફેંકી નીચે જળી પર ઝીલી લેવાં, સામાન બહાર કાઢવો આગની ગરમી અને ગુંગળાટથી બચવા શી તૈયારીઓ કરી દાખલ થવું, દાક્તરી મદદ મળે તે પહેલાં કેમ વર્તવું, તથા દાક્તરને મદદગાર કેમ થવું એ બધી બાબતોમાં ભાવનગરના સ્કાઉટોએ સરસ કામ બતાવ્યું હતું.

મહુવાના સ્કાઉટોએ સાઇકલ પર અસાધારણ કાબુ જમાવ્યો હતો ને તેના પ્રયોગો બધાએ સાનંદાશ્ચર્ય જોયા.

છેવટે એક અતિ સુંદર પ્રસંગ તે સર પ્રભાશંકર પટણીને સ્કાઉટ મંડળમાં લેવાને સ્કાઉટ ચેરમેને તેમને સફેદ સ્કાર્ફ આપ્યો તે. એ ૬૫ વર્ષના બુઝર્ગ રાજપુરુષને સ્કાઉટની પ્રવૃત્તિમાં પુરેપુરો રસ લેતા જોઇ સૌએ તેમને મોટા સ્કાઉટ અથવા 'સ્કાઉટ વડીલ'ની ઉચિત પદવી આપી તથા ચીફ સ્કાઉટને હાથે સફેદ રૂમાલ પહેરાવ્યો; અને તેમ કરીને જાહેર કર્યું કે તે દિવસથી તેઓ સ્કાઉટોના વડીલ બંધુ બન્યા છે, અને સ્કાઉટો તેમને દુનિયાનાં બીજાં માણસોની પેઠે સર પ્રભાશંકર પટણી તરીકે નહિ પણ 'સ્કાઉટ વડીલબંધુ શ્રી પ્રભાશંકરભાઇ'ના નામે સંબોધન કરશે.

ભાવનગરના યુવાન મહારાજા અને તેમના નાના ભાઈ શ્રી નિર્મળકુમાર આ સ્કાઉટ સેનાના મુખીઓ છે અને તેમના ઉત્સાહથી અનેક વિદ્યાર્થીઓ અને યુવાનો તથા રાજ્યના યુવાન અમલદારો પણ આ સંસ્થાને દિનપ્રતિદિન પુષ્ટ કરી રહ્યા છે. આપણે આશા રાખીએ કે રાજ્યના એકેએક બાળક સુધી સ્કાઉટિંગનો સાચો ધર્મ પ્રસરે અને એ જીવનના અનેરા આનંદો માણતા બને.

ર. મ. દ.

અજ્ઞાન સામે જુંબેશ . . અનુસંધાન માધુકરીને છેડેથી

નકલની મદદ વિના તે પોતાનું નામ લખી શકશે. આ આંકોની પદ્ધતિથી મૂળાક્ષરના બધા અક્ષરો શીખવી શકાય.

શીખવવામાં આખું વાક્ય જ મુકવું. તેને સ્પષ્ટ કરવા ચિત્રો અને વાતચિતનો પણ ઉપયોગ કરવો. પાઠમાંનું દરેક વાક્ય બતાવી રહ્યા પછી તેમાંના છુટાછુટા શબ્દોની તાલીમ આપવી. શબ્દો અને વાક્યો એવાં હોવાં જોઇએ કે જે વિદ્યાર્થીના જીવન સાથે સંબંધ ધરાવતાં હોય. એટલું ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ કે મોટાંઓનું શિક્ષણ તેમની આવડત અને તેમના જીવનના અનુભવોને અનુસરતું હોવું જોઇએ. યુનાઇટેડ સ્ટેટ્સની રાત્રિશાળાઓમાં પહેલવહેલા પાઠ્યપુસ્તક તરીકે એક નાના વર્તમાનપત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, ને એ પત્ર ખાસ એ શાળા માટે જ દરઅઠવાડીએ તૈયાર કરવામાં આવતું!' (અમેરિકન 'વેલફેર' ઉપરથી)

એક—તમારા ચહેરામાં લુચ્ચાઇ સાફ જણાઈ આવે છે.

બીજો—મારો ચહેરો અરીસો છે તો તો મેં આજે જ જાણ્યું.

ભીલોની ભૂમિમાં

ભીલ

હિંદુસ્તાનની ૧૬ લાખ જેટલી ભીલ કોમને ભાન સરખુ યે નથી કે પોતે કોના ધર્મમાં છે, પોતાના દેશબાંધવો કોણ છે? સરકાર ને સમાજના ત્રાસથી બીને તેમણે જંગલમાં વાસ કર્યો છે. વરતીને કોઇ અગોચર સીમાડે તેમના વાસ છે. જંગલના પશુ કરતાં તેનામાં વધુ સમજ નથી. સરકાર ભીલ પાસેથી પશુની જેમ વેઠ કુધરાવે છે; સમાજ પશુની જેમ તેને બાડે રાખે છે કે ખરીદ કરી શકે છે; તેનાં સ્ત્રી બાળકોમાં નૈતિક હીમત રહી નથી, નૈતિક વ્યવહાર પચ્યુ રહ્યો નથી. પાદરીઓ તેમને વસ્ત્રો અને અન્નની લાલચે ખ્રિસ્તી બનાવે છે. ભીલ, દારૂ નિરૂદ્યમ અને દારિદ્રયનો એક કીડો માત્ર બની રહ્યો છે. અને પૃથ્વી ઉપર પોતાનો કોઈ અધિકાર હોઈ શકે કે નહિ તેનું તે ભાન ભુલી ગયો છે. ઇતિહાસ કહે છે કે જેની કોમો પહેલાં આ દેશનાં જંગલો અને ભૂમિનું સ્વામિત્વ ભોગવતી હતી તેનેજ આજ લોકોએ અને ભૂમિએ સેકડો વર્ષથી ભાકરો આપ્યો છે. પવિત્રતા, મોક્ષ અને બ્રહ્મજ્ઞાનની વાતો કરતી પ્રજા પોતાની સંસ્કૃતિનો જરા યે ફાકડા રાખતી હોય તો એ પતિત માનવબંધુઓને પુનઃ પોતાની સોડમાં લઈ જ્ઞાન અને સંપત્તિનાં દ્વાર ખરેખ ભાગે વહેંચવાં જ જોઇએ. જ્યાં સુધી સમાજની પ્રથમ પંક્તિના હાથ આવી છેવાડે પડેલી પ્રજાને ભેટવા લાંબા થયા નહિ ત્યાં સુધી હિંદુસ્તાનની આખી પ્રગતિની આશા વ્યર્થ છે.

ફેળવાએલા અને મોટા પગારોએ લાગી ગએલા દલદલે વિદ્વાનો અને શિક્ષિતોની નામોશી ટાળવા ગુજરાતમાંથી એક એવો ભેખધારી નીકળ્યો છે કે જેણે જ્યાંત્યાં નીચે કચરાતી અથવા અજ્ઞાનના અંધારે ગુંગળાતી માનવ જાતિની વેદના જોઇ છે ત્યાંત્યાં જાતે જઈને તેમને મલમપટ્ટા કરી, આશ્વાસન આપી, પ્રકાશમાં લેવાને જીવન વહેવડાવ્યું છે. એ ભેખધારી તે 'દલિતોના બાપા'નું ગ્રસ્થું બિરૂદ પામેલા ઠક્કર બાપા, શ્રી અમૃતલાલ વિ. ઠક્કર. આજ પચાસ વર્ષ પણ એ, જુવાનીના જોમથી પછાત રહેલી કોમોને ખોળાખોળી તેમનાં સંસ્થાન સુધારવા લાગ્યા છે. એમની એ અતુલ સેવાપરાયણતાએ કેક યુવાનોમાં ભક્તિ અને સેવાભાવના ઉત્પન્ન કરી તેમના અનુયાયીઓ બનાવ્યા છે.

પંચમહાલ જિલ્લાના ભીલો પર પડતી વેઠ અને દારિદ્રયની હકીકત એ જ જીલ્લાના વતની સુખદેવભાઈના ધ્યાનમાં ઉતરી તે જ દિવસથી ભીલોનો ચડતો દિવસ થયો છે. એ ભાઇએ ભીલસેવાનું વ્રત લઇ માથાની ટોપી વેળગી મુકી અને ઠક્કર બાપાને મોવડી થવા આમંત્ર્યા. શ્રી લક્ષ્મીદાસ શ્રીકાન્ત જેવા ગજ્જરશ્રીમંતે ભીલ સેવામંડળનું મંત્રીપદ સ્વીકાર્યું અને આજે તો એમના જૂથમાં એકેએક એવો બહાદુર સેવક છે કે જેના દર્શનથી કૃતાર્થ થઇએ.

'બોંતેર વર્ષ પહેલાં દાહોદ-ઝાલોદ તાલુકા કાળાપાણી જેવા લેખાતા હતા. આ પ્રદેશમાં પરદેશીને ભીલ વસ્તીમાંથી એકલા જવું સલામત લેખાતું નહોતું. દુષ્કાળ પ્રદેશમાં ખેતી હલકા દરજ્જાની થતી હોવાથી તેમાંથી ઉત્પન્ન થતું ધાન્ય ઉનાળામાં ભીલ ખેડુતની ઝુંપડીમાં સિલિક રહેતું નથી અને 'ભુખ્યો ભીલ ચોરી કરે' એવી બરી કહેવત પડી ગઇ છે. દર ત્રણ વર્ષે એક દુકાળ નીપજે છે એટલે ગરીબનું નસીબ ગરીબ જ રહે છે. ગુજરાતની બાજાવા સરખી ભૂમિમાં કોઇને જંગલ ને નપાણીઓ મુલક જોવો હોય તો આ દાહોદ ઝાલોદ તાલુકાનો છે. ભીલોનું ગામ એટલે સો ખાસો કદમ દૂર ટેકરિયાળ જમીન ઉપર પોતપોતાનાં ખેતરમાં ખુટીખુટી ઉભી કરેલી છાપરીઓ. પરસ્પરથી દૂર રહેતા આ ભીલોમાં જાતિ કે સમાજબંધારણનું નામ રહ્યું નથી. દરદ, દુકાળ ને આળસ આજે તેના જરા કરી રહ્યાં છે દારૂ તો એનો પરમ મિત્ર બન્યો છે. લગ્નજલસામાં, મરણમાનપરોણે કે માંદગીમાં એ દેવું કરીને-ગુન્હો કરીને પણ દારૂ પીવાનો. પરિણામે શાહુકાર ને સરકારના પંજામાં તે સપડાય છે. બૂચાના ઢોગ ધતુરા પણ તેના ઉપર ખૂબ ચાલે છે.

ભીલ સ્ત્રી

આટલા બધા અવગુણો સામે તેનામાં કેટલાક ગુણગૂન

ભીલ કન્યા

ઉપર : જંગલમાં વસતાં ભીલ બાળકો. બાજુએ : ભીલ સેવામંડળના આશ્રમમાં તાલીમ ને સંસ્કાર પામી પોતાની જાતિમાં રામાયણનો પ્રચાર કરતા ભીલકુમારો.

ગુણો છે. સો વર્ષનું બાપનું દેવું ભરપાઇ કરવાની પ્રામાણિકતાને હજી તે જાળવી રહ્યો છે. ઉઘાડે શરીરે, કડકડતી ટાઢમાં અથવા વરસતી લૂમાં ૨૫ માઇલ પગે ચાલી નાખવાની શક્તિ તેનામાં જન્મથી જ વસેલી હોય છે. તીરકામઠું લઈ અંધારી રાતે તે દૂર નીકળી જઇ શકે છે અને વાઘને કૂતરાની જેમ નસાડે છે. એ જ ભીલને સરકારના કાયદા ને હલકા નોકરોના ત્રાસ આગળ કાયર ને ડરપોક બનેલો જોઇને આશ્ચર્ય થાય છે. પહેરવેશમાં એણ ઢાંકવા એક લંગોટી ને માથા પર એક ફાળિયું; ખોરાકમાં મકાઈ, બંટી, બાવટો, કે ગુજરો દળીને કરેલી રાબ; અને પથારીમાં ડોરની કોડમાં પાથરેલું પુળો ઘાસ;—એવા એ ભીલ માટે દુનિયાએ પ્રગતિના બારણાં બંધ કર્યા છે.

આવા ભીલોના છસો ચોરસ માઇલના વિસ્તારમાં ડુંગર બાપા અને ભીલ સેવામંડળના બહાદુર યુવાન સેવકોએ અજબ આશ્વાસન ફેલાવ્યું છે રૂપને સુંદર ફેરફારો કરી નાખ્યા છે. એ વેરાન ભૂમિમાં સાત આશ્રમો અને ત્રણ શાળાઓ એ મંડળ ચલાવે છે. બધા મળી બસો વિદ્યાર્થીઓ માટે મફત શિક્ષણ ઉપરાંત ખાવા-રહેવાની, કપડાંની અને શિક્ષણનાં સાહિત્યોની વ્યવસ્થા સાચવે છે. આશ્રમોની આસપાસ ખેતી માટે રાખેલી થોડી જમીનમાં વિદ્યાર્થીઓ પોતે જ ખેતી કરે છે. જંગલમાંથી પશુ જેવી અવસ્થામાં મેળવેલાં બાળકોમાંથી સંસ્કાર મળતાં એવાં સુંદર સશક્ત અને ચકોર કુમારનૂર બની રહે છે કે તેમને મુકાબલે સંસ્કારી કોમોની ઘણી સંસ્થાઓને શરમાવું પડે. બીજા અભ્યાસ અને સંસ્કારની સાથે સ્કાઉટિંગનું જ્ઞાન પણ તેમને આપવામાં આવે છે. મુંબાઇની નંબોરીમાં તથા ગોધરા રૅલી વખતે જંગલમા ઉછરતો ભીલબાળ જન્મથી જ સ્કાઉટ છે તે તેમણે સિદ્ધ કરી બતાવ્યું હતું.

વાલ્મિક અને શબરીના વંશજોને આજસુધી ધર્મ વિષયમાં જંગલી ગણતા હતા તેઓજ આજે સાચી ધાર્મિક ભક્તિથી તેમના ઈષ્ટદેવ રામચંદ્રજીના મંદિરમાં રામનામ ગાય છે અને ગવડાવે છે. દર રામનવમીએ ભીલકોમ સેવામંડળની હીલચાલથી રામમંદિર આગળ ઉત્સવ અને મેળો કરે છે. શ્રી વિષ્ણુ દિગંબરના એક શિષ્ય શ્રી દત્ત

ભીલ યુવાન

મહારાજે તેમનું સંગીતનું જ્ઞાન આ ભીલોમાં રેડવાને બીજ બામામાં ૧૮ ગીતોમાં રામાયણ આખું ઉતાર્યું છે અને તેની સપ્તાહો ભીલોના ગામડે ગામડે થઈ રહી છે. ભીલ બી પુરુષોએ તે મોટે કરી લીધું છે ને આશ્રમનું વાતાવરણ ઘેરઘેર પ્રવેશ પામ્યું છે. ભીલકુમારોને એ રામાયણ ગાતા સાંભળીને કોઈ અનાદિ સ્વર તેમના ગળામાંથી દિવ્ય સંદેશો પ્રેરતો લાગે. ભીલ બાળકોમાં સંસ્કાર ને સેવાપરાયણતા વેતારી રહેલા અહીં ક્રમ કરતા ગુજરાતના તેજસ્વી યુવાન ભાઈઓમાંના ઘણાખરા ગુજરાત વિદ્યાપીઠના જ સ્નાતકો ને વિદ્યાર્થીઓ છે. એમણે પોતાનું શિક્ષણ ને વિદ્યાપીઠનું નામ ઉજાળ્યું છે અને ગામડાંમાં જઈ શી રીતે સેવા કરી શકાય તેના ઉત્તમ દાંતો આપી રહ્યા છે.

આ ભીલ કુમારો ચોખીન રાહેરીઓ નહિ બને. આજ પણ તેઓ શાળાની રજાઓ દરમિયાન પોતાનાં ગામડાંમાં જઈ વસે છે, ભીલ ભીલો જોડે તેમનું ગરીબ જીવન જીવે છે ને તેનો રંક રોટલો સંતોષથી ખાય છે; છતાં ભીલમાં સંસ્કાર

નું જ્ઞાનની લાલસા પેદા કરી શકે છે. હજુ ભીલકોમ સમાજની કોઈ ધાડપાડુ ટોળી કે બહિરમુખ થયેલી ગુનેડગાર જાતિ રહી નથી. હિંદુધર્મે પોતાની દયાની જળવની હોય તો આ સીમાડામાં સંસ્કાર ને પ્રાણ પુર્યે જ છુટકો છે.

ર. મ. શા.

સ્ટેલિન અનુસંધાન પૃ. ૧૬૭થી

પ્રશ્નને સફળ ઉતાર્યો, ત્યાં એની સમક્ષ બીજી તક ગાવીને ઉભી રહી. નામેદાર રાજદ્વારીનો કમિશનર મટીને એ અખિલ રશિયાના સામ્યવાદી મહામંડળ (કૉમ્યુનિસ્ટ પાર્ટી)નો મંત્રી બન્યો. આજ સુધી આ જગ્યા બહુ અગત્યની ગણાતી નહિ; પણ સ્ટેલિને તો ચાણક્યબુદ્ધિથી એ જગ્યાનું મહત્ત્વ માપી લીધું અને એ પદ ધારણ કરીને આખા સામ્યવાદી વર્ગને પોતાનું અનુકૂળ શસ્ત્ર બનાવવાની ઇદ્રજાળ વિસ્તારી. પોતાનું ધાર્યું કરવું એ તો એની પ્રકૃતિ જ છે. સર્વ સત્તાધીશ બનવાની પોતાની નેમ સિદ્ધ કરવા એણે એવી ખુબીથી આખા રશિયા ઉપર ઠેરઠેર સામ્યવાદી મંડળોની ઑફિસમાં પોતાના પક્ષના જ વડા અધિકારીઓ નીમી દીધા, કે કેટલોક સમય તો રાજ્યતંત્રના નિર્યાદકોને એ વાતની ગંધ સુદ્ધાં સાંપડી નહિ. પણ ધીમેધીમે સ્થાનિક મંડળોમાં અસંતોષની જ્વાળા સળગવા લાગી, વિરોધના સૂર સંભળાવા માંડ્યા અને પછી તો પ્રત્યક્ષ સામનો કરવાના અખાડા મંડાયા. પણ સ્ટેલિન તો ચાણક્ય. એણે ઝીનોવીફ જોવાને પોતાની ગેાદમાં સંધર્યા. રાજદ્વારી પોલીસ પર કોઇ અદ્‌ભુત ઇંદ્રજાળ બિછાવી.

એક બાજુ ઝીનોવીફ અને સ્ટેલિન તથા સામી બાજુ વિરોધીઓને મોખરે ટ્રૉટસ્કી એમ રાજદ્વારી લડાઇના વ્યૂહ રચાયા. ટ્રૉટ્સ્કી પણ ઓછા સામર્થ્યવાન પુરુષ નહોતો. પણ અંતે સ્ટેલિન પક્ષનો વિજય જાહેર થયો. એક સમયે રશિયાના અધિષ્ઠાતા સરખા મનાતા ટ્રૉટ્સ્કીનો પરાજય પોકારાયો, તેને રાજીનામું આપવાની ફરજ પડી એટલું જ નહિ, પણ તેના સિદ્ધાંતોના મતભેદને કારણે હદપાર થવું પડ્યું.

સ્ટેલિનની આ સફળતાનું ખરું રહસ્ય શું? ૧૯૨૭ની કૉમ્યુનિસ્ટ કૉંગ્રેસની ચુંટણી વખતે તેણે પોતાના ભાષણમાં તેનો નિર્દેશ કર્યો હતો. તેણે કહેલું, 'મારા મામાવાળીઆઓએ મારા કાવાદાવા માટે મને જે ભાંડ્યો તે તમે સાંભળ્યું. મારે તો માત્ર એટલું જ કહેવું છે કે એ લોકોના કાવાદાવા હું જેટલા જાણું છું તેટલા ભાગ્યે જ કોઈ જાણતું હશે. પણ તે મારે જાહેરમાં મુકવા નથી.' અને ખરેખર, એની ચાણક્યબુદ્ધિને લીધે એ કૉમ્યુનિસ્ટ પક્ષના એકેએક માણસની લીલચાલથી રજેરજ જાણીતો છે. એ ધારે તો એમનાં જીવન ને પ્રતિષ્ઠા ધુળ ભેગાં કરી દે એટલી માહિતીઓ ને ધમકીકતોના પુરાવાના પુલેપુળા એની પાસે પડ્યા છે. આથી જ એના વિરોધીઓ એનાથી ડરતા રહે છે; —બદલે એને કોઇ વિરોધી જ રહ્યા નથી.

અત્યારે તેના બળનો બધો મદાર રશિયાના બેકુતવર્ગ ઉપર છે. એ ગ્રામ્ય જનતાને પંપાળીને પોતાની સ્થિતિના વજ્રપાયા બાંધી રહ્યા છે. એ ટ્રૉટ્સ્કીની પેઠે આદર્શવાદી કે ઉદ્દામ નથી, પણ પાકો મુત્સદ્દી છે અને રશિયામાં વ્યવહાર અને વ્યાપારી શાસનતંત્ર સ્થાપવાની એની મુરાદ છે. એના મિત્રો ઓછા છે, એના સદાનુભાવકો અલ્પસંખ્ય છે અને એના સામે રશિયાના રાજદ્વારે નિરવધિ વિરોધ ઉભો છે. પોતાના મિત્રોને તે સૌદાર્દનો ઉપહાર આપે છે. શત્રુઓ સામે તે રાવણ જેટલો કડક રહે છે, એટલે જ આજે ટ્રૉટ્સ્કી અને ઝીનોવીફને પણ તે મહાત કરી શક્યો છે.

આગાઉ કહ્યું તેમ જાહેરાત એને જરાપણ પસંદ નથી; બદલે તે જાહેરાતને ધિક્કારે છે. એ ભારે લેખક

કે વક્તા પણ નથી, તેમ જાહેર સભાઓમાં બોલવું તેને પસંદ પણ નથી. પોતે બહુ એકલપ્રેરો માણસ છે. એનું મોટામાં મોટું બળ, એની શક્તિ, એની સમૃદ્ધિ, જે કહો તે તેની અણનમ ઇચ્છાશક્તિ છે. તે દક્ષ છે, પણ એટલો બધો કાવતરાબાજ નહિ; પરંતુ તે હીમતબાજ, બહાદુર ને સાહસિક બહુ છે. અને એનો સૌથી ઉજ્જ્વલ ગુણ તો એ કે તે સંપૂર્ણપણે પ્રામાણિક છે. ધાડ પાડતો એ વખતે યે એક રાતી પાઇ પણ એણે પોતાના અંગત ઉપયોગમાં લીધેલી નહિ. પહેલેથી જ તે અત્યંત સાદું જીવન જીવે છે;—આજ આખા રશિયાનો રાષ્ટ્રપતિ હોવા છતાં પણ એ જ ઢબે રહે છે.

લેનિનના 'જગતક્રાંતિ'ના સ્વપ્નમાં એને પણ લેનિનની પેઠે પુરી શ્રદ્ધા છે. જે રીતે રશિયામાં ક્રાંતિ લાવી શકાઇ એ જ રીતે ને એ જ માર્ગે આખા જગતમાં ક્રાંતિ કરી નાખી સમાજવાદનો સુવર્ણયુગ સ્થાપી શકાય એવી તેની પાકી માન્યતા છે. અને કેમ ન હોય? રશિયાની ક્રાંતિ તેણે સગી આંખે જોઈ ને સગે હાથે કરી, તો પછી જગતને માટે એ માર્ગ બરાબર છે એમ તે કેમ ન માને? ઈંગ્લંડને તે આ 'ક્રાંતિ'માં મુખ્ય આડખીલી રૂપ ગણે છે.

આજે તો સામ્યવાદરૂપી જબ્બર યંત્રનો રશિયા ઉપર અંકુશ પ્રવર્તે છે ને સ્ટેલિન એ સામ્યવાદી યંત્રને પોતાના અંકુશમા રાખતો ફરે છે. એટલે જ સ્ટેલિન આજે રશિયાનો એકલ અધિષ્ઠાતા છે. સદ્‌ગત લેનિનનો તે આજનો સુમહોજ્જ્વલ વારસદાર છે.

('રિવ્યુ ઑફ રિવ્યૂઝ', હિંદી 'પ્રતાપ' અને 'સૌરાષ્ટ્ર મિત્ર'પરથી)

કળાના રહ્યાસહ્યા અવશેષો (અનુસંધાન પૃ. ૧૬૬થી)

અને લુટારાનો ચારોપ મુકી, તેમની સાથે લડીને દરિયાપાર ગએલી પોતાની વસ્તુઓ પાછી મેળવી. જે વસ્તુઓ ગુજરાતનો જ વારસો છે, ગુજરાતની જ સંપત્તિ છે તે બીજા પ્રાંતમાં ખેંચાઇ જઈ દેશનિકાલી પામે અને ત્યાંના ભંડાર સમૃદ્ધ કરે ત્યારે દરેક દેશ-પ્રેમી ગુજરાતનો તે અટકાવવાનો પ્રયાસ કરવાનો ધર્મ છે. દાહોદની પ્રજા કંઇપણ હીલચાલ કર્યા વિના એ મૂર્તિઓ ચાલી જવા દેશે તો તેને માથે પોતાનો વારસો અવગણવાનું કલંક સદા યે રહેશે. ગુજરાતની બૃહત્‌કાળની સંપત્તિ ગુજરાતમાં જ રહેવી જોઇએ અને તેવો અમલ થવા દરેક ગુજરાતીએ દાવો કરવો જોઇએ, —પ્રયત્ન કરવો જોઇએ.

રવિશંકર રાવળ

સબરસની કહાણી

બે સતા વર્ષના માંગલિક દિવસે પરોઢિયામાં બારણે, 'સબરમે દહાડે સબરસ! સબરસ! સબરસ લેશો કે?' એવી સુભ સાંભળતાં હર્ષભેર ઉઠી ભાવિક હિંદુઓ પાઇ કે પૈસાનું મીઠું ખરીદી આખા વર્ષના સારા શુકન થયા માને છે એ વાત કોનાથી અજાણી છે? હિંદુઓ મીઠાને કેટલી પવિત્ર વસ્તુ માને છે તેનો ખ્યાલ સાધારણ માણસને નહિ આવી શકે. જાણ્યેઅજાણ્યે મીઠું વેરાય તો સ્વર્ગમાં ગયા પછી તેટલું મીઠું આંખની પાંપણ વતી ઉપાડવું પડશે એવી ભાવિક હિંદુઓમાં માન્યતા છે, તેથી તેઓ મીઠાને સાચવીસાચવીને પીરસે છે. અને મુસલમાન ભાઇઓ પણ મીઠાને શું ઓછું પવિત્ર ગણે છે? તેઓ તથા એશિયાની બીજી ઘણીક જનતો નિમકહલાલી અને નિમકહરામી એ બેને માણસોનાં લક્ષણોમાં પ્રાધાન્ય આપે છે. જેને ત્યાં મીઠું કે નિમક ખાધું હોય તેનું ખોટું કરવું યા કરવાને તાકવું એ હરામી માનવામા આવે છે. તેમનામાં તો દુશ્મનના ઘરનું યે નિમક ખવાઇ ગયું તો પછી તેને કોઇપણ રીતે નુકસાન કરી શકાય જ નહિ એમ મનાય છે. લુટારાઓ પણ પોતાને નિમક્વાળું ખવડાવનાર પર ઘા કરતા નહિ ને તેને ઉની આંચ આવવા દેતા નહિ. આ લુણ, લવણ, મીઠું, નિમક કે સબરસ સાથે માણસ જનતને ઘણો ઘાડો સંબંધ છે.

આપણી આ સાડા ત્રણ મણની કાયામાં એક શેર ને નવટાંક મીઠું છે એવી ગણતરી કરવામાં આવી છે, ને તે પ્રમાણમા મીઠું શરીરમાં કાયમ રહે તેટલા સારૂ દરેક માણસ જને ત્યાં સુધી વરસ દહાડે બારથી અઢાર શેર મીઠું વાપરે છે. મીઠા વગરની રસોઇ નીરસ લાગે છે, તેથી મીઠાને બધી ચીજોમાં રસ લાવનાર 'સબરસ' માનવામાં આવે છે. જે મીઠું આપણે ખાઇએ છીએ તેના ઉપર શરીરમાં રાસાયણિક ક્રિયાઓ થઈ તેમાંથી મીઠાનો તેજાબ (એટલે હાઇડ્રોક્લોરિક ઍસિડ) થાય છે, તેનો અંશ પાચનરસમાં જોવામાં આવે છે.

જ્યાં માણસોનો અવરજવર ઘણો જ ઓછો હોય એવાં ગાઢ અરણ્યોમાં મીઠાવાળો ખોરાક ખાનાર માણસ પૈસાદાર ગણાય છે! આવા પ્રદેશોમાં ફરનારા મુસાફરોએ, થોડા મીઠાને સારુ માણસોને ૭૦ કે ૮૦ માઈલ પગરસ્તે મોકલ્યાના દાખલાઓ છે. મીઠું એ રાજ્યની આમદાનીનું સાધન ગણાય છે, અને અસલના વખતમાં મીઠાની ખાણોને સારુ લડાઈઓ પણ થતી.

એકલા માણસને જ મીઠાની જરૂર છે એમ નથી. પશુઓને પણ મીઠું જોઇએ છે, ને ઢોર પાળનારાઓ તેમના ખોરાકમાં તે ભેળવે છે. હરદ્વાર જેવાં પવિત્ર સ્થળોમાં જત્રાળુ લોકો સંધિાલુણના ગચ્ચા રસ્તામાં મુકે છે ને ગાયો વગેરે ત્યાં થઇને જતાં હોય તે એ મીઠું ચાટી આનંદ પામે છે. કેટલીક વખતે મીઠાની ખાણોમાંથી પશુનાં સુકાં હાડપિંજરો મળી આવે છે. જ્યારે તે જગ્યાએ ખારું પાણી હશે ત્યારે તે પાણી ચાટવા આવેલાં પશુઓ અંદર સરી પડી મરી ગએલા તેમનાં તે હાડપિંજરો હશે એમ માનવામાં આવે છે.

હિંદુસ્તાનમાં મીઠું બે રીતે મેળવવામાં આવે છે. એક તો દરિયાના પાણીમાંથી; અને બીજું ખારા કુવાઓનાં પાણીને સુકવીને. પહેલી રીતે જ્યાં મીઠું પકવવામાં આવે છે ત્યાં આગળ ખારા પાણીને મોટા ક્યારાઓમાં નાખી સુકવવામાં આવે છે. જેમજેમ સૂર્યના તાપથી પાણી સુકાતું જાય છે તેમતેમ અંદર નવું પાણી નાખવામાં આવે છે ને થોડે થોડે વખતે તે પાણીને હલાવવામાં આવે છે. આમ કરતાંકરતાં મીઠાની કણીઓ અને ગાંગડા બંધાય છે. દરિયાના પાણીમાંથી આવી રીતે બનાવેલ મીઠાની કણીઓ બહુ ઝીણી હોય છે અને તેને ઘસેલું મીઠું કહે છે. ખારા કુવાઓના પાણીને સુકવીને બનાવેલા મીઠામાંથી મોટા ગાંગડા થાય છે ને તેને વડાગરું મીઠું કહે છે. ખારા ધોડા, ધ્રાંગધ્રા વગેરે સ્થળે વડાગરું મીઠું થાય છે. પણ એ સ્થળે આટલો ખાર ક્યાંથી? એમ માનવામાં આવે છે કે અસલ ત્યા દરિયા હોવો જોઇએ, ને કાળક્રમે તે સુકાઇ ગયો હોવો જોઇએ; પણ તેના મીઠાની અસર ત્યાંના કુવાઓનાં પાણીમાં કાયમ રહી છે. પંજાબ અને રજપુતાનામાં જ્યાં ગીદાની ખાણો છે ત્યાં પણ પહેલાં દરિયો હોવો જોઇએ એમ મનાય છે. એક સ્થળે આટલું મીઠું એકઠું થયું ત્યારે બીજે સ્થળે કંઈ નથી તેનું શું કારણ? આ સવાલનો જવાબ સહેલો નથી. આના જવાબમાં પૃથ્વી ઉત્પન્ન થઇ ત્યારથી તે અત્યાર સુધીનો ઇતિહાસ તપાસવો જોઇએ.

પ્રથમ એક મહાન નિહારિકામાંથી પૃથ્વી છુટી પડી ત્યારે તે વાયુરૂપ હતી એમ વિજ્ઞાનીઓએ સાબિત કર્યું છે. પાછળથી તેમાંની ગરમી ઓછી થવાથી વાયુ રૂપ પૃથ્વી પ્રવાહી રૂપ થઇ. આ વખતે તે ઘણી જ ગરમ ને ધગધગતા સફેદ રંગની હતી. તેમાં રહેલું પાણી વરાળ રૂપે તે પ્રવાહી પૃથ્વીના ગોળાની ચારે બાજુએ રહેલું. તેમાંથી ગરમી જલદી કમી થતી જતી ને તે પાણી રૂપે પૃથ્વી ઉપર પડતું. પણ ધગધગતા પ્રવાહી ગોળાને અડકતાં વાર જ તે છમકારા ઝમકારા સાથે ફરી વરાળ થઇ પાછું ઉડી જતું. એમ કરતાંકરતાં જ્યારે તે પ્રવાહી ગોળાનું ઉપલું પડ ધીમેધીમે ઠંડું થઈ ગયું ને નક્કર જમીન બંધાઇ ત્યારે પાણી જમીન ઉપર રહી શકયું. પણ પાણી પ્રવાહી હોવાથી તે ઘસીને એકઠા બીજા જગ્યાએ જતું. આ પાણીના વહેણને લીધે જમીન ઘસાવાથી તેની સપાટી ઉંચીનીચી થઇ. બીજી તરફથી પૃથ્વીના પૃષ્ટની અંદર રહેલી ગરમી પણ થોડેથોડે સમયે બહાર આવવા પ્રયત્ન કરતી, ત્યારે કેકાણેકેકાણે ખાડા ટેકરા થઇ જતા. એ કારણે પણ જમીન ઉંચીનીચી થઇ. આમ, જે ભાગ ઉંચો થયો ત્યાંથી પાણી વહીને ખાડાઓમાં જવા લાગ્યું. આ જંગી ખાડાઓ તે સમુદ્રો થયા. પણ શરૂઆતના એ સમુદ્રો તો મીઠા હતા, કારણકે તેમાંનું પાણી શુદ્ધ વરાળનું આવેલું. જોકે તે જે રસ્તે થઇને વહી આવેલું તે રસ્તામા રહેલા ઓછાવત્તા ખારા ઓગાળી સાથે લેતું તો આવેલું જ; પણ તેથી તેનામાં એટલી બધી ખારાશ આવેલી નહિ. આજે પણ નદીઓ એ જ પ્રમાણે ખારને ઓગાળી સમુદ્રને પોતાના પાણીની સાથે ઘસડતી ચાલી જાય છે, પણ તેથી કાંઇ એમનું પાણી ખારું નથી હોતું. ત્યારે દરિયાની એ એટલી બધી ખારાશ ક્યાંથી આવી?

પ્રવાહી રૂપમાંથી જડલાદને પૃથ્વી સહેજ નક્કર રૂપમાં આવી ત્યારે તેમા રહેલા ખારના રજકણો તેની આખી સપાટી ઉપર ઓછાવત્તા પ્રમાણમાં પથરાઇ રહેલા. તે રજકણો ધીમેધીમે વરસાદનાં પાણીથી ધોવાઇ નદીનાળાંઓમા આવ્યા અને ત્યાંથી દરિયામાં



મીઠાના અગર

ગયા. નદીઓમાં તો વરસાદ અને વહેણનું નવું પાણી આવ્યા જ કરે છે, એટલે તેના પાણીના સ્વાદ પર કંઇ અસર થતી નથી; પણ દરિયામાં તો આ બધાં નદીનાળાંનું ખારવાળું પાણી એ અનાદિ કાળથી એકઠું થતું જ ગયું. તાપ પડે ત્યારે તેમાંથી વરાળ રૂપે પાણી એકલું ઊડી જતું ગયું ને ખારનો જથ્થો તો ત્યાં ધીમેધીમે વધતો જ ગયો. આથી જેમજેમ સમય જતો ગયો તેમતેમ તે પાણી વધારે ને વધારે ખારું થતું ગયું, ને આજે તે એટલું બધું ખારું થઇ ગયું છે કે પી શકાય જ નહિ.

દરિયામાં કેટલો ખાર છે તે જાણવા સારૂ નીચેની ગણતરી કરવામાં આવી છે. પૃથ્વીની ત્રિજ્યા લગભગ ૩૯૫૬ માઇલ છે. એ હિસાબે તેના પૃષ્ટનું ક્ષેત્રફળ ($૪ \times \frac{૨૨}{૭} \times ૩૯૫૬ \times ૩૯૫૬$) એટલે લગભગ ૨૦ કરોડ ચોરસ માઇલ થાય. આખી પૃથ્વીનો ૩/૪ ભાગ દરિયો છે, એટલે દરિયાની સપાટી લગભગ ૧૫ કરોડ માઇલ થાય. દરિયાની સરેરાશ ઉંડાઈ બે માઇલ છે ને તેમાં સરેરાશ ૨.૭ ટકા જેટલું મીઠું છે. હવે આ સપાટી, ઉંડાઇ અને મીઠાનું પ્રમાણ, એ બધું ધ્યાનમાં લઇ ગણતરી કરીએ તો દરિયામાં હાલ ૨૭૦૦,૦૦૦,૦૦૦,૦૦૦, ૦૦૦,૦૦૦, મણ જેટલું મીઠું છે! મુખ્ય નદીઓનાં પાણીનું પણ પૃથક્કરણ કરીને તેની ગતિ, ઉંડાઇ તથા પહોળાઇ વગેરે ઉપરથી દર પળે કેટલું પાણી તેમાંથી દરિયામાં પડે છે તેની અને તે કેટલું મીઠું ઘસડી લાવે છે તેની પણ ગણતરી વિજ્ઞાનીઓએ કરી છે ને તે ઉપરથી તેઓએ અનુમાન બાંધ્યું છે કે હાલ જે ખાર દરિયામાં છે તેને ઘસડી લાવીને જમા કરતાં ૧૦ કરોડથી યે વધારે વરસ લાગ્યાં હશે.

આ દરિયો જો આજે સુકાઇ જાય તો તેમાંના મીઠાના પડની જાડાઇ ૨૦૦ વાર જેટલી થાય ને જો તે બધું મીઠું એકલા હિંદુસ્તાન પર પાથરીએ તો ચાર માઇલ જેટલો ઉંચો થર થાય!

મહાન સાગરો સિવાય મૃત સરોવર ને ઉટાહ જેવાં તદ્દન ખારા પાણીનાં સરોવરો પણ છે. મૃત સરોવરની લંબાઇ ૪૭½ અને પહોળાઇ ૨૭½ માઇલ છે. તેમાં ૨૭ ટકા કરતાં યે વધારે મીઠું છે અને દર વર્ષે જૉર્ડન નદી નવું મીઠું ઘસડી લાવી તેમાં ઉમેર્યે જ જાય છે. ભુસ્તરશાસ્ત્રીઓ કહે છે કે આ જગ્યાએ પ્રથમ દરિયો હોવો જોઇએ, પણ કાળક્રમે કોઇ મહાન ધરતીકંપ વખતે તેની આજુબાજુની જમીન ઉંચી થઇ જવાથી તેનો દરિયા સાથેનો સંબંધ તુટી જઇ તે સરોવર બન્યું છે. અમેરિકામાં આવેલા ઉટાહ નામના સરોવરની લંબાઇ ૭૫ માઇલ ને પહોળાઇ ૫૦ માઇલ છે. તેની ઉંડાઇ તો માપી જ શકાતી નથી. તે ઉપર પુલ બાંધવાનો વિચાર હોવાથી એક સ્થળે સેંકડો ગાડી પથરા નાખવામાં આવ્યા, તોપણ કંઇ પત્તો જ લાગ્યો નહિ!

આવાં મહાન સરોવરો વખત જતાં સુકાઇ જાય અને તે ઉપર પત્થર તથા માટીના થરો કંઇક કારણથી બંધાઇ જાય તો ત્યાં મીઠાની ખાણ થાય. પેલું જગજાહેર મૃત સરોવર જ એકલું જો સુકાઇ જાય તો ત્યાં આગળ લગભગ અરધો માઇલ જાડો મીઠાનો થર થાય! દુનિયાની ઘણી મોટી અને જાણીતી મીઠાની ખાણોની ઉત્પત્તિ આ જ પ્રમાણે થએલી. હિંદુસ્તાનમાં પંજાબમાં આવી ખાણો છે. દુનિયાની સૌથી પ્રખ્યાત ખાણો તો જર્લિનથી થોડે દૂર આવેલા સ્ટાર્ફર્ટમાં, અને ગઇ મહાન લડાઇ વખતે ખ્યાતિ પામેલા ગૅલેશિયામાં આવેલા ક્રેકાની પાસે વિલિક્ઝામાં છે.

બહુ નાની ખાણોમાંથી મીઠું ખોદાને કાઢવું પાલવતું નથી, તેથી તેમાં ચોમાસાનું કે બીજું કોઇ પાણી ભરવામાં આવે છે. થોડા દિવસ તે પાણી તેમાં રહેવાથી મીઠું ઓગળે એટલે એ પાણીને—જો ગરમ મુલક હોય તો—કયારડાઓમાં સુકવવામાં આવે છે; ને મુલક ગરમ ન હોય ત્યાં લાકડાના ઉંચા માચડા કરી, તેમાં ઘાસ વગેરે ભરી, ઉપરથી ધીમેધીમે તે પાણી રેડવામાં આવે છે. તેના ઉપર હવાની અસર થવાથી તેમાંનું પાણી થોડુંઘણું ઉડી જાય છે. પછીથી ઘટ થએલા એ મીઠાના પાણીને કૃત્રિમ ગરમી આપી સુકવી નાખવામાં આવે છે અને તે ઉપરથી કચરો વગેરે સાફ કરી નાખી સફેદ મીઠું તૈયાર કરાય છે. મોટી ખાણોમાંથી તો મીઠું ખનિજ ખનીજ પદાર્થોની માફક જ ખોદીને કાઢવામાં આવે છે.

ઉપર જણાવેલા વિલિકઝામાં જે ખાણ છે તેમાં ૫૦૦ માઇલ લાંબો અને ૨૦ માઇલ પહોળો મીઠાનો થર છે, અને તેની સરેરાશ જાડાઇ ૧૨૦૦ ફુટ છે! ખાણની અંદર જે અદ્‌ભુત રચના કરવામાં આવી છે તે જોતાં ત્યાં રાજભુવનને પણ ટક્કર મારે એવો દેખાવ નજરે પડે છે. આપણા કવિઓએ શ્રીકૃષ્ણના સ્ફટિકના ભુવનનાં જે વર્ણનો કર્યાં છે, તેને મળતો દેખાવ ત્યાં નજરે પડે છે. તે ખાણમાં પાંચ મજલા કરેલા છે. દરેક માળને ટેકવનારા સ્થંભો અર્ધપારદર્શક સફેદ મીઠાના છે. ખાણમાં સંત ઍન્થનીનું એક દેવળ છે, તે પણ આખું મીઠાનું જ! તેમાં મુકેલી મૂર્તિઓ વગેરે પણ મીઠાની. ત્યાના કામદારોને માટે રાખેલાં નાચગૃહ, ભોજનગૃહ વગેરે પણ મીઠાનાં અને ત્યાં રાખેલા મોટા ઝુમ્મરો અને શોભા માટે રાખેલા બાવલાં પણ મીઠાનાં! જ્યારે આ અર્ધપારદર્શક મીઠાની ચીજોમાં વચ્ચે દીવા પ્રગટાવવામાં આવે છે ત્યારે એ બધી ચીજો સ્ફટિકમણિની હોય એમ લાગે છે. આ ઉપરાંત ત્યા ખારા પાણીનું એક મોટું તળાવ છે જે ઉપર થઇને આજે સેંકડો વરસ થયાં એક ચકલું સરખું પણ ઉડ્યું નથી! આ તળાવમાં જો પથરો નાખવામાં આવે તો જે ધ્વનિ અને પ્રતિધ્વનિ થાય છે તે કંઇ ઓર જ પ્રકારના લાગે છે. આ તળાવ ઉપર કેટલીક વખતે હોડીઓમાં બેસી કામદારો સહેલગાહે પણ નીકળે છે.

ઉપર કહી ગયા કે અત્યારનો દરિયો આખો સુકવી નાખીએ તો ૬૦૦ ફુટ જાડું પડ થાય. તો પછી આવડું ૧૨૦૦ ફુટ જાડું પડ અહીં આટલી જગ્યામાં ક્યાંથી? આ પ્રશ્નનો ઉત્તર જરૂરનો છે. કાસ્પિયન સમુદ્રની જગલમાં કારાબોગાઝ નામનું નાનું સરોવર છે. એની અને કાસ્પિયન સમુદ્રની વચ્ચે એક સામુદ્રધુની છે, જેની પહોળાઇ ૧૫૦ વાર ને ઉંડાઇ લગભગ ૫૦ ફુટ છે. કારાબોગાઝની સપાટી કાસ્પિયન સમુદ્રથી નીચી હોવાને લીધે તેમાં નિરંતર કાસ્પિયન સમુદ્રમાંથી પાણી આવ્યા જ કરે છે, અને તેટલું પાણી દરરોજ સુકાઇ જાય છે! કાસ્પિયન સમુદ્રમાં તો એક જ ટકો મીઠું છે, પણ આવા બાષ્પભવનથી કારાબોગાઝમાં દર વરસે ૭૦ અબજ મણથી પણ વધારે મીઠું વધે છે! આ ક્રિયા કેટલાં યે વરસથી ચાલે છે, જેને પરિણામે તેનું પાણી અત્યંત ખારું થયું છે. ધીમે ધીમે આમ મીઠું વધતું જાય ને જો કોઇ કાળે તે ભાગ સુકાઇ જાય તો ત્યાં મીઠાની ખાણ થાય. સ્ટૂસફર્ડ, વિલિકઝા વગેરે સ્થળોની ખાણોને માટે એમ કહેવાય છે કે ત્યા ૫૦૦૦ વરસ પહેલાં પાણી હોવું જોઇએ અને તે ઉપર પ્રમાણે સુકાતું જઇને આટલું મીઠું જામેલું હોવું જોઇએ.

ઑસ્ટ્રિયામાં એક મોટું મીઠાનું મેદાન છે, જેની બાજુ ઉપરનું મીઠું તાજા પડેલા બરફના ભુકા જેવું દેખાય છે. તે મેદાનની વચ્ચે ખનીજ મીઠા (સૌંધાલુણ) જેવા મીઠાના કકડા પણ જોવામાં આવે છે. આ મેદાન પગે ચાલીને ઓળંગી જતાં ચાર દિવસ લાગે એટલું તે મોટું છે!

જે મીઠું માણસને તથા પ્રાણીઓને ઉપયોગી છે તે જ મીઠું વધારે પ્રમાણમાં પ્રાણીઓનો જીવ લે છે. મૃત સરોવર કે એવી બીજી જગ્યાઓના ખારપાટમાં ઝાડપાન જેવું કંઇ દેખાતું નથી અને ત્યાં ઘણા જ થોડા જીવ જીવી શકે છે.

હવે, મીઠું કયાંક્યા રાસાયનિક તત્ત્વોનું બનેલું છે, તે તપાસીએ. મીઠાને ખુબ તપાવી તેમાં વિજળીનો પ્રવાહ દાખલ કરવામાં આવે તો તેમાંથી સોડિયમ નામની એક રૂપા જેવી ચળકતી પણ પોચી ધાતુ, અને ઘેરા પીળા રંગનો પણ સહેજ લીલા રંગની ઝાંટ વાળો ક્લોરીન નામનો એક ઝેરી વાયુ નીકળે છે. સોડિયમ ધાતુને ચપ્પુ વતી કાપી શકાય છે અને

તેના ઉપર પાણી પડવાથી રાસાયનિક ક્રિયા જોસબંધ ચાલી પાણીમાંથી હાઇડ્રોજન વાયુ છુટો થઇ જાય છે, અને તે વખતે ઉત્પન્ન થતી અતિ ગરમીને લીધે તે સળગી ઉઠે છે. ક્લોરીન વાયુ જો શ્વાસનળીમાં જાય તો અંદરની કુમળી ચામડી ઉપર સખત સોજો આવે છે અને તે ફેફસાં સુધી પહોંચે તો માણસ અકળાઇ-ગુંગળાઇને મરી પણ જાય છે.

સોડિયમ ધાતુના નામની તો શાળા–કૉલેજોમાં ભણેલા વિદ્યાર્થીઓમાંના કોઇકને જ ખબર નહિ હોય. ત્યાંના વર્ગોમાં સોડિયમના પ્રયોગો કરતી વખતે જ્યારે તે ધાતુને પાણીમા નાખવામાં આવે છે ત્યારે થતો દેખાવ કદિ પણ ભુલાય એવો નથી. સોડિયમ અને પાણીમાં રહેલા પ્રાણવાયુ વચ્ચે સ્નેહાકર્ષણ થાય છે, અને તેને તાપે તે ધાતુ ઓગળી તેનું એક બિંદુ બને છે. તે બિંદુ પાણી ઉપર ફરે છે તે, અને તે વખતે છુટો પડતો હાઇડ્રોજન સળગે છે ને પછી સોડિયમ ફાટે છે તે બધો દેખાવ બહુ જ આકર્ષક હોય છે. જો એકીસામટો પાશેરેક સોડિયમ પાણીના હોજમાં નાખીએ તો સોડિયમના ફાટવાથી પાણી ઘણું ઉંચું ઉડે ને તે ધાતુના કકડા ચોમેર ઉડે. આવે સમયે જો કોઇ પાસે ઉભું હોય તો તેને નુકસાન પણ થવા સંભવ છે. સોડિયમ હવામાં ખુલ્લું રહેવાથી રાસાયનિક ક્રિયાને લીધે તેનું ઉપલું પડ કટાઇ જાય છે. સોડિયમના પરાક્રમનો નીચલો કિસ્સો જાણવા જેવો છે.

૧૯૧૧ની સાલમાં, ફ્રાંસની ઉત્તરે આવેલા ત્રેપોર્ત નામના સીન નદીના મુખ આગળના એક બંદરેથી સોડિયમની ૨૦ પેટીઓ લઇને એક વહાણ નીકળ્યું. દરેક પેટીમાં ૭ રતલ ધાતુ હતી. આ પેટીઓ તુતક ઉપર મુકવામાં આવી હતી. અકસ્માત, ભરદરિયે તોફાન લાગ્યું. દરિયામાં જંગી મોજાં ઉછળવા લાગ્યાં ને તેનું પાણી ઉછળીઉછળી તુતક પર પડવા લાગ્યું. તેની અસર પેલી પેટીઓમાંના સોડિયમ ઉપર થઈ. પાણી પેટીમાં પેસતાં જ તેમાંથી સુસવાટ કરતો હાઇડ્રોજન નીકળ્યો ને સળગવા લાગ્યો. નાખુદાને સોડિયમના ગુણની ખબર નહિ હોવાથી તે સમજ્યો કે પેટીઓને આગ લાગી છે. એટલે તે આગ હોલવવાનો હુકમ કર્યો! ઝપાટાબંધ પાણીનો મારો તેના ઉપર શરૂ થયો ને જેમજેમ સંચાઓમાંથી પાણી તે ઉપર પડતું ગયું તેમ તેમ સુસવાટ ને ભડકા વધવા લાગ્યા. આમ ઉલટી આગને વધતી જોઇ નાખુદા અને ખલાસી બધા ગભરાયા. તેમણે સલામતીની ખાતર તે પેટી-ઓને દરિયામાં નાખી દીધી! હવે શી મણા રહે? પુષ્કળ પાણી મળવાથી પેટીમાં રહેલા સોડિયમને અતિ આનંદ થયો હોય એમ તેણે અંદર રહ્યાંરહ્યાં પેટીઓને કુદાવ્યા કરી. તરતી, કુદતી, નાચતી, સળગતી પેટી-ઓમાંથી કારમા અવાજે થવા લાગ્યા. જોસભેર બળતી પેટીઓ ધડાકા ભડાકા કરતી મહાન વિકરાળ રાક્ષ-સીઓ સમી વહાણની પાછળ પડી. એક પેટીમાંનો સોડિયમ ફાટતાં તે ઉછળીને વહાણના તુતક ઉપર જ્યાં ચરબીનાં પીપ હતાં ત્યાં આવીને પડી. ચરબી ઓગળવા માંઠીને વહાણ ઉપર પ્રસરવા લાગી. એક પેટી કુદીને વહાણની વચ્ચોવચ્ચ થઈને નીચેના ભાગોમાં દારૂગોળાનો સંગ્રહ હતો ત્યાં પડી! ચરબી ઓગળવાથી તુતક લપસણું થયું હતું. તેના ઉપર થઇને નાસતાં ખલાસીઓને નવ નેજા વીસા. પડે, ઉઠે ને પાછા પડે એવો ત્યાં ખેલ થઇ રહ્યો. જેમતેમ કરી તેઓ લાઈફ્-બોટો છોડીને દરિયામાં કુદી પડ્યા. પણ આ દરમિયાન દરિયામાં તરતી પેટીઓ ફાટી ને તેમાંથી સોડિયમના મોટા કકડા છુટથી તરવા લાગ્યા. જીવ લઇને નાસતા ખલાસીઓના ભયનો હવે પાર રહ્યો નહિ. એક કકડો તો ઉડતોઉડતો નાખુદાને વાગ્યો ને તે જખમી થયો. બીજા ખલાસીઓ પણ થોડાઘણા દાઝ્યા. અંતે જ્યારે સોડિયમ ખલાસ થયું ત્યારે જ આ દુઃખનો અંત આવ્યો ને સૌ બીજા વહાણની રાહ જોતા મધદરિયે પડી રહ્યા!

મીંઢામાંથી કઇકઈ ઉપયોગી વસ્તુઓ બને છે તે તપાસીએ. મીંઢાને ગંધકના તેજાબ (સલ્ફ્યુરિક ઍસિડ) સાથે મેળવી તપાવવામાં આવે તો તેમાંથી મીંઢાનો તેજાબ (હાઇડ્રોક્લોરિક ઍસિડ) અને ગ્લોબર સૉલ્ટ બને છે. આ ગ્લોબર સૉલ્ટ (એટલે સોડિયમ સલ્ફેટ)ને કોલસાની ભુકી તથા ચુનાના પત્થર સાથે મેળવી તપાવવામાં આવે તો જિપસમ અને સોડિયમ કારબોનેટ એ બે પદાર્થો બને છે. આ બે પદાર્થોને પાણીમાં નાખી હલાવવાથી જિપસમ નીચે બેસે છે અને સોડિયમ કારબોનેટ (એટલે ખારો) પાણીમાં ઓગળી જાય છે. આ ખારાના પાણીને સુકવી નાખવામાં આવે તો શુદ્ધ વૉશિંગ સોડા થાય છે. આ

વૉશિંગ સોડા અને કળીચુનાના પાણીને એકઠાં કરી રાખવામાં આવે તો તે બંનેનાં તત્ત્વોની સામસામી રાસાયનિક ક્રિયાથી કૉસ્ટિક સોડા અને ચાક બને છે. જેમાંથી ચાક નીચે ઠરે છે ને કૉસ્ટિક સોડા પાણીમાં ઓગળેલો રહે છે. આ પાણીમાંથી કૉસ્ટિક સોડાના ગાંગડા બનાવી શકાય, જે સાબુ બનાવવાના કામમાં આવે છે. કૉસ્ટિક સોડામાંથી વિજળીની મદદથી સોડિયમ ધાતુ છુટી પાડવામાં આવે છે. આ સોડિયમ, કેટલીક કાગી ધાતુઓમાંથી કીમતી મુળ ધાતુ છુટી પાડવા સારૂ તેમને ગરમ કરી માંહે નાખવાના કામમાં આવે છે. સોડિયમ તે મુળ ધાતુની જગ્યા લે છે ને મુળ ધાતુ બીજા પદાર્થોથી છુટી પડી આવે છે.

મીંઢામાં સોડિયમ ઉપરાંત ક્લોરીન નામનો વાયુ છે એ ઉપર આવી ગયું. મીંઢા ઉપર ગંધકના તેજાબની અસર લગાડવાથી મીંઢાનો તેજાબ જને છે તે પણ ઉપર આવી ગયું. પણ જો મીંઢાની સાથે મૅંગેનીઝ ડાયોક્સાઇડ મેળવી તે ઉપર ગંધકનો તેજાબ નાખ્યો હોય ને પછી તેને ગરમ કરવામાં આવે તો તેમાંથી ક્લોરીન વાયુ છુટો પડે છે. દરિયામાંના ૨૭૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ મણ મીંઢામાં લગભગ ૧૬૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ મણ ક્લોરીન રહેલું છે! ગઇ મહાન લડાઇ વખતે જે ઝેરી ગૅસની મદદથી કેટલીકવાર જર્મન લોકોએ મિત્રરાજ્યોના લશ્કરને હરાવેલું તે આ ક્લોરીન વાયુ જ. દુશ્મનો તરફ પવન વહેતો હોય ત્યારે આ વાયુ છોડીને દુશ્મનોને મહાત કરવામાં તેનો ઉપયોગ થાય છે. આ ક્લોરીનની મદદથી કપડા પરનો રંગ પણ ઉડાડી શકાય. એ ક્રિયાને બ્લીચિંગ કહેવામાં આવે છે. ક્લોરીન વાયુને કળીચુનાના થર ઉપરથી પસાર કરવામા આવે એટલે તેમાંથી બ્લીચિંગ પાઉડર બને છે. આ બ્લીચિંગ પાઉડરના પાણીમાં કપડું બોળીને તેને આછા ગંધકના તેજાબમાં બોળવાથી કપડું સફેદ ધાસ્તા જેવું થઇ જાય છે. બ્લીચિંગ પાઉડરમાં રહેલો ક્લોરીન ગંધકના તેજાબની અસરથી છુટો પડે છે ને તે રંગને ઉડાડી મુકે છે તેથી આ પ્રમાણે થાય છે. દાહલમાં ખરાબ પાણીની અંદર રહેલા નુકસાનકારક જંતુઓને મારવા સારૂ તેમાં ક્લોરીન ગૅસ દાખલ કરવામાં આવે છે, ને કેટલેક ઠેકાણે તો તેમાં આ બ્લીચિંગ પાઉડર પણ નાખવામાં આવે છે.

આમ, સાધારણ મીંઢામાંથી કપડાં ધોવાનો વૉશિંગ સોડા, સાબુ બનાવવાના કામમાં આવતો કૉસ્ટિક સોડા, સોડિયમ નામની વિચિત્ર ધાતુ ને તે ધાતુની મદદથી બીજી કીમતી ધાતુઓ, મીંઢાનો તેજાબ, ક્લોરીન જેવો ઉપયોગી વાયુ અને છેવટે કપડાં સાફ કરવાનો બ્લીચિંગ પાઉડર, એટલું બને છે. આપણા દેશમાં લાખ્ખો મણ મીંઢું પાકી શકે એમ છે, ને જો આપણા યુવકો ધૈસાવાળા હોય તો પોતે, અથવા દેશના ધનિકોની મદદથી તેમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવતાં શીખે ને તેમનો વિદ્યાનો લાભ આપી દેશને આબાદ કરવા પ્રયત્ન કરે તો કેટલું સારૂં થાય!

હરરાય અમુલખરાય દેસાઈ

ફાતિહા અનુસંધાન પૃ. ૧૭૬થી

છો. ચાલો હું થોડે દૂર સુધી તમને પહોંચાડી જાઉં.'

થોડી વાર તો હું અવશ બનીને પડી જ રહ્યો. ધીરેધીરે પગ મોકળા થયા ને ઈશ્વરનો ઉપકાર માનતો હું તુરિયા સાથે ચાલ્યો.

તુરિયાને પ્રસન્ન કરવા આખે રસ્તે મેં પેલું ગીત ગાયું. તુરિયા એ સાંભળતી જતી હતી અને રોતી જતી હતી. એમ કરતાંકરતાં છેક મધરાતે અમે પેલા તળાવ પાસે આવી પહોંચ્યા. ત્યાંથી તુરિયાએ રસ્તો બતાવીને કહ્યું, 'અહીંથી સીધા જ ચાલ્યા જાઓ; તમે પેશાવર પહોંચી જશો. જોજો, ખબરદારીથી જજો; નહિ તો કોઇની ગોળીના શિકાર બની જશો. આ લ્યો તમારાં કપડાં. અને જુઓ, રૂપિયા મોકલવાનું ન ભુલતા. હું તમારી જમીન રહીશ. જો રૂપિયા નહિ આવે તો મારા અને તમારા બંનેના પ્રાણ જશે રૂપિયા આવી ગયા પછી તો કદાચ તમે એકવાર કોઇનું ખુન પણ કરી બેસો તોપણ કોઇ પણ અક્ષરે કહિ તમારી સામે હાથ સરખો નહિ ઉઠાવે,—જાઓ, ઈશ્વર તમારી રક્ષા કરે અને તમારાં બાળકો સાથે મેળવે.'

તુરિયા પછી ઉભી ન રહી. કંઇક ગણુગણુની ચાલી ગઇ. રાત બે પહોર વીતી ગઈ હતી. ચારે તરફ ભયાનક નિઃસ્તબ્ધતા છાઇ રહી હતી. માત્ર વાયુના સુસવાટા વહેતા હતા અને વાતાવરણને વધારે ભયંકર બનાવતા

હતા. મધ્યાકાશે ચંદ્ર ચમકી રહ્યો હતો. આવી સ્થિતિમાં તળાવને કિનારે થોભવું સલામત ન હતું. હું ધીરેધીરે દક્ષિણ તરફ આગળ વધ્યો. ચાલતાંચાલતાં ચોમેર નજર રાખતો જતો હતો. માતાના વાત્સલ્ય જેવું નિર્દોષ સત્કાર પડ્યું ત્યાં તો હું પેશાવરની સરહદ પર આવી પહોંચ્યો.

સરહદ પર સિપાઇઓનો પહેરો હતો. મને જોતાં જ આખા લશ્કરમાં આશ્ચર્ય ફેલાઇ ગયું. સૌ મને મરી ગએલો જ સમજતા હતા. મને જીવતોજાગતો પાછો આવેલો જોઇને સર્વને ખુબ હર્ષ થયો.

કર્નલ ક્લેમિલ્ટન પણ ખબર સાંભળીને મને મળવા આવ્યા અને બધી હકીકત સાંભળીને કહ્યું, 'મેજર સાહેબ, હું તો તમને મરેલા જ માનતો હતો. તમારી બંને ચિઠ્ઠી મને મળી હતી, પણ મારો વિશ્વાસ જ ન બેઠો કે તમારી લખેલી હશે. મને તો એ કાવતરું જ લાગતું હતું. ખેર, ઇશ્વરનો આભાર કે તમે પાછા આવ્યા.'

મેં કર્નલ સાહેબનો ઉપકાર માન્યો અને મનમાં જ કહ્યું, 'કાળા આદમીનો લખેલો પત્ર કાવતરું લાગ્યું. કોઇ ગોરા માણસે લખ્યો હોત તો બેને બદલે ચાર હજાર રૂપિયા પહોંચી જાત; કેટલાં યે ગામો બાળીને ખાખ કરી નાખત; અને કોણ જાણે શું નું શું કરી મુકત.'

હું ચુપચાપ ઘેર આવ્યો. બાલબચ્ચાને જોઇને હૈયું હરખાયું. એ જ દિવસે એક વફાદાર નોકરની સાથે તુરિયાને બે હજાર રૂપિયા મોકલી દીધા."

સરદારે વળી પાછો એક લાંબો નિશ્વાસ નાખી થોડી વાર થાક ખાધો અને આગળ ચલાવ્યું: "આસદખાં, હજી મારી કહાણી પુરી નથી થઇ. એનો કરુણાંત ભાગ તો હજી બાકી રહ્યો છે. અહીં આવીને હું ધીરેધીરે બધી મુસીબતો વિસરી ગયો, પણ તુરિયા તો અંતરમાંથી ખસી જ નહિ. એની જ કૃપાથી મને સ્ત્રી અને બાળકો પાછાં મળ્યાં હતાં, એટલું જ નહિ પણ જીવન પાછું મળ્યું હતું. હું એને કેમ ભુલી શકું?'

વર્ષો વીતી ગયાં. મેં તુરિયા કે એના બાપ કોઇને જોયાં નહિ. તુરિયાએ આવવાનું કહ્યું હતું, પણ એ જણાઇ જ નહિ. અહીં આવીને મેં મારી પત્નીને એને પાછેર મોકલી દીધી હતી. કદાચ તુરિયા આવે તો હું જુઠો પડું. પણ ત્રણેક વર્ષ વીતવા છતાં તુરિયા ન આવી એટલે હું નિશ્ચિંત થઇ ગયો અને મારી સ્ત્રીને એના પીઅરથી પાછી બોલાવી લીધી. અમે આનંદ અને સુખમાં દિવસો ગુજારતા હતા. એવામાં એક દિવસ અકસ્માત દુર્દશા આવી.

સાંજ પડી ગઈ હતી. જમીમાં બેસીને હું મારી સ્ત્રી સાથે વાતો કરતો હતો, ત્યાં કોઇએ દરવાજો ખખડાવ્યો. નોકરે દરવાજો ઉઘાડ્યો. ત્યાંતો બેધડક દાદરો ચઢીને એક કાબુલી સ્ત્રી ઉપર ચાલી આવી. એણે છમ આગળ આવીને શુદ્ધ પરતુ ભાષામાં પુછ્યું, 'સરદાર સાહેબ ક્યાં છે?'

ઓરડામાં જઇ મેં કહ્યું, 'તું કોણ છે? શા માટે આવી છે?'

પેલી સ્ત્રીએ પોતાની ઝોળીમાંથી કંઇક કાઢ્યું અને કહ્યું, 'હું આ વેચવા આવી છું. ખરીદશો?' આટલું બોલીને એણે પોતાની ઝોળી આખી ય નીચે ઊંધેરી.

મારી પત્ની મારી સાથે જ એ ઓરડામાં આવી હતી. એ તો પેલી ભાતભાતની ચીજો જોવા લાગી. એને જોઇ પેલી કાબુલી સ્ત્રીએ પુછ્યું, 'સરદાર સાહેબ, આ આપને શું થાય?'

મેં ઉત્તર આપ્યો, 'મારી સ્ત્રી. બીજું કોણ હોય?'

કાબુલી સ્ત્રીએ કહ્યું, 'તમારી સ્ત્રી તો મરી ગઇ હતી ને? આ બીજું કમ કર્યું?'

મેં રોષે ભરાઇને કહ્યું, 'ચુપ બેવકુફ, તું મરી ગઈ હોઇશ.' મારી સ્ત્રીને પરતુ ભાષાની ગમ ન હતી. એ તો તન્મય થઇને પેલી વસ્તુઓ જ જોયા કરતી હતી.

પરંતુ મારી વાત સાંભળીને કોણ જાણે કેમ, પેલી કાબુલી સ્ત્રીની આંખો લાલચોળ થઇ આવી. એણે તીવ્ર સ્વરે કહ્યું, 'હા, બેવકુફ ન હોત તો તને જીવતો કેમ જવા દેત? દોજખના કીડા! મારી આગળ જુઠું બોલ્યો? લે, તારી સ્ત્રી ત્યારે નહોતી મરી તો હવે મરી ગઇ!'

કહેતાંકહેતાં તો સિંહણની જેમ લપકીને તેણે એક ચમકતો તેજ છરો મારી સ્ત્રીની છાતીમા ભોંકી દીધો. હું એને રોકવા આગળ વધું તે પહેલાં તો એણે કામ પતાવી દીધું અને દૂર પરસાળમાં જઇને બોલી, 'હવે મને ઓળખી લે. હું તુરિયા છું. આજે હું તારા ઘરમાં હમેશને માટે રહેવા આવી હતી. તારી સાથે નિકાહ કરત અને તારી બનીને રહેત. તારે માટે મેં બાપ, ઘરબાર, સાથી, સૌ છોડી દીધાં. પણ તું જુઠો

નીકળ્યો, મજ્જાર—બેવફા નીકળ્યો. તું આજથી તારી ઔરતના નામને રાજે, હું તારા નામને રોઇશ.' એટલું કહીને ઝડપથી તે ચાલી ગઇ.

હું મારી સ્ત્રીની પાસે ગયો. ઘા સચોટ અને આરપાર હતો. ડૉક્ટરને બોલાવ્યો પણ મામલો ખતમ થઇ ગયો હતો!"

આટલું કહેવાંકહેતાં સરદાર હીમતસિંહની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. આંસુ લુછીને તેમણે આગળ ચલાવ્યું, "ભાઇ અસદ, મને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો કે તુરિયા આટલી પિશાચ હૃદયની હશે. જો હું એને પ્રથમથી જ ઓળખત તો આ આફત ન આવત. પણ એ આવી ત્યારે ઓરડામાં અંધારું વ્યાપવા આવ્યું હતું; મેં તેની આશા છોડી દીધી હતી; તેણે પોશાક પણ બદલી નાખ્યો હતો; એટલે હું તેને પિછાની જ ન શક્યો.

ત્યાર પછી તુરિયા અહીં આવી નથી. કદિક જ્યારે મને જુએ છે ત્યારે છંછેડાએલી નાગણની જેમ મારી તરફ ફુંકારતી ચાલી જાય છે. એને જોતાં જ મને રોમાંચ થઇ આવે છે, હું કંપવા લાગું છું અને વિવશ બની જાઉં છું. હમણાં થોડી વાર પહેલાં જે આવી હતી તે એ જ તુરિયા!

કેટલીક વાર મને એમ થાય છે કે હું એને પકડાવી દઉં. પણ એને જોતાં હું બધું જ ભુલી જાઉં છું, હાથપગ બેકાબુ બની જાય છે અને મારી ધીરતા હવામાં ઉડી જાય છે. એટલું જ નહિ, પણ તુરિયાનો ભાવ હજી માના પર છે. મારાં બાળકોને હમેશાં એ કંઇ ને કંઇ કીમતી સોગાદ આપી જાય છે. જે દિવસે છોકરાંઓ એને નથી મળતાં ત્યારે એ ઘરમાં નાખી જાય છે. એમાં કાગળની એક ચિઠ્ઠી હોય છે, જેમાં લખેલું હોય છે: 'સરદાર સાહેબનાં બચ્ચા માટે.'

હું હજી સુધી આ સ્ત્રીને નથી સમજી શક્યો. હું એને જેમજેમ સમજવાનો પ્રયત્ન કરું છું તેમતેમ એ વધારે કાણુ બનતી જાય છે. નથી ખબર પડતી કે એ તે કોઇ સ્ત્રી છે કે રાક્ષસી."

એ જ વખતે સરદાર સાહેબના છોકરાએ આવીને કહ્યું, 'જુઓ, પેલી સ્ત્રી આ સોનાનું તાવીજ આપી ગઇ.'

સરદાર સાહેબે નજર મારી તરફ જોઇને કહ્યું, 'જોયું અસદ, હું નહોતો કહેતો? જુઓ આજે પણ આ તાવીજ આપી ગઇ. ખબર નથી પડતી કેટલાં ય તાવીજ અને કેટલી ય કીમતી વસ્તુઓ એ અર્જુન અને નિહાલને આપી ગઇ છે. કહું છું ને, એ બહુ વિચિત્ર સ્ત્રી છે!'

સરદાર સાહેબની વિદાય લઇને હું ઘેર આવ્યો. ચોતરા ઉપરથી પેલા બુઢ્ઢા અકિદીની લાશને લઇ જવામાં આવી હતી. પણ ત્યાં જતાં જ મારાં રૂવાં ફરી ઉભાં થઇ ગયાં. હું આપોઆપ જ પળવાર થંભી ગયો. સહજ આગળપાછળ જોયું. છાયાની જેમ એક સ્ત્રી મારી પાછળ આવતી હતી. મને ઉભેલો જોઇને તે કોઇ દુકાને કશુંક લેવાનું બહાનું કરીને રોકાઇ ગઇ.

મને અંતરમાં જ પ્રશ્ન થયો, 'એ તુરિયા તો નહિ હોય!' અંતરમાંથી ઉત્તર મળ્યો, 'એ જ.'

તુરિયાએ મારો પીછો કેમ પકડ્યો હશે એ વિચારતોવિચારતો હું મારે ઘેર પહોંચ્યો અને જમીને આડો થયો. પણ આજની ઘટનાઓની મારા ઉપર એટલી બધી અસર પડેલી કે મને ઉંઘ આવે જ નહિ. જેમ હું ઉંઘવાનો પ્રયત્ન કરું એમ નિદ્રા મારાથી દૂર જ નાસે.

લશ્કરી ઘડિયાળમાં બાર વાગ્યા, એક વાગ્યો, બે વાગ્યા, પણ મને ઉંઘ ન આવી. પડખાં બદલ્યાં જ કરતો હતો. આ તરફડાટમાં અચાનક ઉંઘી ગયો.

જોકે હું સુતો હતો, પણ મારું જ્ઞાન જાગતું હતું. એવામાં મને લાગ્યું કે તુરિયા જેવી જ પણ વધારે બિહામણી કોઇ સ્ત્રી દીવાલ તોડીને અંદર આવી છે. હાથમાં એક તેજ છરો છે જે ફાનસના પ્રકાશમાં ચમકી રહ્યો છે. ધીરેધીરે, દબાએલે પગે, સાવધાનીથી એ મારી તરફ આગળ વધે છે. હું એને જોઇને ઉઠવાનો પ્રયત્ન કરું છું, પણ મારા હાથપગ ઉપર મારો કાબુ નથી; જાણે અંદર ચેતન જ નથી. એટલામાં તો એ મારી પાસે આવી પહોંચી. થોડી વાર સુધી એકી ટશે એ મારી સામે જોઇ રહી અને છરાવાળો હાથ ઉગામ્યો. બુમ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ મારું જડબું જ ખુલ્યું નહિ. કંઠમાંથી શબ્દ જ ન નીકળ્યો. હું ત્રાડ્યો થઇ ગયો ને મારી આંખો બંધ થઇ ગઇ. માર્યો જ મારી છાતી પર એક કાળુલી સ્ત્રી સવાર હતી. એના હાથમા ચમકતો છરો હતો અને મારવાની જ વાર હતી!

મેં કહ્યું, "કોણ, તુરિયા?"

ખરેખર એ તુરિયા હતી. એણે બળપૂર્વક મને

દબાવી કહ્યું, 'હા, હું તુરિયા આજે તેં મારા બાપનું ખુન કર્યું છે, એના બદલામાં આજે તારું ખુન હું કરીશ.'

આટલું કહીને એણે છરો ઉગામ્યો. મારી સામે જીવનમરણનો પ્રશ્ન હતો. જીવનની લાલસાએ મારામાં સ્વાભાવિકરીતે જ સંચાર કર્યો. હું મરવાને તૈયાર ન હતો. મારાં અરમાન અને ઉમંગ, મારા કોડ અને કામનાઓ સૌ હજી બાકી હતાં. મેં પણ તાકાત વાપરીને મારો જમણો હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો. એક જ ઝટકામાં મારો હાથ છુટો થઇ ગયો. પછી શું જોઇએ? હતી એટલી તાકાત બજમાવીને મેં તુરિયાનો છરા વાળો હાથ પકડી લીધો. કોણ જાણે કેમ, પણ તુરિયાએ એ જોતાં જ જરા ય વિરોધ ન કર્યો. મારા હાથ તરફ જોતીજોતી એ મારી છાતી પરથી નીચે ઉતરી ગઇ. એની આંખો ફાટી ગઇ હતી અને ઓકાટશે મારા હાથની સામે જોઇ રહી હતી.

મેં હસીને કહ્યું, 'તુરિયા, હવે તો બાજી બદલાઇ ગઇ. હવે તારે મરવાનું છે. તારો બાપ તો મુઓ; હવે તું યે એની પાસે પહોંચી જા.'

તુરિયા તો હજી મારા હાથ તરફ આંખ માંડીને જોઇ જ રહી હતી. એણે કશો યે ઉત્તર ન વાળ્યો.

મેં એને ઢંઢોળીને કહ્યું, 'બોલતાં કેમ નથી? હવે તારો જાન મારી મુઠ્ઠીમાં છે.'

તુરિયા જાણે કોઇ ઉંડા ધ્યાનમાંથી જાગી ઉઠી. એણે ગંભીર અને દઢ અવાજે કહ્યું, 'તું મારો ભાઇ છે. આજે તેં તારા બાપનું ખુન કર્યું છે.'

તુરિયાની વાત સાંભળીને હું ખડખડાટ હસી પડ્યો. હસતાંહસતાં મેં કહ્યું, 'અક્કિદીઓ આટલા મક્કાર હોય છે એ તો મેં આજે જ જાણ્યું.'

તુરિયાએ મારા હસવા તરફ દૃર્લક્ષ કરીને શાંત ગંભીરતાથી કહ્યું, 'તું મારો બોવાઓલો મોટો ભાઇ છે. આ તારે હાથે જે નિશાન છે તે એની સાબિતી!'

બચપણથી મારા હાથ પર એક સાપનું છુંદણું હતું. મારું આ નિશાની ફોજના રજિસ્ટર પર પણ હતાં.

મેં હસીને કહ્યું, 'તુરિયા, તું મને બક્કડ નહિ બનવડાવી શકે. ગમે તેટલા ટોંગ કરે. હું હવે નહીં જીવતો નહિ મરું.'

તુરિયાએ પોતાના હાથમાંથી છરો ફેંકી દઇ કહ્યું, 'ટોંગ નથી કરતો; ખરેખર તું મારો ભાઇ છે. વિશ્વાસ ન આવતો હોય તો જો મારા જમણા હાથ પર પણ એવો જ સાપનું છુંદણું છે.' મેં તુરિયાના હાથ પર નજર નાખી. ત્યાં ખરેખર મારા હાથ જેવો જ સાપ છુંદણાથી પાડેલો હતો. હું વિચારમાં પડી ગયો. પછી કહ્યું, 'તુરિયા, હજી મને તારો વિશ્વાસ નથી આવતો. આ તો કોઇ ચમત્કારિક સંજોગ જેવું લાગે છે.'

તુરિયાએ કહ્યું, 'મારા હાથ છોડી દે. હું તારા ઉપર વાર નહિ કરું. અક્કિદી કદિ જુઠું નથી બોલતા.'

મેં એના હાથ મુકી દીધો. એ બોંય બેસી પડી અને મારા સામે જોવા લાગી. થોડી વાર પછી કહ્યું, 'તને તારાં માબાપની બબર છે?'

મેં માથું ધુણાવીને કહ્યું, 'ના, હું તો સરકારી અનાથાશ્રમમા મોટો થયો છું.'

મારી વાત સાભળીને તુરિયા ઉભી થઇ ગઇ. એણે કહ્યું, 'તું જ—તું જ મારો બોવાઓલો મોટો ભાઇ નાજિર! મારા જન્મ પહેલાં એક વર્ષે તું બોવામ ગયો હતો. આપણાં માબાપ સૌ સરકારી લશ્કર પર છાપો મારવા આવ્યાં હતાં અને તું પણ સાથે હતો. આપણી મા લડવામાં ખુબ હોશિયાર હતી. તું એની પીઠ પર બાંધેલો હતો અને એ લડી રહી હતી. એટલામાં અકસ્માત એના પગમાં ગોળી વાગી અને એ બેહોશ થઇ પડી ગઇ. એ ધમાચકડીમા તને બોડીને કોઇ લઇ ગયું. માને તો પછી આપણા બબ્બા પોતાની બાંધ પર ઉઠાવીને લઇ આવ્યા. પણ તારો પત્તો ન જ મળ્યો. અમ્મા વારંવાર તને યાદ કરતી. એના હાથ ઉપર પણ આવું જ નિશાન હતું.'

એટલું કહીને એણે ફરી પોતાનો હાથ બતાવ્યો. હું મારા હાથ પરના સાપ સાથે એના હાથનું નિશાન સરખાવવા લાગ્યો. બંને આબેહુબ મળતાં હતાં. વાળ માત્રનો ફરક ન હતો. હું હતાશ બનીને બાટલા પર જઇ પડ્યો.

તુરિયાએ બહેનના હેતથી મારે માથે હાથ ફેરવી કપાળ પરનો પરસેવો લુછતાં કહ્યું, 'નાજિર, મા કહેતી હતી તે સાચું પડ્યું. એ કહેતી હતી કે તું મર્યો નથી, જીવતો છે; અને એક દિન આપણે જરૂર મળીશું.'

તુરિયાની વાત પર મને હવે સંપૂર્ણ ઇતબાર બેઠો. મારા અંતરે એને બહેન તરીકે સ્વીકારી લીધી. મેં એક લાંબો નિશ્વાસ નાખીને પુછ્યું, 'ત્યારે તુરિયા,

મેં આજે અજ્ઞાનતાનું ખુન કર્યું, નહિ?'

તુરિયાના મોં ઉપર શોકની વાદળી ચડી આવી. એણે કકળતા અવાજે કહ્યું, 'હા, નાજિર. એ અભાગી આપણા અજ્ઞા જ હતા. કોને ખબર હતી કે પોતાના પ્યારા બેટાને હાથે જ એ હલાલ થશે?'

તુરિયાનો અવાજ બદલાયો. શોકને બદલે એમાં સાન્ત્વના આવી, 'પણ નાજિર, તેં તો એ કામ અજાણ્યે કર્યું છે. અજ્ઞાના મોતથી હું બીલકુલ એકલી બની ગઇ હતી; પણ હવે તને મેળવીને હું બાપના શોકને ભુલી જઇશ. નાજિર, તું રંજ ન કરીશ. તને શી માલુમ કે કોણ તારો બાપ ને કોણ તારી મા? જોને હું જ તને મારવા આવી હતી! અને મારી પણ નાખતી! પણ ખુદાની મહેરબાં આ નિશાન નજરે પડી ગયું.'

તુરિયા પાસેથી જાણ્યું કે મારા બાપનું નામ હૈદરખાં હતું. અફ્રિદીઓની એક ટોળીના એ સરદાર હતા. પછી મેં સરદાર હીમતસિંહ વિષે તુરિયા સાથે નીરાંતે વાત કરી જોઇ. મને માલુમ પડ્યું કે તુરિયા પાછળથી સરદારને ચાહવા લાગી હતી, તેથી એ બાપ અને સગાંસંબંધી જોડે જગદીને પણ સરદાર સાથે લગ્ન કરવા આવી હતી. પણ ત્યાં એમની સ્ત્રીને જોઇને તે ક્રોધથી પાગલ બની ગઈ, ને તેની હત્યા કરી નાખી. એ તો કાબુલી ઓરતના વેશમાં કંઇક મજાક કરવા આવી હતી, પણ ઘટના ચક્ર બીજી જ બાજુ ફરી ગયું!

મેં સરદાર સાહેબની દશાનું વર્ણન કર્યું. એ સાંભળીને એ ઘડીક વિચારમાં પડી ગઈ. પછી કહ્યું, 'નહિ, નાજિર, નહિ; એ આદમી જુઠો છે, દગાબાજ છે. હું એની સાથે નિકાહ તો કદિ નથી કરવાની; પણ તારે ખાતર હવે આગલું બધું ભુલી જઇશ. કાલે એનાં બચ્ચાંને લઇને આવજે, હું એમને પ્યાર કરીશ.'

સવારમાં તુરિયાને ઘરમાં જોઇને મારા નોકરના આશ્ચર્યનો પાર ન રહ્યો. મેં કહ્યું, 'એ તો મારી સગી બહેન છે.' પણ નોકરને ઇતબાર ન બેઠો. મેં એને વિસ્તારથી બધું સમજાવ્યું અને મારા પિતાની લાશના સમાચાર લેવા મોકલ્યો. તેણે થોડી વારે આવીને કહ્યું, 'લાશ હજી થાણામાં જ પડી છે.'

મેં મોટા ચમલદાર પર ચિઠ્ઠી લખીને બધી વાત સમજાવી અને લાશ પાછી મળવાની અરજ કરી. તરત મંજુરી મળી ગઇ. એક ચિઠ્ઠી લખીને મેજર હીમતસિંહને પણ બોલાવ્યા. તેમણે આવીને કહ્યું, 'શું છે, અસદ? આટલા વહેલા શું કામ પડ્યું?'

મેં હસીને કહ્યું, 'મેજર સાહેબ, મારૂં નામ અસદ નહિ, પણ નાજિર છે.'

કુતૂહલ અને આશ્ચર્યથી એમણે મારી સામે જોયું, 'રાતમાં પાગલ તો નથી થઇ ગયા ને?'

મેં હસવું જરી રાખ્યું, 'નહિ, સરદાર સાહેબ, હજી વધારે સાંભળો. તુરિયા મારી સગી બહેન છે. અને કાલે જેનું મેં ખુન કર્યું એ મારા બાપ હતા.'

મારી વાત સાંભળીને જાણે આકાશમાંથી ગબડી પડ્યા હોય એમ સરદાર સાહેબની આંખો કપાળે ચડી ગઇ. એમણે કહ્યું, 'અસદ, કેમ મને પણ પાગલ બનાવી દેવા ધાર્યો છે?'

મેં સરદાર સાહેબનો હાથ પકડીને કહ્યું, 'આવો, તુરિયાને મોઢે જ એ બધી વાત સંભળાવું. તુરિયા તમારી રાહ જોઇને જ બેઠી છે.'

શંકાશીલ દશામાં સરદાર મારી પાછળપાછળ આવ્યા. તુરિયા એમને આવતા જોઇને ઉભી થઈ ગઇ ને હસતીહસતી બોલી, 'કેદી, પેલું ગીત ફરી ગાઓ.' આ સાંભળીને હું અને સરદાર પણ હસી પડ્યા.

સરદાર સાહેબને બેસાડીને મેં બધી વાત માંડીને કહી. સાંભળીને સરદારે મને કહ્યું, 'નાજિર, હું તમારી પાસે તુરિયાનો હાથ માગું છું; મને આપશો?'

મેં હસીને કહ્યું, 'પણ તમે હિંદુ અને અમે તો મુસલમાન!'

સરદાર સાહેબે પણ હસીને જવાબ વાળ્યો, 'પલટન વાળાઓની કોઇ જાતભાત હોતી જ નથી.'

પણ તુરિયા ગંભીર થઇ હતી. તેણે તરત કહ્યું, 'સરદાર સાહેબ, હું તમારી સાથે નિકાહ તો નહિ કરૂં. પણ તમારા બચ્ચાં મને સોંપશો તો હું તેમની મા બનીશ.' હસતાંહસતાં સરદાર ચાલ્યા ગયા.

એ જ દિવસે સાંજીસાંજે સરદાર સાહેબ, તુરિયા અને બીજા પલટનીઓની સાથે જઇને મેં મારા બાપની લાશને દફનાવી.

સુરજ અનંતતામાં ડુબતો હતો; ધીરેધીરે અંધારૂં ઉતરતું હતું; તુરિયા અને હું અમારા અજ્ઞાજનનની કબર ઉપર ફાતિહા પઢતા હતા.

('વિશાલ ભારત' માંથી અનુવાદક : કિસનસિંહ ચાવડા)

આદર્શની ફકીર લીઓ ટ્રૉટ્સ્કી

તપ તપી કર શાન્તિની સાધના,
જગતપ્રેમબળે સહ્ય યાતના;
વિફળ હોમ કર્યા તવ ના જશે,
મનુજ ! તું ઝગશે આધકા બળે.
એકાત્મભાવને સાધી, વસુધા નિજની ગણી,
માનવી એ મહાસિદ્ધિ થશે શું ભૂતકાલની ? —સુંદરજી બેા. બેહાઇ

અવ્યવસ્થિત અને ગુંચળિયા લાંબા વાળ, બટન વિનાનું ફાટેલું પહેરણ, ધુળના ડાઘવાળા, થીગડાંવાળા જુના જોડા: એવેા એકવીસ વર્ષનેા એક જુવાન રશિયાનાં ગામડાંમાં અથાક ભટકતેા હતેા ને પેાતાને મળનારાઓના કાનમાં એક ટુકેા મંત્ર મુકતેા હતેા. તેનેા આવેા વેશ છતાં, તે સદા ઉન્નત મસ્તકે અને ટટ્ટાર છાતીએ ચાલતેા. તેની બે ઝીણી, તેાપના મેાઢાની જેમ મંડાએલી પ્રકેાપની સળગતી સગડીઓ સમી આંખેામાં એવેા પ્રભાવ હતેા કે તેને માનપૂર્વક સાંભળ્યા વિના ધ્રુટકેા જ નહિ. એનેા મંત્ર આ હતેા: 'જુવાનેા, ખેડુતેા અને કામદારેા એ જ સાચી પ્રજા છે. તમે એ ખેડુતેાનાં ઝુંપડાંમાં જાએા, એ કામદારેાની કેાટડીઓમાં પગ મુકેા અને તેમની વચ્ચે વાસ કરેા. તેમને શીખાવેા કે ઝારનું જુલમ તંત્ર એ તમારાં બધાં દુઃખેાનું મુળ છે. તેમના કાનમાં મંત્ર ફુકેા કે ઝારને ઉથલાવી નાખીને સામ્યવાદની સંસ્થાપના કરવામાં જ તમારું શ્રેય છે. જુવાનેા, મુંગામુંગા ગામડાંમાં પેસેા, ગામડિયાઓના લેાહી સાથે આટલી વાત ભિલાવી દેા.' એ જુવાન સ્વપ્નદષ્ટા સુશિક્ષિત યુવકેા અને યુવતીઓને એકઠાં કરી આટલી વાત કહેતેા. તે બેાલતેા ત્યારે જાણે પયગામ આપતેા હેાય તેવું જાદુ તેના શ્રેાતાઓ ઉપર થઇ જતું.

એ જુવાન આદર્શભક્તનું નામ ટ્રૉટ્સ્કી. બેાલ્શેવિક ત્રિમૂર્તિમાં લેનિન પછીનેા એ મહત્ત્વનેા પુરુષ; લેનિનનેા સદાનેા સાથી; નવ રશિયાનેા એ સરજનહાર. એનું પણ લેનિનની પેઠે જ ધારણ કરેલું ઉપનામ છે. તેનું ખરું નામ લીઓ ડેવીડેાવિચ બ્રૉન્સ્ટીન છે. તેનેા જન્મ ઇ. સ. ૧૮૭૯ની સાલમાં થયેા. તે જાતે રશિયન નહિ પણ યહૂદી છે. એક મેાટા શ્રીમંત જમીનદાર અને કારખાનાવાળાનેા એ છેાકરેા. પુત્રનાં લક્ષણ પારણામાંથી જ જણાય છે, તે પ્રમાણે ટ્રૉટ્સ્કી સાત વર્ષનેા હતેા ત્યારથી જ તેનું ભવિષ્ય તેનાં માબાપને સમજાઇ ચુક્યું હતું. પિતામાં શ્રીમંતાઇને કારણે જે અભિમાન, ગરીબેા પ્રત્યે બેદરકારી અને પ્રતિષ્ઠાની અસ્પૃશ્યતા હતી તે કેામળ હૃદયના તેજસ્વી લીઓને રૂચતી નહિ. તે પેાતાની શક્તિ અનુસાર તેની સામે થતેા. નવ વર્ષનેા થેા ત્યારે તેને ઓડેસાની નિશાળમાં મેાકલવામાં આવ્યેા. ત્યાં પણ આ છેાકરાએ અનેક પ્રતાપ ગજાવ્યા. ઓડેસાનેા શિક્ષણક્રમ પુરેા થયા પછી વધુ શિક્ષણ માટે નિકેાલિન્હ ગામે પેાતાના કાકાને ત્યાં આવ્યેા. કાકાનેા ભત્રીજા ઉપર તેની બુદ્ધિમત્તાને લીધે બહુ પ્રેમ હતેા. બાપનું કડવાપણું અહીં ન હેાવાથી લીઓ થેાડા જ વખતમાં એક ગુપ્તમંડળમાં પ્રવેશ્યેા. આ મંડળની આગેવાની ઍલેક્ઝાંડ્રા નામની એક તેજસ્વી કુમારી સેવાની હતી. તે કાર્લ માર્ક્સના મતની અનુયાયિની હતી પ્રથમ તેા પુષ્કળ વર્ષ સુધી લીઓનેા મત કાર્લ માર્ક્સની સાથે બધી રીતે મળતેા નહેાતેા. એક વાર તેા તેણે ભરસભામાં ઍલેક્ઝાંડ્રાનું અપમાન કર્યું હતું; પરંતુ પછીથી તે કાર્લ માર્ક્સનેા કટ્ટર અનુયાયી બન્યેા. આ બીના જ્યારે ઍલેક્ઝાંડ્રાના જાણવામાં આવી ત્યારે તે તેને બરી પણ લાગી નહિ જે ઍલેક્ઝાંડ્રાની સાથે લીઓની વાર વાર ટપાટપી થતી, તેની જ સાથે આગળ જતાં તેનું લગ્ન થયું.

બાપ સાથેના મતભેદને કારણે લીઓને થેાડા જ વખતમાં તેના જોડે અણબનાવ થયેા. પિતા એને બાડેા ઇજનેર બનાવી પેાતાના વાડીવજીફા સેાંપવા ઇચ્છતેા હતેા. પણ ટ્રૉટ્સ્કીએ અઢાર વર્ષની વયે જ, ક્રાંતિની ભાવનાઓથી રંગાઇને, નવસર્જનના ખ્યાલેાથી સળગીને, પિતાના વાડીવજીફા સંભાળી સુખી અભિજન વર્ગને બદલે જનતામાં નવા વિચારનાં વાવેતર કરવાનેા રાહ પસંદ કર્યેા. ટ્રૉટ્સ્કીએ જોતજોતામાં તેા બંડખેારેાના અગ્રણી અને વિપ્લવવાદીઓના મુખી તરીકે નામ કાઢ્યું. પિતાનું સ્વપ્ન ધુળ મળવા માંડ્યું તેનાથી એ ન

ગૂંચાયું. તેની અનેક શીશીઓ નિષ્ફળ નીવડ્યા પછી તેણે છેલ્લો પ્રયાસ કર્યો. ટ્રૉટ્સ્કીના બાપ સામે તેણે ધિક્કાર ધરી: 'નાદાન છોકરા, કાં તો તું આજથી આ અવળાં કામો છોડી દે અને કાં તો મારે ઘર છોડી જા.'

ટ્રૉટ્સ્કીએ અત્યંત શાંતિથી બીજી વાત પસંદ કરી. પિતાના આ જુલમ સામે મુંગા રોષ બતાવતો તે સીધેસીધો વિપ્લવવાદીઓની છાવણીમાં ચાલ્યો ગયો. તે ઘડીથી ટ્રૉટ્સ્કીએ તેની આ પસંદગીના પરિણામ રૂપ સાચી અને કાયમી કંગાલિયતને છૂંદણાંના ભાગ તરીકે વધાવી લીધી.

ક્રાંતિકારકોની ઝળવાળમાં પેઠા પછી ટ્રૉટ્સ્કીનું તેજ વિશેષ ચમકવા લાગ્યું. તેણે 'સાઉથ રશિયન વર્કર્સ યૂનિયન' નામની સંસ્થા સ્થાપન કરીને સમતાવાદનો કપરો રસ્તો ખુલ્લી રીતે કરવા લાગ્યો. ઝારની પોલીસ તેની પુંઠે જ હતી. તરત જ તેની ધરપકડ થઈ અને નીકોલીયની તુરંગની બે માસ માટે મહેમાનગતી કરવા જવું પડ્યું પણ આ લોકોને જેલનો ડર અઠવાડી શકે તેમ ન હતું. છુટીને તરત એ પાછો પોતાને ધંધે લાગ્યો. ફરી તેને પકડવામાં આવ્યો ને ઓડેસ્સાની ભયંકર તુરંગમાં પુરવામાં આવ્યો. ઍલેક્ઝાંડ્રાને પણ એની સાથે જ પકડવામાં આવી હતી. ૧૮૯૭માં તેનો છુટકારો થયા પછી બરાબર બે વર્ષે ઍલેક્ઝાંડ્રા અને ટ્રૉટ્સ્કીનું લગ્ન થયું. તેના બાપને આ લગ્ન પસંદ પડ્યું નહિ ને તેણે ધિક્કારીના જ્યુડિશિયલ ખાતાના દીવાનને તાર કરીને એ લગ્ન ન થવા દેવાની વિનતિ પણ કરી. પરંતુ કોઇનું કંઈ ચાલ્યું નહિ.

૧૯૦૦માં તે ફરી પકડાયો. હવે તેને સાઇબીરીયામાં હદપારી મળી. આ દેશનિકાલી દરમ્યાન ટ્રૉટ્સ્કીએ અનેક મહો વાંચ્યા અને પોતાની કલમ મજબુત કરીને ભવિષ્યના કાર્યની રૂપરેખા પણ તૈયાર કરી.

એ વખતમાં લંડનમાંથી 'ઇસ્ક્રા' (તણખો) નામનું વર્તમાનપત્ર બોલ્શેવિક મતનો પ્રચાર કરતું હતું. આ પત્ર લેનિને પોતાના પાંચ અનુયાયીઓની મદદથી ચાલુ કર્યું હતું. ટ્રૉટ્સ્કીની કાર્યકુશળતા અને કીર્તિ અત્યાર અગાઉ જ લેનિનના કાને ગઇ હતી: પરંતુ લેનિન પોતે હદપારી અને તુરંગવાસ ભોગવતો હોવાથી આ બે ભવિષ્યના અદ્વિતીય ગુરુ-શિષ્યની મુલાકાતનો યોગ હજી આવ્યો નહોતો. ટ્રૉટ્સ્કી પણ આજ સુધી લેનિનનો માનસપૂજન જ કરી રહ્યો હતો. બંને વચ્ચે મુલાકાતનો યોગ 'ઇસ્ક્રા' પત્રે આણ્યો. ક્રાંતિકારક પક્ષે લેનિનને બોલાવા સારૂ ટ્રૉટ્સ્કીને લંડન મોકલ્યો. ટ્રૉટ્સ્કી બળકટા ચાર વાગ્યે લંડન પહોંચ્યો ને સીધો લેનિનને ઘેર જઇને પોતાના નિર્ભય સ્વભાવ પ્રમાણે એટલી મોડી રાત્રે પણ જોરથી દરવાજે ખખડાવવાની શરૂઆત કરી. કોઇનો ક્રોધ કડશે એવો સંકોચ પણ તેને થયો નહિ. નાડીદા કોન્સ્ટન્ટિનોવ્હા (લેનિનની સ્ત્રી)એ દરવાજો ઉઘાડ્યો. લેનિને 'ઇસ્ક્રા' વર્તમાનપત્ર પુરતું ટ્રૉટ્સ્કીનું નામ 'પીરો' આવું રાખ્યું હતું. બંનેની પરસ્પર ભેટ થયા પછી લેનિને 'આપણો પીરો આવ્યો' એમ પોતાની સ્ત્રીને બારે આનંદથી કહ્યું. ૧૯૦૨ના ઑક્ટોબરમાં, આમ, એ બંને મળ્યા તે લેનિનના અંત સુધી આવિબક્ત રહ્યા. બંને વચ્ચે હમેશાં મતભેદના ઝગડા થતા રહ્યા: પરંતુ લેનિનના ટ્રૉટ્સ્કી પરના પ્રેમમાં કે ટ્રૉટ્સ્કીની લેનિનભક્તિમાં રતી ભૅટલો પણ કદિ ફરક પડ્યો નહિ. ટ્રૉટ્સ્કી લેનિનના મુખ્ય સેક્રેટરી તરીકે છેવટ સુધી રહ્યો. લેનિનના સેક્રેટરી ઉપરાંત તે રશિયાના ક્રાન્તિકારક સૈન્યનો મુખ્ય સેનાપતિ પણ હતો. લેનિન અને ટ્રૉટ્સ્કીએ સન ૧૯૧૭ના નવેમ્બરમાં કેરેન્સ્કીના પ્રભુખપણા નીચેની પ્રોવિઝનલ ગવર્નમેન્ટ કચલાણી નાખી બોલ્શેવિક અમલ જાહેર કર્યો.

આગળ જતાં ૧૯૨૧માં મજુર અને ખેડુતોના અજ્ઞાનને લીધે ભયંકર દુકાળ પડ્યો: તેથી લેનિને 'ન્યુ ઇકોનોમિક પોલિસી' રાજ્યમાં શરૂ કરી. લેનિન ને ટ્રૉટ્સ્કી વચ્ચે આથી મોટો મતભેદ આ ઠેકાણે જ થયો. ટ્રૉટ્સ્કી જબરો આદર્શવાદી છે. તે કહેતો કે સમાજવાદના જુના સિદ્ધાંતો અને જુની પૉલિસીમાં ફેરફાર કરવો નહિ. ત્યારે લેનિન કહેતો કે લોકોની સમજદને ખાતર તે કરવો જોઇએ. આ વિરોધ ઠેઠ સુધી ચાલ્યો. લેનિન જતાં સુધી તો ટ્રૉટ્સ્કીએ પોતાના વર્તનમાં જરા ય ફેર કર્યો નહિ ને પોતાના ગુરુની આજ્ઞા આસ્તરણ: પાળી. લેનિન ૧૯૨૪માં મરણ પામ્યો. મરતાં પહેલાં ટ્રૉટ્સ્કીનો વિરોધ જોઇને તેનું પરિણામ શું આવશે એ તેને સમજાઇ ચુક્યું હતું: તેથી પોતાની પાછળ બોલ્શેવિક અધિકારનાં સત્વો આને આપવાની પોતાના જીવન મુખ્ય ભાગીદાર સ્ટૅલિનને ભલામણ કરી. આવું તેણે જાહેર કર્યું પણ આથી કંઈ

ટ્રૉટ્સ્કી કબરનો તેનો પ્રેમ છેવટ સુધી લેશમાત્ર કમી થયો નહિ.

ટ્રૉટ્સ્કીના સ્વભાવમાં થોડા વિરોધી અને પુષ્કળ સારા ગુણોનું મિશ્રણ થએલું છે. તે જેટલો ચંચળ તેટલો જ કરારી છે. તેની ચંચળતાને લીધે લેનિન વિનોદથી તેને 'ટ્યુશિન વૉરિયર' કહેતો. પરાક્રમ, શિસ્ત, કલાકૌશલ્યની અભિરુચી, મનનું મોકળાપણું, સાહસ, સ્પષ્ટવક્તાપણું, અપ્રતિમ બુદ્ધિમત્તા અને વક્તૃત્વ, મજબુત અને કસાએલું શરીર, દેખાવડી અને તેજસ્વી મુદ્રા, આજન્મ સેનાપતિ અને આગેવાન, આવા અનેક ઉત્તમ ગુણ તેનામાં છે. તેને ચાહનારા તો કહે છે કે તે રશિયાનો નેપોલિયન છે અને થોડા જ વખતમાં આખા જગતને પોતાના પરાક્રમથી છતશે એવી અમને ખાત્રી છે. તે ઉત્તમ સેનાપતિ હોવાથી તેણે રશિયન સૈન્યની વ્યવસ્થા એટલી ઉત્તમ ને એવી સરસ રીતની કરી નાખી છે કે આજ રશિયન સૈન્યનું એક ઉત્કૃષ્ટ નમુનારૂપ થઇ પડ્યું છે.

લેનિન તેની બાબતમાં કહેતો કે 'તે ચંચળ છે, પણ તેની તત્ત્વનિષ્ઠા અઢળ છે ને તેનામાં દેશસેવા સિવાય બીજું વિચાર પણ આવતો નથી.' લોકોને ટ્રૉટ્સ્કો સંબંધે બહુ માન હતું ને તેઓ તેને પ્રેમપૂર્વક 'લેનિન્સ ઇગ સ્વિચ' આવા માહત્કર્ષક નામથી બોલાવતા; પણ તેની તત્ત્વનિષ્ઠા બહુ કડક હોવાથી લેનિનના મૃત્યુ પછી સ્ટેલિનના સ્વાર્થાંધતા સામે તેનું ટકી શક્યો નહિ ને તેને હદપાર થવું પડ્યું. આજ તો એવી કરુણ સ્થિતિ તેની છે કે યુરોપના એક પછી એક રાજ્યમાં તે ફરે છે, પણ કોઈ તેને પોતાને ત્યાં સ્થિર થવા દેતું નથી! ક્યાં, એ આદર્શવાદી પોતાના સિદ્ધાંતથી લેશમાત્ર ચળ્યો નથી.

(સંકલિત)

અજ્ઞાન સામે જુંબેશ

યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા)ના કેળવણીની માહીતી પરાવનારા ખાતાએ પોતાની તપાસને અંતે જણાવ્યું છે કે હજી પૃથ્વીનાં ફક્ત અરધોઅરધ માણસો જ લખી વાંચી જાણે છે. વાશિંગ્ટનની 'અજ્ઞાન વિદારક સમિતિ'નાં ડિરેક્ટર બાઇ કોરા વિલ્સન (Mrs. Cora Wilson Stewart, Director, National Illiteracy Crusade, Washington, D.C.) જણાવે છે કે 'બાકીનાં અરધાં માનવીઓ નિરક્ષરતાના અંધકારમાં હયાતિયાં ગારી રહ્યાં છે. તેઓ કોઇ પુસ્તક યા તો કોઇ સમાચાર અથવા આરોગ્યપત્રિકા કે કુપયોગી સૂચના પણ વાંચી જાણતાં નથી; કોઇ પ્રિયજનને કે મિત્રને પત્ર સરખો યે લખી શકતાં નથી.'

આ તો અરેરાટા ઊપજાવે એવી દુનિયાની વાત થઇ. પણ હિંદુસ્તાનમાં જેમાંથી પાંચ જ ટકા ભણેલા છે તેની શી વાત? હિંદુસ્તાનભરનાં નામદારમાં, અસંખ્ય વરસની આ યુગના જ્ઞાનના અજવાળાથી વંચિત અંધકારમય જીવન ગાળી રહી છે; અજ્ઞાનને લીધે રૂઢિના ખોટા ચકેચામાં રગદોડે છે; વહેમ અને અંધશ્રદ્ધા ભરી રહી છે. તેને અંધકાર દ્વારા પ્રકાશ તરફ ચાલવાનો ધર્મ શિક્ષિત જનો ક્યારે સમજશે?

એ જ બાઈ લખે છે: 'અજ્ઞાન માણસ કોઇ જ કાર્યમાં સાહસકાર આપી શકતું નથી. સમાજ અને દેશની પરિસ્થિતિ જોડે તેને કશી લેવાદેવા જ હોય નહિ એવી બેદરકારીથી તે જીવે છે, એટલું જ નહિ પણ ઘણીવાર તેમાં અંતરાયરૂપ થાય છે. અજ્ઞાન શી રીતે સહાયકારક થતું નથી તેનો દાખલો ગયા મહાયુદ્ધ વખતે યુનાઇટેડ સ્ટેટ્સમાં ખાવાના પદાર્થો અને બળતણના વપરાશનું માપ સાચવવાની પ્રતિજ્ઞા સરકારી ખાતું કરાવતું હતું તે વખતે બન્યો છે. જે પ્રાંતોમાં નિરક્ષરતાનું પ્રમાણ ઓછું હતું ત્યાંના લગભગ તમામ લોકોએ એ પ્રતિજ્ઞાપત્રો પર સહી કરી આપી હતી. પણ જે પ્રાંતોમાં મબ્બ નિરક્ષર હતી ત્યાંથી બહુ જ થોડાં પ્રતિજ્ઞાપત્રો સહી થઇને મળ્યાં. પોતાનો દેશ લડાઇમાં કુતરો ભાટે ખોરાક અને બળતણ બચાવવાની જરૂર છે એ વાત તેમને સમજાઈ નહોતી. પણ આના કરતાં વધુ હૃદયદ્રાવક સ્થિતિ તો ૧૯૧૮માં ઇન્ફ્લુએન્ઝાને લીધે નિરક્ષર વર્ગનાં મરણપ્રમાણથી થઇ હતી.. લોકોની અણસમજ અને અનારોગ્ય ટેવો સામે ડૉક્ટરો અને નર્સો પણ લાચાર બની ગયા હતાં.

૧૯૧૧ના સપ્ટેમ્બરમાં ઉંન્ટુન્ડ્રાના એક પ્રાંતમાંથી આ નિરક્ષરતા નાબુદ કરવાની હીલચાલ પ્રથમ ઉભી થઇ. તે પછી આજે તો એ પ્રવૃત્તિ દેશવ્યાપી અને જગવ્યાપી થઈ છે. કેટલાક દેશોમાં સરકાર એ કામ કરે છે; પણ ઘણાખરા દેશોમાં સ્વદેશપ્રેમી સંસ્થાઓ કામ કરે છે. મોટી સભાઓ, પરિષદો, પ્રચારચિત્રો, ભાષણોના પ્રવાસો અને વર્તમાનપત્રોના લેખો દ્વારા કેળવાએલા લોકોને, પોતાનાં અભણ ભાઇબહેનો તરફની ફરજનું ભાન કરાવવામાં આવે છે. કેળવાએલા લોકો અભણ માણસોને શોધી કાઢે છે, તેમને નિશાળે જવા સમજાવે છે. સ્વયંસેવકશિક્ષકો તરીકે કામ કરી નિશાળો, દેવળો, જેલો ને સભાસ્થાનોમાં રાત્રિશાળાઓ ચલાવે છે, મોટાંઓને આકર્ષક થાય તેવાં પાઠ્યપુસ્તકો બહાર પાડે છે, એટલું જ નહિ પણ જેઓ નિશાળે ન આવે તેમને ઘેર જઇને શીખવવા જાય છે!

નિરક્ષર માણસને આપણે કેવી રીતે શીખવવાની શરૂઆત કરી શકીએ? પહેલાં તો તેને પોતાનું નામ લખતાં શીખવીએ. બીજી કોઈપણ વસ્તુની નકલ તેના નામ જેટલું ઝેણાણ નહિ કરે. એટલું આવડશે એટલે તે જ તેને મુખ્ય પ્રેરણા આપી રહેશે. આ શીખવવાની સહેલી અને આકર્ષક રીત એ છે કે બ્લૅકિંગ પેપર કપર કોઇપણ આણીવાળી વસ્તુથી નામ કતારવું. તેગ કર્યાથી હળના ચાસની માફક નાના ઉંડા આંકામાં લખી શકાશે. શરૂઆત કરવા માટે બારેક આવી નકલો બસ છે. આ આંકામાં વિદ્યાર્થી પેન્સિલ ફેરવે છે. એક નકલ ચાપરી રહ્યા પછી તે બીજી લે છે. આથી તે તેનું રૂપ ઝડપથી મરણ કરી શકે છે. થોડા જ વખતમાં

(અનુસંધાન પાછળ પાન ૨૮૧ મે)

નાજો વાઘરી

નાજો વાઘરી તાડના ત્રીજા ભાગ જેટલો ઉંચો. ડીલે પાતળો ને વાને કાળો. નાજો ચોરણો પહેરે, કેડિયું પહેરે ને માથે આંટાળી પાઘડી મુકે. પણ નાજાની ચોરણી એટલે હવા ખાવાનો બંગલો. જેટલાં કાણાં એટલા લીરા. ને નાજાનું કેડિયું બાપના બાપદાદા વારીનું. એમ કહેવાય કે નાજે ડીલ ઉપર પહેર્યું છે. એટલું જ! ને માથે મોળિયું એટલે ચીંથરાનો સુંડલો. એકવાર ચીંથો એટલે ફરીવાર મેળ જ ન બાય ને!

નાજો સાંજ પડે ને દાતણની ભારી કાંખમાં નાખી મારકાટે બેસે ને ઝીણે સાદે બોલતો જાયઃ 'એ . . . પૈસાની બે સોટી, પૈસાની બે સોટી'. ગિજુભાઇ પૈસો કાઢે ને નાજા ઉપર ફેંકે, 'ચાલ કાઢ જોઉં, બે સરસ મજાની સોટી'. ચંપકભાઇ બે પાઈ કાઢે ને કહેશે 'એલા નાજા આજે તો બે પાઇ નીકળી. લે લાવ બે સોટી'. ત્યાં નાજો કહેશેઃ 'એ બાપુ, . . .' પણ ત્યાં તો ચંપકભાઈ બે સોટી લઇ હાલતા થાય ને નાજો કચવાય.

સાંજ પડી જાય, દાતણ વેચાઇ જાય ને નાજો-નાજી વાઘરીવાડે જાય. નાજીને કાંખે છોકરું, માથે દાણાનું પોટલું ને હાથમાં બે પૈસાના મુળા; નાજાને હાથમાં લાકડી, મોઢામાં બીડી ને ખંભે ખેસિયું; એમ નાજો-નાજી વાતો કરતાં વધ્યાં જાય.

કુબામાં ખાટલી હોય, તેમાં નાજો 'હાશ' કરીને બેસે ને બીજી બીડી સળગાવે. નાજી છોકરાને ઝોળીમાં નાખે, માટલીમાંથી લોટ કાઢે, કથરોટમાં બે રોટલા ઘડે ને ડુંગળી વઘારે.

નાજો ને નાજી જમવા બેસે. કથરોટમાં રોટલા ને તાંસળીમાં શાક. સામસામાં બેઠાં બેઠાં વાતો કરતાં જાય અને બટકે શાક ચડાવી રોટલા ટપકાવતાં જાય.

નાજો કહેશેઃ 'ઓલ્યા ગોપાળજી દાદા મળ્યા હતા તે કહેતા હતા કે બે દિ'થી કોઇ દાતણ નાખા નથી ગયું.' નાજી કહેશેઃ "તે હું ત્યાં નથ્થ જવાની. દાદો 'આ દાતણ લીલું ને આ દાતણ સુકું' કરીકરીને દાતણ લેતાં બધોર કરે છે."

નાજો-નાજી જમી ઉઠે. આણી કોર નાજીની ખાટલી અને ઓણી કોર નાજાની ખાટલી. વચ્ચે ગગાનું ઘોડિયું. નાજી કહેઃ 'જરાક હીચકાવો ને!'

નાજો કહેઃ 'આજ તો આવળા સોરીસોરીને થાકી ગયો છું. હમણાં તો કયાય આંખે જાયું પડે છે. નદીકાંઠે તો દાતણ પાડવાની સાંબે બંધી કરી છે.'

નાજી અરધા સ્વપ્નામા બોલેઃ 'હવે ભા, હવે દાતણ લેવાં હોય તો હવે નીતર પડયું રહ્યું. તમે તો લપ કરતા મટયા નહિ.'

ચાર વાગ્યા. નાજીએ ઘંટી ધરાઇ ને નાજીએ ખાટલીમાં પડખું ફેરવ્યું. જરા એક ઝોકું લઇ લ્યે છે.

નાજીએ રોટલા ટીપવા માંડયા. નાજો દાતણ પાણી કરી ઝીરાવવા બેઠો. આજે શાક કયાંથી?

બે પાનાં

અત્યારે તો ડુંગળી ને રોટલો. ને ઘી કોના ઘરનું હોય? ઉનોઉનો રોટલો ને ડુંગળીમાં જ ઘી ને મુરબ્બા ને અથાણાં ને રાયતા ને પાપડ ને બધું નાજાના સવારના નાસ્તામાં આવી ગયું!

નાજો ચોરણે હાથ લુછી ઉભો થાય ને નાજીને કહીને ચાલતો થાય: 'જો, આજે રામજીભાઇને ત્યાં લગન છે તે માંડવે બે ઝુડી દાતણ નાખી આવજે. સાંજે પીરસણું લેવા જવું છે. ભલાં આજે ગળ્યાં મોઢાં થાશે.'

નાજો દાતરડું લઈ સીમમાં જાય ને નાજી દીકરાને ધવડાવવા બેસે. નાજી ધવડાવતી જાય ને દીકરાની સામે જોતી જાય. મનમાં કહેતી જાય: 'છે કાંઈ એના બાપ જેવો રૂડો રૂપાળો! ને થાશે એના બાપથી સવાયો. ઘણાં દાતણ વેચજે ને સો વરસનો થાજે.'

સાંજે નાજોનાજી પીરસાણું લેવા જાય.

'કોણ છ?'

'છ હું, તમારો વાઘરી નાજો.'

'તે નાજીએ દાતણ તો ભુંડાં ભુખ જેવાં નાખ્યાં, જુદાં લાકડાં જેવાં; ને આ આવી ઉભા રહ્યા પીરસાણું લેવા. ખમો અહિંયાં ધાડ નથી આવી.'

ભીંતને કરે નાજો-નાજી બેસે ને ઉકરડા ઉપર ધાનનાં પાટિયાં રાખે.

નાજો કહેશે: 'આ મગલો તો સુઇ ગયો. કાલ સવારે લાડવો ખવાડશું.'

નાજી કહેશે: 'જોને આ બ્રાહ્મણ રાતના બાર વાગ્યે ય સુટકો નો કરે.'

નાજી સાદ લંબાવે, 'એ...રઘા દાદા...આ તમારાં વાઘરી હજી બેઠાં છે.'

રઘા દાદા કહેશે: 'એ જગુડા, હવે આ વાઘરાંને ખાજ્ય! આપ કટકોળકટકો. જે ઓલ્યા ઓહાના લાડવામાંથી; ને ઓલી ઓઢી દાળ ભેગી કરી છે ઈ આપજે.'

જીવન કહેશે: 'દાદા, એટલું અપાય?'

દાદા કહેશે: 'હવે રાખ્ય, દોઢડાહ્યો થા મા; ખબર છે બહુ ભણ્યો છે તે. ઇ વાઘરાંને મોઢે બીજું શું હોય?'

નાજો-નાજી પીરસાણું લઇ ઘેર જાય.

(દ. મૂ. દૈનિક)

દાદાનું ગામ

નીચા ટેકાવ ને ઉંચ-ઉંચી ધાર જ્યાં,
વચ્ચે ઉભું એ સુંદર પ્રશાંત :
એ જ છે દાદાનું નાનકડું ગામ.

વીંધી વનરાઈ ને સુરજ ડૂબે જ્યે,
નદીતીર પનિહારી મોતીની હાર :
એ જ છે દાદાનું નાનકડું ગામ.

હરિયાળાં ખેતરાં ને રઢિયાળા ટેકરા,
ગાયોનાં ધણ ચારે ગાતા ગોવાળ :
એ જ છે દાદાનું નાનકડું ગામ.

ઘેઘૂર વડલામાં ગળકે જ્યાં મોરલા,
ટહુકતી કોકિલા આંબાની ડાળ :
એ જ છે દાદાનું નાનકડું ગામ.

સંધ્યાનાં કુમળાં અંધારાં ઉતર્યે
વળતાં સૌ લોક ઘેર મહેનતુ તમામ :
એ જ છે દાદાનું નાનકડું ગામ.

ભલાં ને ભોળાં એ ગામડિયાં સંતોષી,
અનાદ્યાંને દે શાં આનંદ આરામ:
એ જ છે દાદાનું નાનકડું ગામ.

નાનું પણ વ્હાલીડું દાદાનું ગામ
અમર તથો ગારૂ દાદાનું ગામ.

ચુ. ડા. પાટડિયા

ડેરિયન લોકોએ ઍથેન્સ પર ચડાઇ કરી ત્યારે ઍથેન્સવાસીઓએ ભવિષ્યવેત્તાને પુછયું કે 'શું કરવાથી અમારી જીત થાય?' જવાબ મળ્યો કે તમારો રાન્ત ફોડસ મરશે તો જ તમે જીતશો. ફોડસને કાને આ વાત આવતાં તે ચુપકીદીથી સાધારણ સિપાહીને વેશે દુશ્મનની છાવણીમાં ગયો ને ત્યાં કજિયાઈ બતાવવા માંડી. ઝપાઝપી શરૂ થઇ ને દુશ્મનોએ તેને મારી નાખ્યો. ફોડસને પોતાના પ્રાણ કરતાં દેશ વધુ પ્રિય હતો.

આપણાં આંસુમા ૯૮૪ ભાગ પાણી અને માત્ર ૧૬ જ ભાગ મીઠું હોય છે. રડવાનું કારણ ગમે તે હોય પણ મીઠાનું પ્રમાણ તો એકસરખું જ રહે છે!

એક ડાહ્યો—એની એક આંખ બીજી કરતાં સહેજ નાની છે.

બીને નંગ—લ્યો રાખો! તમને ખબર જ નથી લાગતી! એની એક આખ બીજી કરતાં મોટી છે!

ચાર આંકડાની કોઇ પણ રકમ લો. એમાંથી છેલ્લો (એકમનો) આંકડો પહેલા (હજારના) આંકડામાંથી ઓછો હોવો જોઇએ. પછી લીધેલી રકમના એકમ અને હજારના આંકડાને ઉલટાવો. (વચમાના બે આંકડા અગર જ રાખવા) ને તેમ કરવાથી જે રકમ આવે તે મૂળ રકમમાંથી બાદ કરો. વધેલા આંકડાની રકમમા, અગાઉની પેઠે તેના જ એકમ ને હજારના આંકડા ઉલટાવીને ઉમેરી દો. જવાબ નીચેમાં ૧૦૮૯૯ જ આવશે:

૬૨૪૧	૨૬૯૩	૪૩૭૧
૧૨૪૬	૩૬૯૮	૧૩૭૪
૩૯૯૬	૪૯૯૧	૨૯૯૭
૬૯૯૩	૧૯૯૪	૫૯૯૨
૧૦૮૯૯	૧૦૮૯૯	૧૦૮૯૯

ઘડીની ચાલવાની ગતિના પ્રમાણમા માણસ પોતાની ચાલવાની ગતિ રાખે તો કલાકના ૮૦૦ માઇલ ચાલી શકાય એવો અંદાજ નીકળ્યો છે!



કાગળ કાપીને બનાવેલી આકૃતિ

પેટી પૅક કરતી વખતે દરેક બીલા નીચે લાકડાની પાતળી ચીપ અથવા જાડા પુંઠાનો નાનો કટકો મુકવો. પેટી ખોલતી વખતે તે કટકો તોડી નાખવાથી બીલો ખેંચી કાઢવા માટે પકડ પુરતી જગ્યા થઇ રહેશે ને પેટીનું લાકડું ફાટવા કે બગડવા વિના બીલો ખેંચી શકશે.

બ્રીઓના કાચ તથા અરીસા સાફ કરવા મેથીલેટેડ સ્પિરિટ ઘસી નાખવે.

સરકારી ભાષાશાસ્ત્રી સર જ્યોર્જ ગ્રીઅર્સન ૧૭૯ ભાષાઓ ને ૫૫૪ ઉપભાષાઓ જાણતા હોવાનું કહેવાય છે.

શું ખાશો ?

કારતકે સીતાફળ, માગશરે શેરડી, પોષમાં જમફળ, મહામાં બોર, ફાગણે ધાણીચણા, ચૈત્રમાં રાયણ, વૈશાખમાં કેરી, જેઠમાં જાંબુ, અષાડે બોર, શ્રાવણે પોંક, ભાદરવે શાક, આસોમા મીઠાઈ.

રેલવેપુરસી પર પડેલા શાદીના ડાઘ લીંબુની ચીરમાં મીઠાની ભૂકી ભરી ઘસવાથી નીકળી જશે.

જુના વખતમાં ક્લોરોફૉર્મની શોધ નહોતી થઇ તે વખતે ઇજિપ્તના હિકમતણાજ શસ્ત્રવૈદ્યો દરદીના માથામાં ઑકસ ગ્રથે એક હથોડો ફટકો મારતા, જેથી દરદી અમુક મુદત સુધી બેભાન રહેતો. દરમ્યાન તે વાઢકાપ કરી લેતા.

પીપરની સુકી છાલને સળગાવી તેને અરધી સળગેલી અવસ્થામાં પાણીમાં બોળી ઠારી નાખવી. એ પાણીને ગાળીને પી જવાથી તે ઉલટીને બંધ કરે છે.

ઘણીવાર સાંકડા મોંની બાટલીમાં મોટાં ઇંડાં ઉતારેલાં આપણે જોઇએ છીએ. કહે છે કે ઇંડાને થોડા દિવસ સુરકામાં રાખી મુકવાથી બાટલીમા એમ ઉતારી શકાય એવાં થઇ જાય છે.



'ગોતરવાનું સફેલ' કરવાની જાપાની રીત:
ચિત્રનાં પગલાંઓ ને માપ બરોબર પકડવાને વર્તુલો, ખૂણા અને સીધી લીટીઓની મદદ લેવડાવાની આ રીત ચિત્ર દોરનારોને ઉપયોગી લાગશે જ